સૌથી સારી,

અને

સૌથી સસ્તી,

મુંબઈ ઇલાકાની ભૂગોળ વિદ્યા.

ગુજરાતનો ઇતિહાસ, ગુજરાતી ચોથી ચોપડીના અર્થ, કવિતાની સમજુતી, અનુલેખન, દેશીહિસાબની કુંચીઓ, દેશી કોષ્ટક અને વ્યાકરણ સાથે.

પ્રસિદ્ધ કરનાર

પુરૂષોત્તમ કાહાનજી ગાંધી.

જુનાગઢ. કાઠિયાવાડ.

"કાપીરાઈટ" લીધોછે. આવૃત્તિ બારમી.

Ahmedabad "UNION" Printing Press.

સંવત ૧૯૫૪ અને ૧૮૯૮નો જુલાઈ.

કિંમત ચાર આના.

૫૫૧૯

પુરૂષોત્તમ કાહાનજી ગાંધી કૃત

મુંબઈ ઇલાકાની ભૂગોળ વિદ્યા.

ભૂગોળ એટલે પૃથ્વીનો ગોળો. **ભૂગોળ વિદ્યા** એટલે પૃથ્વીના ગોળાની હકીકત. પૃથ્વી ઘણી મોટી છે. પૃથ્વીના મોટા ભાગને **ખંડ** કહેછે. ખંડના મોટા ભાગને **દેશ** કહેછે. દેશના મોટા ભાગને **પ્રાંત** અથવા **ઇલાકો** કહેછે. નકશો જોવાથી જણાશે કે કાઠિયાવાડ ઇલાકો જેમ ગૂજરાત પ્રાંતનો ભાગ છે; તેમ ગૂજરાત પ્રાંત મુંબઈ ઇલાકાનો એક ભાગ છે; મુંબઈ ઇલાકો **હિંદુસ્તાન દેશનો** એક ભાગ છે, અને હિંદુસ્તાન દેશ એ **એશિયાખંડનો** એક ભાગ છે.

મુંબઈ ઇલાકો—હિંદુસ્તાન દેશની પશ્ચિમ દિશાએ અરબી સમુદ્રને કાંઠે આવેલોછે. તેની લંબાઈ ૧૦૫૦ માઇલ છે. ક્ષેત્રફળ આશરે એક લાખ ચોરસ માઇલ, અને વસ્તી આશરે અઢી કરોડ માણસની છે.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન તથા બાવલપુર સંસ્થાન, પૂર્વે રજપૂતસ્થાન, માળવા, મધ્યપ્રાંતો, નિજામનું રાજ્ય અને મદ્રાસ ઇલાકો, દક્ષિણે મહીસૂર પ્રાંત, અને પશ્ચિમે બલુચિસ્તાન તથા અરબી સમુદ્ર છે.

ભાગ—૧. સિંધ. ૨. કચ્છ. ૩. ગૂજરાત. ૪. મહારાષ્ટ્ર, એમાં દક્ષિણ તથા કોકણ એ બે છે. ૫. દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

મોટા પર્વત—૧. સહ્યાદ્રિ અથવા પશ્ચિમઘાટ, ૨. સાતપૂડા, ૩. ગિરનાર, ૪. પાવાગઢ, ૫. હાલા, ૬. પબ અને ૭. ચાંદવડ વગેરે.

રાજધાની—**મુંબઈ**, એમાં આ ઇલાકાનો ગવરનર રહેછે.

(૧) સિંધ પ્રાંત.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન અને પંજાબ, પૂર્વે જેસલમીરનું રણ ને રજપૂતસ્થાનના દેશી રાજ્યો, દક્ષિણે કચ્છનું રણ અને અરબી સમુદ્ર, તથા પશ્ચિમે હાલા ને સુલેમાનના પહાડ છે.

આ પ્રાંતમાં **સિંધુ** નદી આવેલીછે તેથી આ પ્રાંતનું નામ **સિંધપ્રાંત** પડ્યુંછે. એના રહેવાશી **સિંધી** કહેવાયછે, તથા ત્યાં **સિંધી** અને **બલુચી** ભાષા બોલાયછે. એના નીચે પ્રમાણે છ ભાગ છે.

ભાગ.	મુખ્ય શેહેર.
૧. સિંધનો ઉપલો સરહદનો મૂલક	જેકબાબાદ.
૨. શિકારપુર જીલ્લો	શિકારપુર.
૩. હૈદરાબાદ જીલ્લો	હૈદરાબાદ.
૪. કરાંચી જીલ્લો	કરાંચી.
૫. થરપારકર જીલ્લો	ઉમરકોટ.
૬. ખૈરપુર સંસ્થાન (દેશીરાજ્ય.)	ખૈરપુર.

સિંધુ નદી, એ હિમાલય પર્વતમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે;એના ઉપર શિકારપુર, સક્કર, બક્કર, લારખાના, સેવાન, હૈદરાબાદ, કોત્રી, મિઆણી, ઠઠ્ઠા અને કરાંચી છે.

પર્વત—હાબ અને હાલા. **સરોવર**—મંચર (સેવાન પાસે છે) તે ખારૂં છે.

બંદર—કરાંચી, કેટી અને શાહબંદર. **રણ**—થરપારકર.

મોટાં શેહેર—**કરાંચી**, એ આ ઇલાકાનું ઘણું સારૂં ને મોટું બંદર છે, વેપાર ઘણો ચાલેછે, એમાં માટીનાં વાસણ, કામળાને સુતરાઉ કાપડ થાયછે. ૨. **હૈદરાબાદ**, એમાં સોનેરી ભરતનું કામ, શેતરંજી અને ચામડાની વસ્તુઓ સારી બનેછે;એ સિવાય જેકબાબાદ, શિકારપુર,

ઉમરકોટ, ખેરપુર, સક્કર, બક્કર, હાલા, લારખાના, કોત્રી, શાહબંદર, મીઆણી, નગરપારકર અને ઠઠ્ઠા વગેરે છે.

મુખ્ય રેલવે સ્ટેશન—કરાંચી, કોત્રી, લારખાના અને શિકારપુર.

વિશેષ હકીકત—સિંધુ નદી એ આખા ઇલાકામાં સૌથી મોટી છે. ઉમરકોટમાં ઇ. સ. ૧૫૪૩ માં હિંદુસ્તાનનો પ્રખ્યાત અકબર બાદશાહ જન્મ્યો હતો. ખેરપૂર, એ દેશી રાજ્ય છે, ત્યાંના રાજા અમીર કહેવાયછે હિંગળાદ એ જાત્રાનું ઠેકાણું છે. સિંધ પ્રાંતમાં વરસાદ બહુ થોડો વરસેછે, તેથી સિંધુ નદીમાંથી નેહેરો ખોદી ઘણે ઠેકાણે પાણી લેઇ જાયછે. સિંધુ નદીનું બીજું નામ અટક છે. સિંધના સર્વથી ઉપરી અમલદારને કમિશનર કહેછે. એ પ્રાંતમાં પોણા ભાગ કરતાં પણ વધારે મુસલમાન લોક વસેછે. કાંપનો ભાગ ઘણો રસાળ છે ચામડાની વસ્તુઓ, માટીનાં વાસણ, ધાબળી અને શેતરંજીઓ સારી થાયછે. કરાચી બંદર એ સૌથી મોટું શહેર છે તેમાં ૧૦૫૧૯૯ માણસની વસ્તી છે, તેનું બીજું નામ દેવળગામ છે. નગરપારકરમાં ની ઘાસ ચાલછે.

૧   ૨. કચ્છ પ્રાંત.

સીમા—ઉત્તરે અને પૂર્વે રણ, દક્ષિણે કચ્છનું અખાત, અને પશ્ચિમે અરબીસમુદ્ર. **પરગણાં** ૧૬ છે તેનાં નામ—**પાવર. મીઆણી, અંજી, પચ્છમ, ખડીર, પ્રાંથલ, વાગડ, ગુર્જરચોવીશી, ભૂવડ ચોવીશી, હાલા ચોવીશી, કાંઠી, મોડાસા, અબડાસા, કંડ, ગરડો અને ભાક.** એ સોળ પરગણાંના આઠ કસબા કરેલાછે.

રાજધાની—ભૂજ. **બંદર—માંડવી,** મુંદ્રા, લખપત, જખો ને તૂણા.

પર્વત—કાળો, નનામો અને ધીણોધાર.

નદીઓ—એમાં જાણવા લાયક મોટી નદી નથી, પણ ના-

ગમથી, રૂકમાવતી, અને **ખારી** નામના વેહેળા છે, તેમાં બારે માસ પાણી રહેછે.

મુખ્ય શેહેર અને ગામ—ભૂજ, એમાં ભરતનું તથા સોના રૂપાનું કામ બહુ વખાણવાલાયક થાયછે. કચ્છનો પોલિટિકલ એજંટ અહીં રહેછે. પ્રાગમલમહેલ જોવાલાયક છે. **માંડવી** એ કચ્છમાં સૌથી વધારે વસ્તીવાળું ને વેપારમાં પહેલા નંબરનું બંદર છે, તેમજ તે હવા ખાવાનું ઠેકાણું છે; એ સિવાય અંજાર, મુંદ્રા, લખપત, જખૌ, તૂણા, બેલા, રાપર, આધોઇ, લાકડીઆ, ભચાઉ, નળીઆ, કોઠારા, તેરા, સુમરીરોહા, ગરડો, કેરા, કંથકોટ, નખત્રાણા અને માતાજીનો મઢ વગેરે ગામ છે.

કચ્છ સિવાય રાવના તાબામાં ઓખામંડળમાં કચ્છીગઢ છે.

વિશેષ હકીકત—કચ્છના રાજાને રાવ કહેછે. **નારાયણસર, કોટેશ્વર** અને **માતાજીનો મઢ** એ જાત્રાનાં ઠેકાણાં છે. આ પ્રાંતના ઘોડા અને બળદ વખણાય છે. **અંજારમાં** ચપ્પુ સારા થાયછે. **ભૂજ**માં લશ્કરી છાવણી અને સૂતરાઉ તથા રેશમી કાપડ વણવાનાં કારખાનાં છે. **માતાજીના મઢમાં** ફટકડી અને સુરોખાર જડેછે. કચ્છની **ભાષા** કચ્છી અને ગૂજરાતી છે.

૩. ગૂજરાત પ્રાંત.

સીમા—ઉત્તરે કચ્છનું રણ ને શિરોઇ, પૂર્વે માળવા, ખાનદેશ અને સાતપૂડો પર્વત, દક્ષિણે થાણા જીલ્લો ને અરબી સમુદ્ર, તથા પશ્ચિમે કચ્છનું અખાત ને અરબી સમુદ્ર છે.

રાજધાની—અસલની રાજધાની—દ્વારકાં, વલ્લભીપુર, પંચાસર, પાટણ, અમદાવાદ અને વડોદરા, એ અનુક્રમે હતી.

રહેવાશી તથા ભાષા—ગૂજરાતી કહેવાયછે. **મોટાં શેહેર—**

૧. અમદાવાદ, ૨. વડોદરા, ૩. સુરત અને ૪. ભાવનગર.

અખાત—૧. કચ્છનું, ૨. ખંભાતનું. ફિરંગીના તાલુકા—દીવ ને દમણ. હબશીનો તાલુકો—જાફરાબાદ. દ્વીપકલ્પ—કાઠિયાવાડ.

ભાગ.	મુખ્ય શેહેર.
૧. સુરત જીલ્લો	સુરત.
૨. ભરૂચ જીલ્લો	ભરૂચ.
૩. ખેડા જીલ્લો	ખેડા.
૪. પંચમહાલ જીલ્લો	ગોધરા અને દાહોદ.
૫. અમદાવાદ જીલ્લો	અમદાવાદ.
૬. કાઠિયાવાડ એજન્સિ	રાજકોટ.
૭ પાલણપુર એજન્સિ	પાલણપુર અને ડીસા.
૮. મહીકાંઠા એજન્સિ	સાદરા અને ઇડર.
૯. રેવાકાંઠા એજન્સિ	નાંદોદ, બારીયા ને લુણાવાડા.
૧૦ ગાયકવાડનો મુલક	વડોદરા.
૧૧. ખંભાત સંસ્થાન	ખંભાત.
૧૨. પંચમહાલ એજન્સિ	નારૂકોટ.
૧૩. સુરત એજન્સિ	વાંસદા, ધરમપુર ને સચીન.

(૧) સુરત જીલ્લો.

તાલુકા આઠ છે તેનાં નામ—પારડી, વલસાડ, ચીખલી, જલાલપોર, બારડોલી, માંડવી, ચોર્યાશી, અને ઓરપાડ.

નદીઓ—તાપી, કીમ, પૂર્ણા, અંબિકા, દમણગંગા, મીંઢોળા, ઓરંગા, પાર અને કોલક.

ડુંગર—પારનેરા અને ડુંગારની ટેકરી. હવા ખાવાની જગો—૧. ડુમસ (સુરત પાસે) અને ૨. તીથલ (વલસાડ પાસે.) જાત્રા-

નાં ઠેકાણાં—ઉકરવાડા, કુંતા ને બોધાન. **બંદર**—સુરત, વલસાડ.

૧. તાપી—એ સાતપૂડા પર્વતમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે; એનાપર બુરાનપુર, બોધાન, માંડવી, સુરત અને રાંદેર છે.

૨. **કીમ**, એ રાજપીપળાના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે. ૩. **પૂર્ણા**, એ સહ્યાદ્રિમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે. ૪. **અંબિકા** (ગણદેવીની ખાડી) કાવેરીને મળેછે. એના-પર ગણદેવી છે. ૫. **દમણગંગા** એ સહ્યાદ્રિમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે; એનાપર દમણ છે. ૬. **મીંઢોળા** એ અરબી સમુદ્રને મળેછે; એનાપર બારડોલી છે. ૭. **ઓરંગા**, એ સહ્યાદ્રિમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે; એનાપર વલસાડ છે.

મોટાં શેહેર અને ગામ—**સુરત** (વસ્તી ૧૦૯૨૨૯) **વ-લસાડ, રાંદેર, બાલદરપારડી, ચીખલી, જલાલપોર, બાર ડોલી, માંડવી** અને **ઓરપાડ બગડા**; એ સિવાય બગવાડ, ઉરવાડા, કુંતા, ઉકરવાડા, બોધાન, કોલક, ઉમરસાડી, દેહગામ, અમલસાડ, સપખરામા, કરોદ, સરભોણ, વાલોડ, બુહારી, કતારગામ, બાઠા, અટાજણ, સુ-હાલી અને અમરોલી વગેરે.

મુખ્ય રેલવે સ્ટેશન—પારડી, વલસાડ, નવસારી, અને સુ-રત વગેરે.

નીપજ—ડાંગર, જુવાર, રૂ, ઘઉં, કઠોળ, બાજરી, દીવેલી, નાગલી, કોદરા, શેરડી અને કેળાં એ મુખ્ય છે.

વિશેષ હકીકત—**સુરત** એ તાપી નદીને કાંઠે મોટું બંદર છે. અ-ગાઉ તેમાં વેપાર પુષ્કળ ચાલતો. અહીં પહેલાં ઈંગ્રેજ તથા વલંદા લોકોએ કોઠી નાખી હતી. આગ અને રેલથી હાલમાં તે ખરાબ હાલતમાં આવી ગયુંછે. એ શહેરને મજબૂત કિલ્લો તાપી નદીને કિનારે છે. તાપી નદીપર

હોપપૂલ છે તે જેવાજેગ છે. **વલસાડથી** અનાજ, ગોળ, ને સાગ પુષ્કળ ચડેછે. **ઔધાનમાં** બારબાર વરસે જાત્રા ભરાયછે. **કુંતામાં** કુંતેશ્વર મહાદેવની જાત્રા દરવરસે ભરાયછે. **ઉદવાડા**, એમાં પારસી લોકનું અગ્નિનું દેવળ છે. **છરવાડા**માં મીઠું પાકેછે. **દમણ**, એ દમણગંગા નદી ઉપર છે, તે ફિરંગી રાજાને તાબે છે.

(૨) ભરૂચ જીલ્લો.

તાલુકા—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ ને જંબુસર.

બંદર—ભરૂચ ને ટંકારીઆ. **રેલવે સ્ટેશન**—ભરૂચ, અંકલેશ્વર, ચમારગામ અને પાલેજ.

શહેર અને મોટાં ગામ—ભરૂચ, એ નર્મદા નદીને કાંઠે ઘણું જૂનું શહેર છે. અંકલેશ્વર, **વાગરા, આમોદ, જંબુસર,** શુક્લતીર્થ, ટંકારીઆ, હાંસોટ, માંડવાબુજરુગ, દહેજ, દેહજબારા, કેરવાડા, માતર, ટંકારીઆ, દેહગામ, ગજેરા અને કાવી વગેરે.

નદીઓ—નર્મદા, મહી, ઢાઢર, કીમ ને ઉમરાવતી.

૧. **નર્મદા, એ અમરકંટકના પર્વતમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એનાપર** ચાણોદ, કન્યાળી ને **ભરૂચ** છે. એ નદી આખા ગૂજરાતમાં સાૈથી મોટી ને ઉંડી છે, અને એ વડે બહોળો વેપાર ચાલેછે.

૨. **મહી, એ માળવાના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એના ઉપર લુણાવાડા ને ખંભાત છે.**

૩. **ઢાઢર રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એના ઉપર ટંકારીઆછે.**

૪. **કીમ,** એ રાજપીપળાના ડુંગરમાંથી નીકળીને આરબી સમુદ્રને મળેછે.

૫. **ઉમરાવતી,** એ રાજપીપળાના ડુંગરમાંથી નીકળીને માંડવાખુન્જુર્ગ આગળ નર્મદાને મળેછે.

વિશેષ હકીકત—શુકલતીર્થ એ નર્મદાને કાંઠે છે, એમાં દર વરસે મેળો ભરાયછે, એની પાસે કબીરવડ છે. **તવરા** તથા **ભાડભૂત**માં દર ઓગણીશ વરસે જાત્રા ભરાયછે. **આમોદમાં** ચપ્પુ સારા થાયછે. નર્મદા નદી ઉપર બાંધેલો **પૂલ** જોવાલાયક છે.

નીપજ—રૂ, જુવાર, ડાંગર, બાજરી, તુવેર, મગ, ઘઉં, તલ, વટાણા, ચણા, વાલ, દીવેલી અને તમાકુ.

(૩) ખેડા જીલ્લો.

તાલુકા સાત છે તેનાં નામ—કપડવંજ, ઠાસરા, નડીઆદ, મેહેમદાવાદ, માતર, આણંદ અને બોરસદ.

પેટા તાલુકા ત્રણ છે—ખેડા, મહુધા અને ઉમરેઠ.

મુખ્ય રેલવે સ્ટેશન—મેહમદાવાદ, આણંદ, નડીઆદ અને ડાકોર.

શેહેર અને મોટાં ગ્રામ—ખેડા, એ વાત્રક ને શેઢી નદીના સંગમ ઉપર છે, તે ખેડા જીલ્લાનું મુખ્ય શેહેર છે. **કપડવંજ,** એમાં કાચ તથા સાબુનાં કારખાનાં છે. **ઠાસરા, નડીઆદ, મેહેમદાવાદ, માતર, આણંદ, બોરસદ, મહુધા, ઉમરેઠ,** કઠલાલ, આંત્રોલી, લસુંદ્રા, ડાકોર, અલીણા, ઉત્તરસંડા, ચકલાસી, વડતાલ, નાપાડ, કરમસદ, ઓડ, સારસા, વાસદ, આંકલાવ અને ભેટાસી વગેરે.

નદીઓ—મહી, વાત્રક, મેશ્વો, શેઢી, મોહોર, ખારી ને લુણી.

૧. મહી, એ માળવાના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે. ૨. વાત્રક, એ મેહેમદાવાદ તથા ખેડા આગળ થઇને સાબરમતીને મળેછે. ૩. મેશ્વો, એ વાત્રકને મળેછે. ૪. શેઢી, એ વાત્રકને મળેછે; એના ઉપર ઠાસરા, ડાકોર

ને ખેડા છે. ૫. **મોહોર,** એ કપડવંજ તથા કઠલાલ પાસે વહીને શેઢીને મળેછે. ૬. **ખારી,** એ સાબરમતી અને મેશ્વાની વચ્ચે વહેછે.

નીપજ—કોદરા, ડાંગર, જુવાર, બાવટા, શેરડી, કપાસ, ને કસું-બી; તે સિવાય બાજરી તથા તમાકુ ઘણીજ પાકેછે અને તે બહારગામ ખાતે ઘણી મોકલવામાં આવેછે.

વિશેષ હકીકત—ડાકોરમાં રણછોડજીની મૂર્તિ અને ગોમતી તળાવ છે. કારતક, ફાગણ, ચૈત્ર તથા આસો માસમાં ત્યાં મોટી જાત્રા ભરાયછે; **વડતાલ**માં સ્વામિનારાયણનું અને **નડીઆદ**માં સંતરામનું ધામ છે. **લસુંદ્રા**માં ઉના પાણીના કુંડ છે.

(૪) પંચમહાલ જીલ્લો.

આગાઉ એમાં ગોધરા, હાલોલ, કાલોલ, ઝાલોદ ને દાહોદ, એ પાંચ પરગણાં ઠરાવ્યાં હતાં તે ઉપરથી એનું નામ પંચમહાલ પડ્યુંછે; પણ હાલમાં ઈંગ્રેજ સરકારે દાહોદ સાથે ઝાલોદ, અને કાલોલ સાથે હાલોલ જોડી દીધાં છે તેથી હવે ત્રણ તાલુકા ગણાયછે—

૧. ગોધરા	ગોધરા અને સેહેરા.
૨. કાલોલ	કાલોલ, હાલોલ અને વેજલપુર.
૩. દાહોદ	દાહોદ અને ઝાલોદ.

નદી—મહી, એ જીલ્લાની પશ્ચિમ હદપર છે.

ડુંગર—**પાવાગઢ તેપર મહાકાળી માતાનું દેરૂં છે.** ડુંગરી કિલ્લો-ચાંપાનેર, એ શહેર વનરાજના પ્રધાન ચાંપાએ વસાવ્યું હતું.

રેલવે સ્ટેશન—ગોધરા.

નીપજ—ઘઊં, ડાંગર, બાજરી, મકાઈ, ચણા, તલ અને મહુડાં પુષ્કળ થાયછે.

વિશેષ હકીકત—ગોધરાથી તેલ ને લાકડાં બહુ ચડેછે. એ શહેર પાસે ઉના પાણીના કુંડ છે. આ જીલ્લો અગાઉ સિંધીઆના તાબામાં હતો તે વેળા માઠી દશામાં હતો. હાલ એને ઇંગ્રેજ સરકાર સુધારેછે.

(૫) અમદાવાદ જીલ્લો.

તાલુકા સાત છે તેનાં નામ—**પ્રાંતીજ, વિરમગામ, ધોળકા, દસક્રોઈ, ધંધુકા, ધોઘા ને સાણંદ.**

પેટા તાલુકા બે છે—પાટડી અને મોડાસા.

બંદર—ધોળેરા અને ઘોઘા. **રેલવે સ્ટેશન**. અમદાવાદ, સાબરમતી, સાણંદ, વિરમગામ, પાટડી અને ખારાઘોડા. **બેટ**—પીરમ.

તળાવ—મુનસર, ગંગાસર, કાંકરીયું, મલેકસાબાન, નળસરોવર.

શહેર અને મોટાં ગામ—અમદાવાદ (૧૪૮૪૧૨ માણસની વસ્તી છે) એ મુખ્ય શહેર છે, તે અહમદશાહે ઇ. સ. ૧૪૧૨માં વસાવ્યુંછે; એમાં રેશમ, સુતર ને કસબનાં પુષ્કળ કારખાનાં છે. **પ્રાંતીજ, વિરમગામ, ધોળકા, ધંધુકા, ઘોઘા, સાણંદ, મોડાસા, પાટડી, માંડળ, ધોળેરા અને રાણપુર;** એ સિવાય કોઠ, ગાંગડ, બાવળા, ઉવારસદ, બરવાળા, ખસ, ગાંફ, સરખેજ, ગોધાવી, કાસિંદ્રા અને ખારાઘોડા વગેરે ગામ છે.

નદીઓ—સાબરમતી, હાથમતી, વાત્રક, માઝુમ, **મેશ્વો, ખારી, સુકભાદર, ગોમા, નીલકા અને ઉતાવળી.**

૧. સાબરમતી, એ મેવાડના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એના ઉપર સાદરા અને અમદાવાદ છે.

૨. **હાથમતી,** એ સાબરમતીને મળેછે; તેનાપર અહમદનગર છે. ૩. **વાત્રક,** એ સાબરમતીને મળેછે. ૪. **માઝુમ,** એ મોડાસા પાસે વહીને વાત્રકને મળેછે. ૫. **મેશ્વો,** એ હરસોલ પાસે વહીને વાત્રકને મળેછે. ૬. **ખારી,** એ સાબરમતીને મળેછે. ૭. **સુકભાદર અને**

૮મી **ગોમા**, રાણપુર આગળ એકઠી થાયછે; તેનાપર નાગનેશ ને ધંધુકા છે. ૯. **નીલકા**, એ ભીમનાથ પાસે છે; અને ૧૦ **ઉતાવળી**, એ બરવાળા પાસે થઇને ખંભાતના અખાતને મળેછે.

વિશેષ હકીકત—**અમદાવાદ** એનું બીજું નામ રાજનગર છે; અહીં જુમામસીદ, શાહીબાગ, કાંકરીયું તળાવ, શાહઆલમનો રોજો, દાદા હરિની વાવ વગેરે જોવાલાયક છે. **પાટડી** અને **બારા-ઘોડા**માં વડાગરૂં મીઠું થાયછે. તે આખા મુંબઈ ઈલાકામાં વખણાયછે. સાબરમતી અને વાત્રકના સંગમ ઉપર **વૌઠા** ગામ છે તેમાં કાર્તકી પુનમે મેળો ભરાયછે. નીલકા નદીપર આવેલા **ભીમનાથ**માં શ્રાવણ માસમાં મેળો ભરાયછે. **રાણપુર**માં જૂનો પડી ગયેલો કિલ્લો છે. **સરખેજ**માં રોજો ને તળાવ જોવાલાયક છે. **સાણંદ**ની તમાકુ અને **કાસિંદ્રા**નો ગોળ વખણાયછે. વિરમગામનું **મુનસર** અને ધોળકાનું **મલાવ તળાવ** સિદ્ધરાજ જયસિંહની મા મીનળદેવીએ બંધાવ્યું છે. વિરમગામનું **ગંગાસર** તળાવ સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યું છે. **નળ સરોવર** ખારૂં છે. અમદાવાદ શહેરની પાસે **કાંપ** છે તેમાં પાયદળ ને તોપખાનું છે. **ધોળેરા બંદરથી** દેશાવર ખાતે ઘણું રૂ ચડેછે **ધંધુકા તાલુકો**, એ આખા ગૂજરાતમાં સર્વથી મોટો છે.

(૬) કાઠિયાવાડ એજન્સિ.

પર્વત—ચોટીલો, વાલાકગીર, **શેત્રુંજો**, ગિર, **ગિરનાર ને બરડો**

બંદર—ભાવનગર, ઘોઘા, મહુવા, જાફરાબાદ, દીવ, વેરાવળ, માંગરોળ પોરબંદર, દ્વારકાં, જોડીઆ, બેડી, સલાયા અને વવાણીઆ વગેરે.

બેટ—બેટ અને દીવ. **દીવાદાંડીનાં ઠેકાણાં**—બાલાચડી, ગોપનાથ, વેરાવળ, દ્વારકાં અને કુડા (ઘોઘા પાસે).

દ્વીપકલ્પ—કાઠિયાવાડ. **ભૂશિર**—જગતપોઇંટ અને દીવ.

અખાત—કચ્છનું અને ખંભાતનું. **રણ**—કચ્છનું ને પાટડીનું.

જાત્રાનાં ઠેકાણાં—દ્વારકાં એ ગાયકવાડને તાબે છે, ત્યાં રણછોડજીનું ધામ છે. ૨. **ગિરનાર,** એ જૂનાગઢ પાસે છે, એનાપર શ્રાવક વગેરેનાં દેરાં છે. ૩. **શેત્રુંજો,** એ પાલીટાણા પાસે છે, તેનાપર શ્રાવકોનાં બહુજ સુંદર દેરાં છે. ૪. **પ્રભાસપાટણ,** ૫. **પ્રાચીતીર્થ** ત્યાં શ્રીકૃષ્ણે દેહ છોડયો. ૬. **ગઢડા** અને ૭ **મૂળી,** એ બન્નેમાં સ્વામિનારાયણનાં ધામ છે. **ફિરંગીનું ગામ**-દીવ.**હબશીનું ગામ**–જાફરાબાદ.

ગાયકવાડનો પંચમહાલ—અમરેલી, ધારી, દામનગર, કોડીનાર અને શિયાનગર છે, તેમજ ઓખામંડળ પ્રાંત પણ ગાયકવાડને તાબે છે. **રાજકીય સ્ટેશન**-ઉત્તરમાં **વઢવાણ,** દક્ષિણમાં **જેતલસર,** પૂર્વમાં **સોનગઢ,** અને પશ્ચિમમાં **રાજકોટ.**

બેવડાં નામ—કાઠિયાવાડ=સોરાષ્ટ્ર.નવાનગર=જામનગર અથવા નગર. **શેત્રુંજો**=સિદ્ધાચળ. પોરબંદર=સુદામાપુરી. સોમનાથપાટણ=પ્રભાસપાટણ. **જાણવાલાયક રેલવે સ્ટેશન**–વઢવાણ. લીંબડી, ધોળા, સિહોર, ગઢેચી, ભાવનગર, ચીતળ, જેતપુર, જેતલસર, ધોરાજી, જૂનાગઢ, વેરાવળ,પોરબંદર, મોરબી, ગોંડળ ને રાજકોટ.

વખણાએલી વસ્તુ—ઓખા પ્રાંતના ઘોડા.લીંબડી–ચુડી.ધ્રાંગધરા ને બડાના પથ્થર. ભાલ—ઘઉં. સિહોર—તાંબા પીતળનાં વાસણ. જામનગર—કંકુ,બાંધણી. ચોરવાડ–નાગરવેલનાં પાન. જાફરાબાદ–ઘી.

આ એજન્સિમાં દશ પ્રાંત છે તેનાં નામ અને મુખ્ય ગામ નીચે મુજબ.

૧. ઝાલાવાડ—ધ્રાંગધરા, વઢવાણ,લીંબડી, વાંકાનેર, લખતર, સાયલા, ચુડા ને બજાણા.

૨. ગોહેલવાડ—ભાવનગર, સિહોર, કુંડલા, મહુવા, પાલીટાણા, વળા ને લાઠી.

૩. **ઉંડસરવૈયા**—ડાઠા, ગણધોળ ને ચોક.

૪. **બાબરીઆવાડ**—જાફરાબાદ અને ડેડાણુ.

૫. **કાઠિયાવાડ**—અમરેલી, ધારી, જેતપુર, ચીતળ, બીલખા, બગસરા, ને જસદણુ.

૬. **સોરઠ**—જૂનાગઢ, વેરાવળ, માંગરોળ, કોડીનાર, ને બાટવા.

૭, **બર્ડો**—પોરબંદર.

૮. **હાલાર**—જામનગર, જોડીયા, ખંભાળીઆ, ગોંડળ, ધોરાજી, રાજકોટ, ધ્રાળ અને ધ્રાફ્રા.

૯. **મચ્છુકાંઠો**—મોરબી અને માળીઆ.

૧૦. **ઓખામંડળ**—દ્વારકાં અને આરંભડુ.

નદીઓ—ભાદર, શેત્રુંજી, મચ્છુ, ઓઝત અને આજી.

૧. ભાદર, એ મહાવનના ડુંગરમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે; તેનાપર જેતપુર, કુતીઆણા અને નવી બંદર છે.

૨. શેત્રુંજી, એ ગિર પર્વતમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એના ઉપર ધારી, પાલીટાણા ને તળાજા છે.

૩. મચ્છુ, એ ચોટીલાના ડુંગરમાંથી નીકળીને કચ્છના રણમાં જાયછે; એનાપર વાંકાનેર, **મોરબી** ને **માળીઆ** છે.

૪. **ઓઝત, એ ગિર પર્વતમાંથી** નીકળીને અરબી સમુદ્ર આગળ ભાદરને મળેછે.

૫. આજી, એ સરધારના ડુંગરમાંથી નીકળીને કચ્છના અખાતને મળેછે; તેના ઉપર રાજકોટ છે.

વિશેષ હકીકત—આ એજન્સિનું મુખ્ય શેહેર રાજકોટ છે. તેમાં ઈંગ્રેજ સરકાર તરફથી પોલિટિકલ એજંટ રહેછે. સોરઠના ગિર પર્વત મધ્યે **તુળશીશ્યામ**માં ઉના પાણીનાં ઝરણુ છે. આખા ઇલાકામાં સાથી મોટો પહાડ—**ગિરનાર**. મોટું શહેર અને બંદર—**ભાવનગર.**

મોટી નદી-ભાદર; અને મોટા પ્રાંત **હાલાર** છે. આ ઇલાકામાં ઘણાં બંદરો છે, ત્યાંથી રૂ, ઉન, અનાજ, ઘી, ગોળ, તેલ, ઘોડા અને ઢોર વગેરે મુંબઇ તથા બીજાં બંદરો ખાતે મોકલવામાં આવેછે.

(૭) પાલણપુર એજન્સિ.

એમાં મુખ્ય સંસ્થાન અગિયાર છે, તેનાં નામ ને મુખ્ય ગામ.

૧. **પાલણપુર-પાલણપુર, ડીસા** ને ધાને ા.	એ ચારે મુસલમાની સંસ્થાન છે.
૨. **રાધનપુર-રાધનપુર,** સમી ને મુંજપુર.	
૩ વારાહી-વારાહી.	
૪. તેરવાડા-તેરવાડા.	
૫. થરાદ અને મોરવાડા...થરાદ ને મોરવાડા	એ પાંચે રજપૂત સંસ્થાન છે.
૬. વાવ..................વાવ.	
૭. સુઈગામ............સુઈગામ.	
૮. દેવદર................દેવદર.	
૯. ચારચટ તથા સાંતલપુર...સાંતલપુર.	
૧૦. ભાભર......ભાભર.	એ બન્ને કોળી સંસ્થાન છે.
૧૧. કાંકેજ.......કાંકેજ.	

પર્વત—શિરોઇના પહાડ. **રેલવેસ્ટેશન**—પાલણપુર.

નદીઓ—બનાસ, સરસ્વતી અને નીમરાખી.

૧. બનાસ, એ શિરોઇના ડુંગરમાંથી નીકળીને કચ્છના રણમાં સમાઇ જાયછે; એના ઉપર ડીસા અને રાધનપુર છે.

૨. સરસ્વતી, એ આરાસુરના ડુંગરમાંથી નીકળીને કચ્છના રણમાં સમાઈ જાયછે; એનાપર સિદ્ધપુર અને પાટણ છે.

નિકાસ—બાજરી, જુવાર, ઘઉં, મગ, મઠ, અને બીજાં ધાન્ય. પાલણપુર એજન્સિમાં ડાંગર અને શેરડી પાકેછે. વારાહી અને રાધનપુરમાં રૂ પેદા થાયછે, તે મુંબઇ ખાતે ચડેછે.

વિશેષ હકીકત—પાલણપુર અને રાધનપુર એ બે મોટાં સંસ્થાન છે.

પાલણપુરના રાજકર્ત્તા **"દીવાન"** કહેવાયછે; અને રાધનપુરના રાજકર્ત્તા **"નવાબ"** કહેવાયછે, અને તે બાબી વંશના છે. એ બન્ને **મુસલમાન છે.** **ડીસામાં** ઇંગ્રેજ સરકારના લશ્કરની છાવણી છે. પાલણપુર એજન્સિનો પોલિટિકલ સુપરિન્ટેન્ડેન્ટ પાલણપુરમાં રહેછે.

(૮) મહીકાંઠા એજન્સિ.

પરગણાં—**નાની મારવાડ, રેવર, સાબરકાંઠો, વાત્રકકાંઠો,** બાબીશી અને કટોસણ એ છ છે.

મુખ્ય સંસ્થાન.	મુખ્ય ગામ.
૧. ઈડર.	ઇડર, **અહમદનગર,** વડાલી.
૨. દાંતા ને માલપુર સંસ્થાન.	**દાંતા** અને માલપુર.
૩. **મોહનપુર.**	**મોહનપુર.**
૪. બાલુસણા—સતલાસણા—	બાલુસણા અને સતલાસણા.
૫. **માણસા,**	**માણસા.**
૬. ઘોડાસર અને **આમલીઆરા**—	ઘોડાસર અને આમલીઆરા.

એ સિવાય **સાદરા,** ગાલપુર, પેથાપુર, વરસોડા,ઇલોલ, સાઠંબા, વાસણા, જેટાણા, કટોસણ, ને પાલ વગેરે ગામ છે.

પર્વત—આરાસુર, તેપર **અંબાભવાનીનું દેરૂં છે,** તે જાત્રાનું મોટું ઠેકાણું છે.

નદીઓ—સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો અને **માઝુમ.**

૧. સાબરમતી એ મેવાડના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એના ઉપર સાદરા અને અમદાવાદ છે. ૨. વાત્રક એ ડુંગરપુર પાસે ઉત્પન્ન થઇ માલપુર, માંડવા, આત્રસુંબા, મહેમદાવાદ અને ખેડા પાસે થઇને સાબરમતીને મળેછે.

૩. **હાથમતી** અને ૪. **ખારી** એ બન્ને સાબરમતીને મળેછે. અને ૫. **મેશ્વો** તથા ૬. **માજુમ** એ બન્ને વાત્રકને મળેછે.

નીપજ—બાજરી, જુવાર, તમાકુ, અફીણ અને રૂ.

વિશેષ હકીકત—આ એજન્સિનો પોલિટિકલ એજંટ **સાદરામાં** રહેછે. ઇડર, એ સૌથી મોટું સંસ્થાન છે. **દાંતાની ખાણમાંથી** આરસપહાણ નીકળેછે. **પેથાપુરમાં** બાંધણી, વાગડીઆં ને બંદૂક થાયછે. નવેમ્બર માસમાં **શામળાજીનો** અને ફેબ્રુઆરી માસમાં **ખેડબ્રહ્માનો** એવા બે મોટા મેળા ભરાયછે.

(૯) રેવાકાંઠા એજન્સિ.

રેવા નદીની આસપાસનો મૂલક, તેથી **રેવાકાંઠા** નામ પડયુંછે. એમાં છ મોટાં સંસ્થાન છે, તેનાં નામ તથા મુખ્ય શેહેર—

૧. રાજપીપળા...નાંદોદ.	૨. છોટાઉદેપુર...છોટાઉદેપુર.
૩. બારીઆ.......બારીઆ.	૪. લુણાવાડા.....લુણાવાડા.
૫. સુંથ...........સુંથરામપુર.	૬. વાડાસિનોર....વાડાસિનોર.

એ સિવાય એમાં કડાણા, સંજેલી, ભાદરવા, ઉમીટા ને વીરપુર એ નાનાં સંસ્થાન છે.

પર્વત—રાજપીપળાનો.

નદીઓ—**મહી**, **નર્મદા**, એ સિવાય પુનમ, ગોમા, ઢાઢર, વિશ્વામિત્રી, કરજણ અને ઓર વગેરે નાની નદીઓ છે.

૧. મહી, એ માળવાના ડુંગરમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે, એના ઉપર લુણાવાડા ને ખંભાત છે.

૨. નર્મદા, એ અમરકંટકના પર્વતમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે; એનાપર ચાણોદ, કન્યાળી ને ભરૂચ છે.

નીપજ—રેવાકાંઠામાં કાટ એટલે ઈમારતી લાકડાં બહુજ થાયછે. રૂ તથા જૂદીજૂદી જાતનું ધાન્ય પણ પાકેછે.

☞ આ એજન્સિનો પોલિટિકલ એજંટ વડોદરા કેમ્પમાં રહેછે.

(૧૦) ગાયકવાડનો મૂલક.

એનું મુખ્ય શહેર **વડોદરા**, તે વિશ્વામિત્રી નદીને કાંઠે છે, તેમાં ૧૧૨૪૭૧ માણસની વસ્તી છે. મુંબઇ ઇલાકાના દેશી રાજ્યોમાં આ રાજ્ય સર્વથી મોટું છે, એના રાજા ગાયકવાડ કહેવાયછે. આ રાજ એક જથે નથી પણ વીખરાતું છે. એના ચાર પ્રાંત કર્યાછે તેનાં નામ ને મુખ્ય તાલુકા નીચે મુજબ—

૧. **કડી પ્રાંત**—કડી, પાટણ, ચાણાસમા, મેહેસાણા, કલોલ, દેહગામ, વિજાપુર, વિશનગર, ખેરાળુ, સિદ્ધપુર અને વડનગર.

૨. **વડોદરા પ્રાંત**—**વડોદરા**, પેટલાદ, પાદરા, શાનોર, ચાણોદ, ડભોઇ, તીલકવાડા, સંખેડા અને સાવલી.

૩. **નવસારી પ્રાંત**—**નવસારી**, વેળાછા, કામરેજ, વ્યારા, સોનગઢ, મહુવા અને ગણદેવી.

૪. **અમરેલી પ્રાંત**—**અમરેલી**, દામનગર, ધારી, કોડીનાર, દ્વારકાં અને બેટ સંખોદ્ધાર

એ સિવાય પ્રાંતવાર **મોટાં ગામ**–**કડી પ્રાંતનાં** - રણુજ,આતરસુંબા, ધીણોજ, બલોલ, નંદાસણ, ડાંગરવા, નારદીપુર, વાલમ,ભાંડુ, ભાલક, ઊંઝા, અને ઉનાવા. **વડોદરા પ્રાંતનાં**—રાછવા, વસોપુરા, નાર, બાદરણ, કરજણ, ઇટોલા અને છાણી **નવસારી પ્રાંતનાં**—મિયાગામ,કરનાળી,કઠોર, વેશમા, પલસાણું, અને બીલીમોરા. **અમરેલી પ્રાંતનાં**—પોરશીત્રા, વરવાળા અને આરંભડા.

☞ ખ નદેશમાં વજપુરતરાજ છે તે ગાયકવાડ સરકારને તાબે છે.

મુખ્ય રેલવે સ્ટેશન—વડોદરા, ડભોઇ, ચાણોદ, કલોલ, મેહેસાણા, વીશનગર અને સિદ્ધપુર. **બેટ**–બેટ સંખોદ્ધાર.

જાત્રાનાં ઠેકાણાં–**દ્વારકાં** એ આ.ખ. મુંબઇ ઇલાકામાં હિંદુ-

ઓનું સાથી મોટું જાત્રાનું ધામ છે. વડાવલી તાલુકાના બહેચર ગામમાં **બહુચરા માતાનું દેવળ** છે તે બહુજ પ્રસિદ્ધ છે. ચાણોદ, કન્યાળી એ નર્મદા કિનારે છે.

નદીઓ--સાબરમતી, બનાસ, સરસ્વતી, વિશ્વામિત્રી, ઢાઢર, નર્મદા, મહી અને **તાપી** વગેરે. **વિશ્વામિત્રી નદી પાવાગઢના ડુંગરમાંથી નીકળીને ઢાઢરને મળેછે; એનાપર વડોદરા છે.**

વિશેષ હકીકત–પાટણ એનું બીજું નામ અણહીલપુર પાટણ છે. એ અસલ ગૂજરાત પ્રાંતની રાજધાની હતી, તેમાં વનરાજ ચાવડાની મૂર્તિ, અને સિદ્ધરાજ જયસિંહે બંધાવેલું સહસ્ત્રલિંગ તળાવ છે. એ શહેરમાં માટીનાં વાસણ, સૂડીઓ, ને પટોળાં સારાં થાયછે. કડી અને ડભાઈના કિલ્લા જેવાજેગ છે. **આતરસુંબા**માં છરા, છરીઓ ને લોદીઓ સારાં થાયછે. **વિજાપુર**નું અફીણ, **વડનગર**નાં સતાર અને સારંગી, વિશનગરનાં તાંબા પીતળનાં વાસણ ને હળદર, **સિનોરનાં** સુતારના વાંસલા, **નવસારી**નો ગોળ, **અમરેલી**ના ચોફાળ, **ધારી**નો ઘોડાનો સામાન અને **કડી પ્રાંત**ના બળદ વખણાયછે. વ્યારા તાલુકામાં ખંભાળીઆ પાસે **ઉના પાણીના** કુંડ છે. **સિદ્ધપુર**માં રૂદ્રમાળો જોવા જોગ છે એ મૂળરાજ સોલંકીએ બંધાવ્યો હતો. ઉંઝા ગામમાં કડવા કણબીની કૂળદેવીની જગો છે. **પેટલાદ**માં અરજુનશા પીરનું ઠેકાણું છે. વડોદરા પાસે વિશ્વામિત્રી નદીને સામે કાંઠે **ઈંગ્રેજી લશ્કરની છાવણી** છે. વડોદરામાં કેટલાક બાગ અને મકાનો બહુજ જેવા જોગ છે.

(૧૧) ખંભાત સસ્થાન.

મુખ્ય શેહેર ખંભાત એ મહી નદીને કાંઠે છે, ત્યાંના રાજા **નવાબ** કહેવાયછે. એ શહેરની સુત્રફેણી વખણાયછે.

મુખ્ય નદી—મહી અને **સાબરમતી. બંદર—ખંભાત.**

નીકાસ—બાજરી, જુવાર, ઘઉં, મીઠું, રૂ, ગળી, અફીણ, સુતરાઉ કાપડ, શેત્રંજી, તેમજ અકીકનાં જૂદાંજૂદાં રૂપ ખંભાતમાં બનાવેછે.

(૧૨) પંચમહાલ એજન્સિ.

પંચમહાલમાં ગવર્નરનો એજંટ રહેછે, તેના તાબામાં નારૂકોટની નાની જમીનદારી છે. **વેપારની મુખ્ય જણસ**—ઇમારતી લાકડું.

(૧૩) સુરત એજન્સિ.

આ એજન્સિ અને સુરત જીલ્લો એ એક નથી.

સંસ્થાન—૧. સચીન, ૨. વાંસદા, ૩. ધરમપુર અથવા રામનગર.

નદીઓ—કાવેરી, અંબિકા, દમણગંગા, ઓરંગા, ખરેરા, પાર અને કોલક.

મોટાં ગામ—ધરમપુર, વાંસદા, સચીન, લાચપુર, બીનાર અને કામળા. વાંસદા પ્રગણામાં **દેવકી ઉનાઇનો કુંડ છે.**

પેદાશ—ડાંગર, નાગલી, દાળ, તલ, ખાદી, મહુડાં અને ઇમારતી લાકડાં વગેરે.

---

૪. મહારાષ્ટ્ર.

એમાં દક્ષિણ **પ્રાંત** તથા કોંકણ એવા બે ભાગ કર્યાછે.

(અ) દક્ષિણ પ્રાંત.

પર્વત—સહ્યાદ્રિ, સાતપૂડા અને ચાંદવડ.

હવા ખાવાનાં ઠેકાણાં—પુરંદર, ખંડાલા, માથેરાન, મહાબળેશ્વર અને ભીમાશંકર.

ભાષા—મરાઠી તથા કાનડી.

૧. ખાનદેશ જીલ્લો—**ધુળીઆ,** માલેગામ અને નંદુરબાર.

૨. **ખાનદેશ એજન્સિ** એમાં દાંગનો મૂલક, સુળગણાનો મૂલક, અને મહેવાશી પરગણાં છે.

૩. **નાશક જીલ્લો**—**નાશક**, એની પાસે ગોદાવરી નદીનું મૂળ છે, તે જાત્રાનું ઠેકાણું છે. ત્યાંનાં તાંબા પીતળનાં વાસણ વખણાયછે.

૪. **પૈઠ સરસ્થાન**—**પૈંઠ** એ મુસલમાન બેગમના તાબામાં છે, ત્યાંની પાઘડીઓ વખણાયછે.

૫. **અહ્મદનગર જીલ્લો**—**અહ્મદનગર** તે અગાઉ મુસલમાની રાજ્યની રાજધાની હતી. ઇતિહાસમાં પ્રખ્યાત થયેલી **ચાંદબીબી** અહીં થઇ ગઇછે.

૬. **પુણા જીલ્લો**—**પુણા**. અગાઉ તે પેશ્વાની રાજધાની હતી. અહીં લશ્કરી છાવણી છે. ગવરનર સાહેબ વરસનો કેટલોક ભાગ અહીં રહેછે.

૭. **સતારા જીલ્લો**—**સતારા**, એમાં મરેઠાની રાજધાની હતી.

૮. **સતારા એજન્સિ**—**ભોર, ફલટન**. **ઔંદ** અને **જત**.

૯. **સોલાપુર જીલ્લો**—**સોલાપુર**, બારસી અને પંઢરપુર. **સોલાપુર** એ રૂનું મોટું મથક છે. એમાં સાડી અને ધોતીઆં સારાં થાયછે. **પંઢરપુરમાં** હરવરસ જાત્રા ભરાયછે.

૧૦. **અકલકોટ સંસ્થાન**—**અકલકોટ**.

એ સિવાય **બાજાં શેહેર અને મોટાં ગામ**—ત્ર્યંબક, એવલે, મનમાડ, ભુશાવળ, નસીરાબાદ, મહાબળેશ્વર, આસ્ટે, ખડકી, કોરેગામ, ચાળીસગામ, જુન્નર, સિન્નર, પુરંદર, અકોલે, ખંડાલા વગેરે છે.

નદીઓ—**ગોદાવરી, તાપી, ભીમા, કૃષ્ણા, સીના, નીરા, મુળામુઠા, ગીરણા અને પાંજરા.**

૧. ગોદાવરી, એ સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળેછે; તેના ઉપર નાશક છે.

૨. **તાપી,** એ સાતપુડામાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે; એનાપર બુરાનપુર અને સુરત છે.

૩. **ભીમા** એ સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળીને કૃષ્ણા નદીને મળેછે; તેના ઉપર પંઢરપુર ને મંગળવાડા છે.

૪. **કૃષ્ણા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળેછે; એનાપર જમખિંડા, કમળાપુર અને સતારા છે.

૫ **સીના,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને ભીમાને મળેછે; એનાપર અહમદનગર છે.

૬. **નીરા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને ભીમા નદીને મળેછે; એનાપર ફલટણ છે.

૭. **મુળામુઠા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને ભીમાને મળેછે; એનાપર પુણા છે. મુળા અને મુઠા એ નામની બે નદીઓ ભેગી થવાથી મુળામુઠા નામ પડ્યુંછે.

૮. **ગીરણા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને તાપી નદીને મળેછે; એનાપર માલેગામ છે.

૯ **પાંજરા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને તાપી નદીને મળેછે; એનાપર ધુળીઆ છે.

મુખ્ય રેલવેસ્ટેશન—નાશક, પુના, સોલાપુર અને ભુશાવળ.

નીપજ—અનાજ, કઠોળ, રૂ, શેરડી, તમાકુ, ઈમારતી લાકડું, મહુડાં, મધ, લાખ, ડાંગર, સણ, અને સુરોખાર વગેરે.

વિશેષ હકીકત—ખાનદેશ એજન્સિ, ખાનદેશજીલ્લાના કલેકટરના તાબા નીચે છે. પેંઠ સંસ્થાન નાશકના કલેકટરના તાબા નીચે છે. સતારા એજન્સિ, સતારા જીલ્લાના કલેકટરના તાબા નીચે છે. અક્કલકોટ સંસ્થાન એ સોલાપુર જીલ્લા સાથે જોડાએલુંછે. ત્ર્યંબક, એ જાત્રાનું ઠેકાણું છે.

(ખ) કોકણ.

નદી—અંબા, એ સહ્યાદ્રિમાંથી નીકળીને અરબી સમુદ્રને મળેછે.

પર્વત—સહ્યાદ્રિ અથવા પશ્ચિમ ઘાટ, એ કોકણને મહારાષ્ટ્રથી જૂદો પાડેછે.

બંદર—દહાણું, માહીમ, વસાઇ, વાંદરા, મુંબઇ, રાજાપુર, વિજયદુર્ગ, અને વિંગોરલા, **બેટ**--મુંબઇ, સાષ્ટિ અને ઘારાપુરી.

રેલવે સ્ટેશન—મુંબઇ, થાણા અને કલ્યાણ વગેરે ઘણાં છે.

વિભાગ. મુખ્ય શહેર.

૧. **થાણા જીલ્લો--થાણા,** એ સાષ્ટિ બેટમાં છે, એમાં અબોટીઆં સારાં થાયછે. બીજાં ગામ કલ્યાણ ને વાંદરા.

૨. **જવાર સંસ્થાન--જવાર,** એ થાણા કલેકટરના તાબા નીચે છે.

૩. **કોલાબા જીલ્લો—અલીબાગ.**

૪. **જંજીરા સંસ્થાન—જંજીરા.** એના નવાબ જાતે સીદી છે તે કોઇને ખંડણી આપતા નથી. એમાં સાડીઓ વણાયછે. કાઠિયાવાડનો જાફરાબાદ તાલુકો જંજીરાના તાબામાં છે.

૫. **રત્નાગિરિ જીલ્લો—રત્નાગિરિ** અને વિંગોરલા.

૬. **સાવંતવાડી સંસ્થાન—સાવંતવાડી,** એમાં હરડાં થાયછે. એ મરાઠા સરદારના તાબામાં છે.

૭. **મુંબઇ જીલ્લો—મુંબઇ,** એ સૌથી મોટું શેહેર, આ ઇલાકાનું મુખ્ય શહેર છે.

ઉપર જણાવેલા શેહેર સિવાય કેલવા માહીમ, દેહેણું, અગાશી, વસાઇ, પનવેલ, વિજયદુર્ગ, ભીમડી, કલ્યાણ, રાજાપુર, ઉમરગામ, અને તારાપુર વગેરે મોટાં ગામ છે.

મુખ્ય નિકાસ—ચોખા, નાગલી, ચણા, ડાંગર, મીઠું, સાડીઓ, નાળિએર, સોપારી અને હરડાં. ભીમડી કલ્યાણીના ચોખા પ્રખ્યાત છે.

☞ મુંબઈ બેટ એકલાને જૂદો જીલ્લો ઠરાવ્યોછે. એનું બંદર આખી દુનિયામાં પ્રખ્યાત છે. એ બેટ ઇ. સ. ૧૬૬૨ માં ફિરંગી પાસેથી ઇંગ્લાંડના રાજાને કન્યાદાનમાં મળ્યોછે. ત્યાંથી આગબોટો અને વહાણો દુનિયાના બધા ભાગ તરફ આવજા કરેછે. એ બંદરની વસ્તી ૮૨૧૭૬૪માણસની છે. ઘણા દૂરના તળાવોમાંથી લોઢાના નળ મારફત એમાં મીઠું પાણી લાવેછે. સુતર કાંતવાનાં ને કાપડ વણવાનાં ઘણાંજ કારખાનાં છે.એમાં જાહેર રસ્તા, બાગબગીચા, પૈસાદારોનાં મકાન, બોરીબંદરનું સ્ટેશન, હાઈકોર્ટ, દીવાદાંડી, અને રાણીનો બાગ વગેરે સેંકડો સ્થળ જોવા જોગ છે. વેપાર રોજગાર પણ ધમધોકાર ચાલેછે. આ શહેર ઈંદ્રપુરી જેવું રળિયામણું છે.

૫. દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

પર્વત—સહ્યાદ્રિ. **ભાષા**—મરાઠી અને કાનડી.

બંદર--ગોવા, સદાશિવગઢ, કારવાડ, કુંપટા અને હોનાવર.

મુખ્ય રેલવે સ્ટેશન—ધારવાડ, હુબલી, બેલગામ, કોલાપુર.

૧. **કલાદગી જીલ્લો—કલાદગી,** વિજાપુર ને બાગલકોટ.

૨. **બેલગામ જીલ્લો—બેલગામ.**

૩. **કોલાપુર એજન્સિ--કોલાપુર,** વિશાળગઢ, કાગળ, બાવડા, ઇચળ અને કરંજી.

૪. **દક્ષિણ મરાઠા જાગીર**--સાંગલી, જમખિંડી, મિરજ, કુરૂંદવાડ, મુધોળ અને રામદુર્ગ.

૫. **ધારવાડ જીલ્લો—ધારવાડ** અને હુબલી.

૬. **સાવનુર સંસ્થાન—સાવનુર,**એનાનવાબ પઠાણ વંશના છે.

૭. **ઉત્તર કાનડા—કારવાડ,** કુંપટા, હોનાવર, એ ત્રણે બંદર છે.

એ સિવાય **બીજાં શહેર** અને **ગામ**—બદામી, બાગેવાડી, ગોકાક, અથણી, બંકાપુર, કરજગી, સદાશિવગઢ, મંગળવાડા, અને શિરહતી વગેરે ઘણાં છે.

ગોવા—એ ફિરંગી સંસ્થાનોનું મુખ્ય શહેર છે.

નદીઓ—ભીમા, કૃષ્ણા, તુંગભદ્રા, ઘટપ્રભા, મલપ્રભા, પંચગંગા, વારણા, વરધા, ને શેરવતી.

૧. **ભીમા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને કૃષ્ણા નદીને મળેછે; એનાપર પંઢરપુર છે.

૨. **કૃષ્ણા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળેછે;એનાપર જમખિંડી, કમળાપુર અને સતારા છે.

૩. **તુંગભદ્રા,** એ સહ્યાદ્રિમાંથી નીકળીને કૃષ્ણા નદીને મળેછે; એનાપર શિરહતી છે. **તુંગા** અને **ભદ્રા** એવી બે નદીઓ એકઠી થવાથી તુંગભદ્રા નામ પડ્યુંછે

૪. **ઘટપ્રભા,** ૫. મલપ્રભા, ૬. પંચગંગા, ૭. વારણા, એ બધી નદીઓ સહ્યાદ્રિમાંથી નીકળીને કૃષ્ણા નદીને મળેછે.

૮. **વરધા** ને ૯ **શેરવતી,** એ બન્ને સહ્યાદ્રિમાંથી નીકળીને તુંગભદ્રા નદીને મળેછે.

નિકાસ—જુવાર, ઘઉં, ચણા, રૂ, બાજરી, લાકડાં, કાપડ, એલચી અને મરી વગેરે.

વિશેષ હકીકત—**વિજાપુર,** એ આગલા મુસલમાની રાજ્યની રાજધાની હતું એનાં જૂનાં મકાનો નવાઇ પમાડે એવાં કારીગરીનાં છે. **બાગલકોટ**માં ઘણો વેપાર ચાલેછે **કોલાપુરના** મહારાજા મરેહ છે. **મિરજમાં** સારંગી અને તંબુરા થાયછે. **ધારવાડ** રૂના વેપાર માટે, અને **હુબલી** સુતરાઉ અને ઉનના કાપડને માટે પ્રખ્યાત છે. **શેરવતી ઘાટ** ઉપરથી ૮૫૦ ફુટ ઉંચેથી પાણીનો ધોધ પડેછે.

સામાન્ય વર્ણન.

દેશીરાજ્ય—૧. **સિંધમાં** ખેરપુર. ૨. કચ્છમાં કચ્છ ૩. **ગુજરાતમાં** વડોદરા, ખંભાત, ભાવનગર, જૂનાગઢ, જામનગર, ઇડર, પાલણપુર, નાંદોદ, વાંસદા અને સચીન વગેરે ઘણાં છે. ૪. ઊ-

ત્તર મહારાષ્ટ્રમાં—જવાર, જંજીરા, સાવંતવાડી, પેંઠ અને અકલકોટ.
૫. દક્ષિણ મહારાષ્ટ્રમાં—કોલાપુર અને સાવનુર વગેરે.

રાજાઓની અટક—ખૈરપુરના **અમીર**. કચ્છના **રાવ**. નવાનગરના **જામ**. જૂનાગઢ, રાધનપુર, ખંભાત, સચીન, વાડાસિનોર, જંજીરા ને સાવનુરના **નવાબ**. પોરબંદર અને દાંતાના **રાણા**. ભાવનગર અને કોલાપુરના **મહારાજા**. ધ્રાંગધરા ને વાંકાનેરના **રાજ**. પાલણપુરના **દીવાન**; અને વડોદરાના **ગાયકવાડ**.

પર્વત—પબ, ગિરનાર, શેત્રુંજો, આરાસુર, **પાવાગઢ**, **સાતપુડા**, **સહ્યાદ્રિ** અને **ચાંદવડ**.

મોટી નદીઓ—**સિંધુ**, **ભાદર**, **શેત્રુંજી**, **બનાસ**, **સરસ્વતી**, **સાબરમતી**, **મહી**, **વિશ્વામિત્રી**, ઢાઢર, **વાત્રક**, **નર્મદા**, **તાપી**, **ગોદાવરી**, **ભીમા**, **કૃષ્ણા**, **પાંજરા**, **મુળામુઠા** અને **સીના** વગેરે ઘણી છે.

કચ્છના અખાતને મળનારી નદીઓ—આજી.
કચ્છના રણમાં જનારી—મચ્છુ, ફુલકુ, બાંભણુ, બનાસ, સરસ્વતી.
આરબી સમુદ્રને મળનારી—સિંધુ, ભાદર, તાપી અને દમણગંગા.
ખંભાતના અખાતને મળનારી—સાબરમતી, મહી, ઢાઢર, કીમ, નર્મદા, શેત્રુંજી અને સુકભાદર.
બંગાળાના ઉપસાગરને મળનારી—ગોદાવરી અને કૃષ્ણા.

નદીઓનો સંગમ.

કાવેરીને—અંબિકા તથા ખરેરા મળેછે.
સાબરમતીને—વાત્રક, ભોગાવો, હાથમતી અને ખારી.
વાત્રકને—મેશ્વો, શેઢી અને માજુમ મળેછે.
શેઢીને—મહોર અને લુણી.
નર્મદાને—ઉમરાવતી.

તાપીને—પાંજરા અને ગિરણા.

હાઢરને--વિશ્વામિત્રી.

ભીમાને—સિના, નીરા અને મુળામુઠા.

કૃષ્ણાને—ભીમા, પંચગંગા, તુંગભદ્રા, ઘટપ્રભા, મલપ્રભા ને વારણા.

તુંગભદ્રાને—વરધા ને શેરવતી.

બેટ—બેટ, દીવ, શિયાળ, પીરમ, મુંબઈ, ધારાપુરી અને સાષ્ટિ.

બંદર—કરાંચી, માંડવી, દ્વારકાં, પોરબંદર, માંગરોળ, વેરાવળ, દીવબંદર, જાફરાબાદ, મહુવા, ઘોઘા, ભાવનગર, ધોળેરા, ખંભાત, ભરૂચ, સુરત, વસાઇ, મુંબઇ, રાજાપુર, વિજયદુર્ગ, ગોવા, સદાશિવગઢ, કારવાડ, કુંપટા અને હોનાવર વગેરે છે; એઓમાં **કરાંચી, મુંબઇ** અને **કારવાડ** એ સૌથી વધારે સગવડવાળાં ને મોટાં બંદર છે.

જાત્રાનાં ઠેકાણાં–હિંગળાદ (સિંધમાં) નારાયણસર, કોટેશ્વર, માતાજીનો મડ (કચ્છમાં), દ્વારકાં, બેટ, ગિરનાર, પ્રભાસપાટણ, શેત્રુંજો, ડાકોર, ઓચરાજી, અંબાજી, શામળાજી, સિદ્ધપુર, વડતાલ, શુકલતીર્થ, ચાણોદ, કન્યાળી, નાશક, ત્ર્યંબક અને પંઢરપુર એ હિંદુ લોકનાં; ઉદવાડા એ પારસીનું, ને પીરાણા મુસલમાનનું.

પવિત્ર નદીઓ—સરસ્વતી, નર્મદા અને ગોદાવરી વગેરે.

હવા ખાવાની જગાઓ—કચ્છમાંડવી, બાલાચડી, વેરાવળ, ગોપનાથ, ડુમસ, તીથલ, ડુંગાર, પુરંદર, ખંડાલા, પુણા, મહાબળેશ્વર અને માથેરાન વગેરે.

ફિરંગીનાં સંસ્થાન—દીવ, દમણ અને ગોવા.

હબસીનું સંસ્થાન—જંજીરા, એ ખંડણી આપતું નથી. કાઠિયાવાડમાં આવેલો જાફરાબાદ તાલુકો, એ જંજીરાના તાબામાં છે.

દ્વીપકલ્પ—કાઠિયાવાડ.

ભૂશિર—જગતપોઈંટ, દીવ અને રામાસ,
અખાત—૧. કચ્છનું અખાત તથા ૨. ખંભાતનું અખાત.
લશ્કરની છાવણી—ભૂજ, રાજકોટ, અમદાવાદ, ડીસા, વડોદરા, માલેગામ અને પુણા.
અરબસ્તાનમાં મુંબઈ તાબાનાં સંસ્થાન—એડન બંદર, અને પેરિમ બેટ.

બેવડાં નામ.

શિકારપુર=ખોરાસાનની ભાગોળ. સિંધુ=અટક. દેવળગામ=કરાંચી બંદર. નગરઠઠ્ઠા=બ્રાહ્મણાબાદ. કાઠિયાવાડ=સૌરાષ્ટ્ર. નવાનગર=જામનગર અથવા નગર. સોમનાથ પાટણ=પ્રભાસપાટણ. શેત્રુંજે=સિદ્ધાચળ. પોરબંદર=સુદામાપુરી. અમદાવાદ=રાજનગર. સિદ્ધપુર પાટણ=અણહિલપુરપાટણ. વડોદરા=વીરક્ષેત્ર. નર્મદા=રેવા. સહ્યાદ્રિ=પશ્ચિમઘાટ. ધરમપુર=રામનગર.

વખણાએલી વસ્તુવાળાં ઠેકાણાં.

હૈદરાબાદ—સોનેરી ભરત. **ભૂજ**—સોનારૂપાનો ઘાટ તથા ભરત. કચ્છ અને **કાઠિયાવાડના** ઘોડા. કચ્છ ને **કડીપ્રગણાના** બળદ—અંજારનાં છરી, ચપ્પુ. માતાજીનો મઢ-ફટકડી. **જામનગર**-કંકુ, બાંધણી, બંદૂક ને મોતી. **ચોરવાડ**—નાગરવેલનાં પાન. **ભાલ**—ઘઉં. **સિહોર**—તાંબાપીતળનાં વાસણ. **ધ્રાંગધ્રા** ને **બડી**-પથ્થર. **લીંબડી**—સૂડીઓ. **અમરેલી**—ચોફાળ. **ધોળેરા**—રૂ. **અમદાવાદ**—રેશમી કાપડ. **પાટડી ને ખારાઘોડા**—ગડાગરૂં મીઠું. **કાસિંદ્રા અને ગણદેવી**—ગોળ. **વડનગર**—સતાર, સારંગી. **વિશનગર**—તાંબાપીતળનાં વાસણ ને હળદર **વિજાપુર**—અફીણ. **પાટણ**—પટોળાં, સૂડી ને માટીનાં વાસણ. **પેથાપુર**—બાંધણી, વાગડીઆં ને બંદૂક. **આત્રસુંબા**—લોઢાની છરીઓ. **કપડવંજ**—કાચ ને સાબુ.

આમોદ—ચપ્પુ. **ખંભાત**—સુતરફેણી ને અકીકના પથરાપરની નકશી રેવાકાંઠા—કાટ. **સુરત**—બરફી **પુના**—તાંબાપીતળનાં વાસણ અને પાન **નાશક**—તાંબાપીતળનાં વાસણ. **ધારવાડ**—રૂ. **થાણ**.—અબોટીઆં. **પેંઠ**—પાઘડી. **બુરાનપુર**—શેલાં. **મીરજ—સા**રંગી અને તબુરા.

મુંબઇ ઇલાકામાં સૌથી મોટી નદી—સિંધુ. શેહેર-બંદર-**અ**ને બેટ-મુંબઇ પર્વત-સહ્યાદ્રી. દેશી રાજ્ય-વડોદરા. જીલ્લો—**ખાનદેશ**. તાલુકો-ધંધુકા.

ધર્મ—હિંદુ, એ ધર્મના ઘણાજ પંથ છે; તેમાં જૈન, વૈશ્નવ, શૈવ, રામાનુજ અને સ્વામિનારાયણનો એ વગેરે અનેક છે. એ વિના મુસલમાની, જરતોસ્તી (પારસીનો), અને ખ્રીસ્તિ વગેરે છે.


નીચેનું શું છે તે કહો અને તે નકશામાં બતાવો.

अ. અકોલં, અગાશી, 'અમદાવાદ' 'અમરેલી,' અંલીણા. અક્લકોટ, અહમદનગર, 'અહમદનગર' અથણી, અલીબાગ. आ. 'આરાસુર'. 'આમોદ, આબુ, 'આતરસુંબા' આણંદ. ई. ઇલાવ, ઇડર, ઇલોલ, ઇંટોલા. उ. 'ઉમરકોટ,' 'ઉદવાડા.' ઉમરાવતી, ઉમરેઠ, ઉવારસદ. 'ઊંઝા,' ઉત્તર મહારાષ્ટ્ર, ઉમરગામ. ओ. ઓરપાડ, ઓરંગા, ઓઝત, ઓખામંડળ, अं. અંજાર. અંબિકા, અંકલેશ્વર. क. કચ્છનું અખાત, 'કુંતા', કડી, કોરેગામ, કૃષ્ણા. કુંપટા, 'કપડવંજ' કલોલ, કાલોલ, કેલવામાહીમ, કોડીનાર, કંથકોટ, 'કરાંચી', 'કન્યાળી, કોત્રી, કોકણ, કીમ, કાઠિયાવાટ, 'કારવાડ' કઠલાલ. કાળો, કેટી. કચ્છ, 'કાસિંદ્રા,' કુંડલા, 'કોટેશ્વર' કોલાપુર, કલાદગી, કલ્યાણ. ख. 'ખારાઘોડા' ખૈરપુર, ખારી, ખંભાતનું અખાત, ખેડા, ખંભાળીઆ, 'ખંભાત' ખેરાળુ, ખડકી, ખંડાળા. ग. 'ગિરનાર', 'ગણદેવી', ગોંડળ, ગોહેલવાડ, 'ગોધરા', 'ગઢડા' ગોદાવરી, ગીરણા, 'ગોવા'. ગૂજરાત. घ. ઘોઘા, ઘટપ્રભા. च. ચાંદવડ, ચીતળ, ચીખલી, ચાણોદ', ચમારગામ, ચાક, 'ચાંપાનેર' ચોટીલો, ચાણાસમા, ચાળીસગામ. छ 'છરવાડા' છોટાઉદેપુર, છાણી. ज જુનાગઢ, જામનગર, જાફરાબાદ, જેકબાબાદ, જોડીઆ,

જેતપુર, જલાલપોર, જમ્બૌ, જસદણ, જત, જુન્નર. જવાર. જંજીરા, જમખિંડી. झ. ઝાલોદ, ઝાલાવાડ. ट. ટુંકાર, ટંકારીઆ. ठ. ઠઠ્ઠા, ઠાસરા. ड. 'ડાકોર' ડીસા', 'ડભોઈ' ડાંગરવા. ढ. ઢાઢર. त. તાપી, તળાજા, તુળા, તેરા, ત્રંબક, તુંગભદ્રા. थ. થરપારકર, થાણા, થરાદ. द. 'દમણ' દમણગંગા, દક્ષિણમહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા. દાહોદ. દીવ, દ્વારકાં, દાંતા, દહાણું. ध. ધોળકા, ધોળ, ધોળેરા. ધીણોધાર, ધંધુકા. ધારી, ધાગધરા, ધોરાજી, ધરમપુર, ધુળીઆ, 'ધારવાડ' न નગરપારકર', નર્મદા' 'નવાનગર' નનામો, નડીઆદ, નળીઆ, નાપાડ. નાગમંદી નાહોદ, નખત્રાણા, 'નાશક', 'નારાયણસર', નવીબંદર, નવસારી, નંદુરબાર. નસીર બાદ, નીરા. प. પશ્ચિમઘાટ. પૂર્ણા, પ્રાંતીજ, પોરબંદર, પાવાગઢ. પંઢરપુર'. પાદરા, પ ર. 'પાટડી' પાલીટાણા, પળ, પરડી, પેથાપુર, પ્રભાસપાટણ, પેટલાદ, પાલણપુર, 'પાટણ', પુરંદર; 'પેંઠ', 'પુણા, પાજરા, પનવેલ. फ ફલટણ. ब બુરાનપુર, બાવળા, બફર, બારડોલી, બાટવા, બેટ બગસરા. બુલાગો, બોરસદ, બરડો, બન્નાણા, બારીઆ, બીલીમોરા, બારસી, બાગલકોટ, બનારસ. બેલગામ. બદામી, બીલખા, બાગેવાડી, બંકાપુર. भ. ભચાઉ, ભરૂચ' 'ભાદર', 'ભૂજ' 'ભાવનગર', ભાદરવા, ભાદરણ. ભોર, ભુશાવળ. 'ભીમડી'. म. મહેમદાવાદ, 'માંડવી', માંડવી, માતર, મુંબઈ ઈલાકો, મિરજ ગૃી, મિંઢોળા, મહુવા, માંડળ, મહી, મચ્છુ, મંચર, મુંદરા, મેશ્વો, માંગરોળ. માણસા, માતાજીનો મઢ, માતર, 'મોરબી' મોઢેરા, મોટામા, મહુવા, મોહનપુર, માત્રુમ, મહીકાંઠો, મેહેસાણા, મિયાગામ, માલેગામ, મનમાડ, 'મૂળી' 'મહાબળેશ્વર', મુળામુઠા, માળીઆ, માહીમ, 'મીરજ', મલપ્રભા, 'મુંબઈ'. य યેવલે र. રાજપુર, 'રાણપુર', રત્નાગિરિ. રૂકમાવતી, રવાકાંઠા, રાપર, રાદેર, રાજકોટ, રાધનપુર. ल. લારખાના, લાઠી, લુણી, લખપત, લખતર, લાકડીઆ, 'લસુંદ્રા'. 'લીંબડી', લુણાવાડા. व. વડોદરા, વાસદ, વઢવાણ, વિજાપુર, 'વલ્લભીપુર', 'વિજાપુર', વલસાડ, 'વડતાલ', વાંકાનેર વાલોડ, વાડાસિનોર, વેરાવળ, વાગરા, વરસોડા, વળા, વ્યારા, વારાઈ, વીરપુર, વિરમગામ, વાત્રક, વાંકાનેર, વિશ્વામિત્રી, 'વીશનગર', વૈઠા, વાલાકગીર, વવાણીઆ, વડનગર, વરવાળા, વાંસદા, વસાઇ, વિજયદુર્ગ વિંગોરલા, વસો, વાવ, 'વલ્લભીપુર'. श. શેઢી, શિકારપુર, 'શુકલતીર્થ', 'શેત્રુંજો', શેત્રુંજી, શા-

હબંદર, શીનોર, શિરહતી. સ. સદાશિવગઢ, સાણંદ,સહ્યાદ્રિ, સિંધ,સાદરા, સરસ્વતી, સાવનુર, સાતપુડા, સુથરામપુર,સિંધુ, સાવલી, સોલાપુર, સિહોર, સક્કર, સુરત, સેવાન, સાબરમતી, સાયલા, સિદ્ધપુર, સોરઠ, સંખેડા, સોનગઢ, સચીન, સતારા, સિન્નર, સીના,સાંગલી, સુલેમાન, સાવંતવાડી. હ હાલા, હાલાર, હૈદરાબાદ, હાંસોટ, હાલોલ, હાથમતી, હુબલી અને હોનાવર.

નકશાની દિશાઓની સમજણ.



નકશાભણી મોં કરી ઉભા રહીએ તો મથાળે **ઉત્તર** દિશા, નિચે **દક્ષિણ** દિશા, ડાબા હાથ તરફ **પશ્ચિમ** દિશા અને જમણા હાથ તરફ **પૂર્વ** દિશા આવેછે.

જમીનના ભાગની વ્યાખ્યા.

જમીનના મોટા ભાગ, જેમાં ઘણા દેશો આવેલા હોય તેને ખંડ કહેછે.

જમીનનો જે ભાગ ચોતરફ પાણીથી વિંટળાએલો હોય તેને **દ્વીપ, બેટ** કે **ટાપુ** કહેછે. બેટથી ઉલટું **તળાવ.**

જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી, અને એક બાજુએ જમીન આવેલી હોય તેનું નામ **દ્વીપકલ્પ.**

જમીનની જે અણી લાંબી થઈને સમુદ્રમાં ગયેલી હોય તેને **ભૂશિર, ભૂશલાકા, કેપ, હેડ** અથવા **બિંદુ** કહેછે. ભૂશિરથી

ઉલટો અખાત.

ડુંગર કે પર્વતોની વચ્ચેના નીચા પ્રદેશને **ખીણ** કહેછે. જમીનના થોડા ઊંચા ભાગને **ડુંગર**, વધારે ઊંચા ભાગને **પર્વત**, તળીએથી સંધાએલા ડુંગરાને **હાર**, અને નીચી ટેકરીઓને **ધાર** કહેછે.

જે જમીન પર ઘણા ગાઉ સુધી બહુજ રેતી હોય ને ઝાડ ઉગે નહીં, પાણી મળે નહીં તેને **રણ** કહેછે.

સપાટ જમીનના વિશાળ પ્રદેશને **મેદાન** કહેછે.

નદી કે દરિઆ કાંઠે જે શહેર હોય ને ત્યાંથી વહાણથી માલ આવતો જતો હોય તે **બંદર** કહેવાયછે.

જે જગોએથી આગગાડીમાં ચડાતું ઉતરાતું હોય તે **રેલવે-સ્ટેશન** કહેવાયછે.

સરકારના ખાલસા મૂલકને **જીલ્લો** કહેછે. જીલ્લાના ઉપરી અમલદારને **કલેકટર** કહેછે.

જે ભાગમાં નાના મોટા ખંડીઆ રાજા રાજ કરતા હોય તેવા મૂલકને **એજન્સિ** કહેછે.

એજન્સિનો જે ઉપરી અમલદાર હોય તેને **પોલિટિકલ એજંટ** કહેછે.

પાણીના ભાગની વ્યાખ્યા.

પૃથ્વીના મોટા ભાગ ઉપર ફેલાએલો ખારા પાણીનો જે સમુદાય. તેને **મહાસાગર** કહેછે.

ખારા પાણીનો જે ભાગ, મહાસાગર કરતાં નાનો હોય તેને **સાગર, સમુદ્ર** કે દરિઓ કહેછે.

સમુદ્રનું પાણી વારાફરતી ચડે તેને **ભરતી** અને ઉતરે તેને **ઓટ** કહેછે.

સમુદ્રનો જે ફાંટો લાંબો થઇને જમીનમાં પેઠેલો હોય તેને **અખાત** કહેછે. અખાતથી ઉલટો **ભૂશિર.**

અખાતનું મોં પહોળું હોયછે તેને **ઉપસાગર** કહેછે.

જે નાનો પાણીનો ભાગ, પાણીના બે મોટા ભાગને સાંધેછે તેને **સામુદ્રધુની** કહેછે.

પાણીનો જે ભાગ જમીનથી ચોતરફ ઘેરાએલો હોય તેને **સરોવર** કહેછે. સરોવરથી નાનું હોય તો **તળાવ** કહેવાયછે. તળાવથી ઉલટો **બેટ.**

મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઈને સમુદ્રને મળેછે તેને **નદી** કહેછે. નદી અતિશય મોટી હોય તેને **નદ** કહેછે.

નદી જ્યાંથી નીકળે તે ઠેકાણાને તેનું **મૂળ.** ને સમુદ્ર વગેરેને મળે તે ઠેકાણાને તેનું **મુખ** કહેછે.

સમુદ્રનો સાંકડો પટ કે ભાગ જમીન ઉપર ધસી આવેલો હોય અથવા જમીનથી તેનું રક્ષણ થતું હોય તેને **નળ** કહેછે.

જે જગોએ નાની નદી મોટી નદીને મળેછે તેને **સંગમ** કહેછે.

સમુદ્રને મળતા પહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું થાયછે તેને **ખાડી** કહેછે.

☞ગુજરાતમાંનો ઇંગ્રેજી ખાલસા મૂલકનો ઘણો ભાગ ગાયકવાડ પાસેથી, મહારાષ્ટ્ર અને દક્ષિણ મહારાષ્ટ્ર દેશો પેશ્વા પાસેથી, અને સિંધ પ્રાંત તેના અમીરો પાસેથી ઇંગ્રેજ સરકારે લીધોછે. ઉત્તર કાનડા એ મદ્રાસ ઇલાકાનો ભાગ હતો તે ઇ૦ સ૦ ૧૮૬૧ માં આ ઇલાકામાં નાખ્યોછે.

ગૂજરાતનો ઇતિહાસ.

આ પ્રાંતમાં ગુર્જર લોકો આવીને વસ્યા તેપરથી આ પ્રાંતનું નામ **ગૂજરાત પ્રાંત** પડયુંછે. **ઇતિહાસ** એટલે જે પ્રમાણે વાત બની હોય તે પ્રમાણે બરાબર કહેવી તે.

આપણે બધા ગૂજરાત પ્રાંતના રહેવાશી છીએ. ગૂજરાતમાં હાલ મુખ્ય રાજ્ય ઇંગ્રેજ સરકારનું છે. ઇંગ્રેજ સરકારનું રાજ્ય થયા પેહેલાં ગૂજરાતમાં મરેઠા રાજા રાજ કરતા હતા. એ મરેઠા રાજા મહારાષ્ટ્ર દેશના રહેવાશી હતા. હજીએ આપણા ગૂજરાત દેશમાં વડોદરાનું દેશી રાજ્ય ગાયકવાડ સરકારને તાબે છે. એ ગાયકવાડ જાતે મરેઠા છે. મરેઠાની પેહેલાં ગૂજરાતમાં મુસલમાન લોકોનું રાજ્ય હતું, અને મુસલમાનોની પેહેલાં આખા દેશમાં રજપૂત રાજાઓનું રાજ્ય હતું. ગૂજરાતમાં રાજ ગાદી પાંચ ઠેકાણે થઇ તેનાં નામ—૧. દ્વારકાં, ૨. વલ્લભીપુર, ૩. પચાસર, ૪. અણહિલપુર પાટણ, અને ૫. અમદાવાદ.

૧. દ્વારકાં—એ ગૂજરાત પ્રાંતની સૌથી જૂની રાજધાની હતી, ત્યાં અસલ કૃષ્ણ નામે જાદવકુળના રાજા રાજ કરતા હતા. એક વખતે એ વંશના હજારો માણસો સોમનાથ પાટણની જાત્રા કરવા ગયાં ત્યાં કેફ કરી માંહોમાંહી લડી મૂઆં, એ જગો "**જાદવાસ્થળી**"ના નામથી પ્રખ્યાત છે.

૨. વલ્લભીપુરનું રાજ્ય—ઇ૦ સ૦ ૧૪૪ થી ૩૪૪ સુધી.

આ નગર ભાવનગરની ઉત્તરે થોડા ગાઉપર વળા ગામની પાસે હતું, ત્યાં હાલ *ખંડેર છે. એ રાજ્યનો વિસ્તાર કેટલો હતો, અને

*પડી ભાગેલું ગામ કે સહેર વગેરે હોય તેને ખંડેર કહેછે.

સાંના રજપૂત રાજા ક્યાંથી આવ્યા હતા તેની નક્કી ખબર માલમ પડતી નથી. જૈન તથા બૌદ્ધના પુસ્તકો ઉપરથી તેની કેટલીક હકીકત માલમ પડે છે. અગાઉ એ મોટા રજપૂત રાજ્યની રાજધાની હતું. તેની ગાદીએ ૧૮ રાજા થયા, તેમાં છેલ્લા પાંચ રાજા શીલાદિત્ય, એ નામથી ઓળખાતા. પાંચમો શીલાદિત્ય શિવમાર્ગી અને વેદધર્મી હતો. તે રાજ્ય શી રીતે નાશ પામ્યું તેની બરાબર ખબર પડતી નથી. એ રાજ્યનો નાશ થયા પછી સોરઠમાં આવેલા સોમનાથપાટણના ચાવડા રાજા, ઝાલાવાડની ઉત્તરે ઝીંઝુવાડાની પાસે પચાસર નામે શહેર વસાવી ત્યાં રાજ કરવા લાગ્યા. ચાવડા વંશનો અમલ ઇ સ. ૬૯૬થી ૯૪૨ સુધી ૨૪૬ વર્ષ ચાલ્યો.

૩. પંચાસરનું રાજ્ય.

જયશિખરી ચાવડો, (ઇ. સ. ૬૯૬)

એ પંચાસરનો રાજા હતો. એના વખતમાં દેશ આબાદ હતો. રૈયત પૈસે ટકે સુખી હતી. ચોર લુટારાની બીક નહોતી. તેના રાજ્યમાં **શંકર** નામે કવિ હતો; તે એક વાર કનોજ દેશના કલ્યાણી નગરના સોલંકી વંશના ભૂવડ રાજાના દરબારમાં ગયો, ને ત્યાં ગૂજરાત દેશના તથા જયશિખરી રાજાના બહુ બહુ વખાણ કર્યા. એ વાતથી ઘણોજ મોહ પામીને ભૂવડ રાજાએ ગૂજરાત જીતવાને પોતાના સરદાર મીરને લશ્કર આપીને મોકલ્યો. તેણે ગૂજરાતમાં આવી લુટફાટ કરવા માંડી ત્યારે જયશિખરીએ પોતાના સાળા **સુરપાળને** તેની સામે મોકલ્યો તેણે મીરને હરાવી પાછો કાઢયો. પછી ભૂવડ પંડે લડવા આવ્યો; ને પંચાસરને ઘેરો ઘાલ્યો. બાવન દિવસ લડાઇ ચાલી, તેમાં બન્ને તરફના હજારો સિપાઇઓ કપાઇ મુઆ. જયશિખરી રાજા પણ એ લડાઈમાં મરાયો. જયશિખરીની રાણી રૂપસુંદરી ભારેવગે હોવાથી તેનો

બાઇ સુરપાળ તેને વગડામાં મૂકી આવ્યો. ભૂવડે પંચાસર જીતી ત્યાંથી આગળ જઇ સોરઠ અને કચ્છ વગેરે જીતી લીધાં ને ત્યાં રાજ્ય વહીવટ કરવા પોતાનો પ્રધાન નીમીને તે પોતાને દેશ ગયો. ભૂવડે ગૂજરાત દેશની ઉપજ પોતાની દીકરી મીનળદેવીને આપી હતી.

૪. અણહિલ્લપુરપાટણનું રાજ્ય.

વનરાજ—૭૪૬થી—૮૦૬—૬૦ વર્ષ. જયશિખરી મરાયાથી સુરપાળ પોતાની બેન પાસે નહીં જતાં સોરઠના ડુંગરમાં ભરાઇ રહ્યો. રાણી રૂપસુંદરી વગડામાં રહેતી હતી, તેની બરદાસ ચાકરી એક ભલી ભીલડીએ કરી. રૂપસુંદરીને વૈશાખી પુનેમે કુંવર અવતર્યો, તે વનમાં અવતરવાથી તેનું નામ **વનરાજ** પાડયું. વગડામાં વનરાજ છ મહિનાનો થયો એવામાં **શીલગુણસુરી** નામનો જતિ ત્યાંથી જતો હતો, તેણે રૂપસુંદરી અને વનરાજને ઓળખ્યાં તેથી તેઓને પોતાના અપાસરામાં આણી રાખ્યાં. તે જગાએ વનરાજકુંવર ઉછર્યો.

પોતાની બેનને કુંવર અવતર્યાની સુરપાળને ખબર પડી એટલે તે તેની કને ગયો. વનરાજ મોટી ઉમરનો થયો એટલે પોતાના મામા સુરપાળ સાથે ભૂવડ રાજાની સામે બારવટું કરવામાં સામેલ થયો, ને ભૂવડના માણસોને હેરાન હેરાન કરવા લાગ્યો. સુરપાળ મરણ પામ્યાથી વનરાજ એકલો થઇ રહયો પણ પછી નવા મદદગારો વધવાથી તેણે રાજ્યપદ ધારણ કર્યું.

ગૂજરાતની ઉપજ ભૂવડે પોતાની દીકરી **મીનળદેવીને** આપી હતી, તેના માણસો ગૂજરાતમાંથી ઘણોજ પૈસો અને ઘોડા વગેરે પોતાને દેશ લઇ જતા હતા. તેમને વનરાજે લૂટી લીધા અને પછી સરસ્વતી નદીને કાંઠે રાજધાનીનું નવું શેહેર વસાવ્યું.

અણહિલ—નામના ભરવાડે વનરાજને વગડામાં સંતાવાની જગો તથા છાના રસ્તા બતાવ્યા હતા, તેથી એ શહેરનું નામ

અણહિલવાડપાટણ પાડ્યું. પોતાની ઘરડી મા તથા શીલગુણસુરી ગુરને એ શેહેરમાં આણ્યાં. **શ્રીદેવી** નામની વાણિયાણે વગડામાં **તેની** **પરોણાચાકરી** કરી હતી માટે ગાદીએ બેસતી વખતે વનરાજે તેને હાથે તીલક કરાવ્યું. **ચાંપા** નામના વાણિઆએ પૈસા વગેરેની મદદ આપી હતી તેને પોતાનો પ્રધાન ઠરાવ્યો. એ ચાંપાએ પછી ચાંપાનેર વસાવ્યું. વનરાજ અણહિલવાડમાં ૬૦ વર્ષ રાજ્ય કરી ૧૧૦ વર્ષની ઉમરે મરણ પામ્યો. પછી એનો કુંવર યોગરાજ ગાદીએ બેઠો.

યોગરાજ—૮૦૬—૮૪૨—૩૬ વર્ષ. એ રાજા એના બાપની પેઠે સદ્ગુણી ને પરાક્રમી હતો. તેણે રાજ્યમાં તથા ઉપજમાં વધારો કર્યો. તે લડાઇમાં ચતુર ને શૂરો હતો. તીર મારવામાં હુંશીઆર હતો, તે બાણાવળી કહેવાતો. સારી રીતે ભણેલો હતો. એણે એક પુસ્તક પણ બનાવ્યું હતું. તેના કુંવર ક્ષેમરાજે એકવાર પરદેશી વહાણ લૂટવાથી તેણે તેને ઘણો ઠપકો આપ્યો હતો. પછી **ક્ષેમરાજ** ગાદીએ બેઠો.

ક્ષેમરાજ—ઇ. સ. ૮૪૨—૮૬૬—૨૪ વર્ષ. એણે પોતાનું **રાજ્ય** ને દોલત વધારી. એનો સ્વભાવ તીખો હતો, તેથી પોતાનાં **સગાં** વહાલાં જોડે સંપ નહોતો. એના પછી એનો દીકરો ભૂવડ ગાદીએ બેઠો.

ભૂવડ—ઇ૦સ૦ ૮૬૬—૮૯૫—૨૯ વર્ષ. એનું બીજું નામ **પીથુ** હતું. એના વખતમાં જાણવા જેવી બીના બની નથી. એના પછી એનો દીકરો વીરસિંહ ગાદીએ બેઠો.

વીરસિંહ—૮૯૫—૯૨૦—૨૫ વર્ષ. એના વખતમાં પણ જાણવા લાયક બીના બની નથી. એના પછી એનો દીકરો **રત્નાદિત્ય** ગાદીએ બેઠો.

રત્નાદિત્ય—૯૨૦—૯૩૫—૧૫ વર્ષ. એ પોતાના સારા ગુણને **માટે** વખણાયોછે. તે પોતાનું વચન પાળનાર, સાચો, શૂરો ને શરીરે બળવાન હતો. લુચ્ચા, ચોર અને ઠગારા વગેરે અપરાધીઓને દેશ-

માંથી કાઢી મૂકી તેણે રૈયતને ઘણુંજ સુખ આપ્યું હતું. એના પછી એનો દીકરો સામતસિંહ ગાદીએ બેઠો.

સામતસિંહ–૯૩૫–૯૪૨–૭ વર્ષ. એ નબળો અને દુર્ગુણી હતો. તે ચાવડા વંશનો છેલ્લો રાજા હતો. એને એક કુંવર નહોતો. તેણે એકવાર દારૂના કેફમાં પોતાના ભાણેજ મૂળરાજને રાજ્ય આપી દીધું, પણ ભાન આવ્યા પછી રાજ્ય પાછું માગ્યું; તેથી મૂળરાજ, પોતાના મામા સામતસિંહને તેમજ મોસાળ પક્ષના બીજા તમામ માણસને મારી નાખીને પોતે ગાદીએ બેઠો.

સોલંકી વંશ.

જયશિખરીની સાથે લડનાર કલ્યાણીના રાજા **ભૂવડની** ચોથી પેઢીએ ભુવનાદિત્ય નામનો રાજા થયો, તેને ત્રણ દીકરા હતા તેનાં નામ—૧. **રાજ**, ૨. **બીજ**, અને ૩. દંડક. એ ત્રણે ભાઇ-ઓ સોમનાથની જાત્રા કરવા આવ્યા હતા, ત્યાંથી પાછા જતાં અણ-હિલવાડ પાટણ આવ્યા, ત્યારે રત્નાદિત્યની કુંવરી લીલાદેવીને રાજની સાથે પરણાવી હતી, એ લીલાદેવીને મૂળરાજ નામે કુંવર થયો.

મૂળરાજનો જન્મ થતી વખતે તેની મા મરણ પામી તેથી તેનું પેટ ચીરી તેને જીવતો કાઢી લીધો હતો એમ કહેવાય છે. તેનો જન્મ મૂળ નક્ષત્રમાં થવાથી તેનું નામ મૂળરાજ પાડયું હતું.

મૂળરાજ––૯૪૨–૯૯૭–૫૫ વર્ષ. આ રાજા ગાદીએ બેઠો તેથી બીજા રાજાઓને અદેખાઇ આવી. ઉત્તર દિશાથી **અજમેરનો રાજા** અને દક્ષિણ દિશાથી તેલંગણના રાજાનો સેનાપતિ **બાર્પ** તે-નાપર એકી વખતે ચડી આવ્યા.

મૂળરાજે ધાર્યું કે હું એ બન્ને દુશ્મનને એક સાથે પહોંચી શકીશ નહીં તેથી તેણે અજમેરના રાજાને કેટલુંક ધન આપી પાછો

કાઢ્યો, પછી તૈલંગણના સરદાર બાર્પ સાથે લડાઈ કરી તેને હરાવીને નસાડયો.

આ વખતે ગૂજરાતમાં પ્રખ્યાત તીર્થનું ઠેકાણું સોમનાથ હતું. ત્યાં જાત્રા કરવા જનાર લોકોને સોરઠનો રાજા ગ્રહરિપુ લુટવા લાગ્યો, તેથી તેનાપર મૂળરાજે ચડાઇ કરી. ગ્રહરિપુને મદદ કરવા કચ્છનો રાજા લાખો તેમજ તેના બીજા કેટલાક મિત્ર અને તાબાના રાજા આવ્યા હતા, તેથી તેની પાસે જબરૂં લશ્કર થયું હતું. તે બધાને મૂળરાજે હરાવ્યા. ગ્રહરિપુ અને લાખાને લડાઈમાં મારી નાખવાથી એ ભાગમાં મૂળરાજનો અમલ પાછો જામ્યો.

મહી અને નર્મદાની વચ્ચેના લાટ દેશના રાજાએ મૂળરાજનું અપમાન કર્યું, તેથી મૂળરાજના કુંવર ચામુંડે ચડાઇ કરીને તેનું રાજ્ય જીતી લીધું.

મૂળરાજના રાજ્યનો વિસ્તાર આબુથી નર્મદા સુધી હતો. એણે કેટલાંક શિવનાં દેરાં બંધાવ્યાં. સિદ્ધપુરમાં રૂદ્રમાળાનું દેરૂં ચણાવવા માંડયું હતું, પણ તે તેના અમલમાં પુરૂં થયું નહોતું. એણે પોતાના મોસાળીઆને મારી નાખેલા તેનો તેને ઘડપણમાં બહુજ પસ્તાવો થયો. એ મહા પાપમાંથી છુટવા સારૂ તેણે બ્રાહ્મણોને બહુ દાન આપ્યાં. વધારે બ્રાહ્મણોનો ખપ પડવાથી ઉત્તરમાંથી (ઉદિચ્ય) બ્રાહ્મણોને બોલાવી કેટલાંક ગામ દાનમાં આપીને ગુજરાતમાં વસાવ્યા; અને પછી પોતાના કુંવર ચામુંડને રાજ્ય સોંપી મૂળરાજે તીર્થમાં રહી પોતાની બાકીની જીંદગી પૂરી કરી.

મૂળરાજ બુદ્ધિવાન અને પરાક્રમી, પણ લોભી ને દુષ્ટ હતો.

ચામુંડ–૯૯૭–૧૦૧૦–૧૩ વર્ષ. તેણે પોતાનું રાજ્ય **સારી રીતે** ચલાવ્યું. તેને ત્રણ કુંવર હતા—**૧. વલ્લભસેન, ૨. દુર્લભસેન, ૩. નાગરાજ.** ચામુંડ તેર વર્ષ રાજ્ય કરી **૯૦ સ૦**

૧૦૧૦ માં મોટા કુંવર વલ્લભસેનને રાજ્ય સોંપીને કાશીએ ગયો.

વલ્લભસેન—૧૦૧૦—૧૦૧૦-૦. એ દયાળુ અને સાચુ બોલનાર હતો. ગાદીએ બેઠા પછી થોડે મહિને શિતળાના રોગથી તે મરણ પામ્યો, તેથી ચામુંડ કાશીએથી પાછો આવ્યો, ને દુલ્લભસેનને ગાદી આપી પોતે સાધુ થઇ શુક્લતીર્થમાં જઈ રહ્યો, ને કરેલાં પાપનો પસ્તાવો, તથા વલ્લભસેન મુઆનો શોક કરતો મરણ પામ્યો.

દુલ્લભસેન-૧૦૧૦-૧૦૨૨-૧૨ વર્ષ. એણે રાજ્યકારભાર ઠીક ચલાવ્યો. તળાવ તથા દેરાં બંધાવ્યાં. દેશ આબાદ કર્યો. દુલ્લભસેન મારવાડના મહેંદ્ર રાજાની બેન વેરે પરણ્યો હતો, અને પોતાના ભાઇ નાગરાજને પોતાની સાળી સાથે પરણાવ્યો હતો. દુલ્લભસેનની બેન મહેંદ્ર રાજા સાથે ઇચ્છાવર પરણી હતી. દુલ્લભસેનની પછી તેના ભાઇ નાગરાજનો કુંવર ભીમદેવ ગાદીએ બેઠો.

ભીમદેવ પેહેલો— ૧૦૨૨-૧૦૭૨-૫૦. એના અમલમાં ગિજનીના પ્રખ્યાત સુલતાન મહમૂદે સને ૧૦૨૪ માં ઓચિંતી ગૂજરાત ઉપર ચડાઈ કરી. તેની સામે થવાને ભીમદેવ એકદમ તૈયારી કરી શક્યો નહીં બીજા રાજાઓને પોતાની મદદે લઇ પ્રભાસપાટણ આગળ સુલતાન મહમૂદ સામે ખુબ જુસ્સાથી લડ્યો, અને હારતાં હારતાં પણ ત્રણ હજાર મુસલમાનોને કાપી નાંખ્યા. મહમૂદ જીતવાથી ભીમદેવ કચ્છ ભણી નાશીને પોતાના કંથકોટ નામના કિલ્લામાં ભરાઇ રહ્યો પછી મહમૂદે પ્રભાસપાટણમાં સોમનાથની મૂર્તિના ત્રણ કકડા કરીને તેને મક્કે, મદીને તથા ગિજની મોકલ્યા; ને દેરૂં લૂટી લીધું. સોમનાથની મૂર્તિમાંથી કરોડો રૂપિયાની દોલત નીકળી. પછી ભીમદેવને શિક્ષા કરવા સારૂ મહમૂદ કંથકોટ ગયો ને તેને ઘેરો ઘાલ્યો, પણ ભીમદેવ તેમાંથી નીકળીને નાઠો. મહમૂદ રણને રસ્તે પોતાને દેશ જવા નીકળ્યો, તેમાં તેના હજારો માણસો પાણી

વિના તરફડી તરફડીને મુઆ. બાપડા હિંદુઓને જેઓ વગર વાંકે દુઃખ દેવા આવ્યા હતા તેમની આ દશા થઇ.

પછી ભીમદેવે સિંધ ઉપર સ્વારી કરી ત્યાંના રાજાને હરાવ્યો, એ વખતે માળવાની ગાદી ઉપર પ્રખ્યાત દાનેશ્વરી **ભોજરાજા** રાજ કરતો હતો, તેની સાથે ભીમદેવને બનતું નહીં, કેમકે તેણે એકવાર પોતાના સરદારને ગૂજરાત ઉપર ચડાઇ કરવા મોકલ્યો હતો. કાશીના રાજા કરણ જોડે એકસંપ કરીને ભીમદેવે ભોજરાજા ઉપર ચડાઇ કરી. લડાઇ ચાલતી હતી તેવામાં ભોજરાજા મરણ પામ્યો. પછી કાશીના કરણ રાજાએ ભોજરાજાની ધારાનગરીનો ભંડાર લૂટયો તેમાંથી ભીમદેવને કશો ભાગ આપ્યો નહીં, પણ તેના બદલામાં માળવાની બધી ઉપજ ભીમદેવ લે એમ ઠરાવ્યું.

મુસલમાનોએ હિંદુસ્તાનના જે ભાગ જીતી લીધા હતા તે પાછા લેવાને અજમેરના **વિશળદેવ** રાજાની સરદારી નીચે બીજા રજપૂત રાજાઓ તૈયાર થયા, તેમાં ભીમ ભળ્યો નહીં, તેથી તેને શિક્ષા કરવા માટે અજમેરનો વિશળદેવ રાજા ચડી આવ્યો, તેમાં ભીમ હાર્યો. પછી ભીમદેવે વિશળદેવને ઘણું ધન આપ્યું, તેમજ લડાઇની જગોએ વિશળનગર વસાવવા દેવાનું કબૂલ કરી પાછો વાળ્યો.

ભીમદેવના વખતમાં **વિમળશા** નામે ઘણોજ પૈસાદાર શ્રાવક હતો તેણે આબુપર, દેલવાડામાં અને આરાસુર ઉપર કુંભારીઆમાં મોટાં ને સુંદર દેરાં બંધાવ્યાં.

ભીમદેવને ત્રણ કુંવર હતા—૧. **ક્ષેમરાજ**, ૨. **કરણ**, ૩. **મૂળરાજ**. ઘડપણનો વખત ઈશ્વરનું ભજન કરવા કોઇ એકાંતજગાએ જવાનું ધારીને પાટવી કુંવર ક્ષેમરાજને રાજ સોંપવા માંડયું, પણ તેણે તે (ભીમદેવ)ની જોડે તીર્થમાં રહેવાની મરજી બતાવ્યાથી કરણને ગાદીએ બેસાડયો.

ભીમદેવ ચોરને પકડવામાં તથા અપરાધીઓને સજા કરવામાં ઘણો હોંશિયાર હતો, લડાઇમાં ચતુર ને શૂરો હતો. તે પંડિતોને ઘણું ઉત્તેજન આપતો. તીર મારવામાં પણ હોંશિયાર હતો, તેથી તે "**ભીમ બાણાવળી**"ના નામથી પ્રખ્યાત થઇ ગયોછે.

કરણ—૧૦૭૨-૧૦૯૪-૨૨ **વર્ષ. આ રાજાએ ધંધુકા, આશાવળ ને મેહેવાસ** વગેરેના કોળી રાજાને હરાવી વશ કરી રાજ્યને મજબૂત કર્યું. પાટણની દક્ષિણે આવેલા મોઢેરા ગામમાં **કરણસાગર** નામનું તળાવ બંધાવ્યું, તથા બીજે ઘણે ઠેકાણે દેરાં બંધાવ્યાં. એણે કરણાવતી શહેર વસાવ્યું હતું, પણ તે કઇ જગાએ હતું તે હમણાં માલમ પડતું નથી. એની માનું નામ ઉધામતિ હતું. કરણરાજા ચંદ્રાપુરના રાજા રાજકેશીની દીકરી **મીનળદેવી** સાથે પરણ્યો હતો, તેને પેટે કુંવર અવતર્યો તેનું નામ સિદ્ધરાજ જયસિંહ પાડયું હતું.

સિદ્ધરાજ જયસિંહ, (સધરાજેસિંગ) ૧૦૯૪-૧૧૪૩-૪૯ વર્ષ. કરણ મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજ નાની ઉમરનો હોવાથી તેની વતી તેની મા **મીનળદેવીએ** રાજ્ય ચલાવ્યું; તે વખતમાં તેણીએ વીરમગામમાં **મુનસર** અને ધોળકામાં **મલાવ** નામે તળાવ બંધાવ્યાં.

સિદ્ધરાજને સાથે લઇને મીનળદેવી ગૂજરાતમાં જાત્રા કરવા ગઇ હતી, તે વખતે **માળવાના રાજા યશોવર્માએ** અણહિલવાડ પાટણ ઉપર ચડાઇ કરી, ત્યારે સિદ્ધરાજના પ્રધાને તેની સાથે લડાઈ કરી નહીં, પણ તેને ધન આપી પાછો કાઢયો; એ વાત સિદ્ધરાજને ગમી નહીં, તેથી તેણે **યશોવર્માની** સાથે લડવાની તૈયારી કરવા માંડી. તે વખતે પાટણમાં **સહસ્રલિંગ** નામે તળાવ ખોદાવવાનું શરૂ કર્યું. સિદ્ધરાજ માળવાના રાજા યશોવર્મા સાથે બાર વરસ સુધી

લડયો ને આખરે તેને પકડી રાજકેદી તરીકે પાટણમાં લાવ્યો, અને તેને સારી રીતે માન આપી પોતાની લાયકી જણાવી.

મૂળરાજે અધુરો મૂકેલો **રૂદ્રમાળો** સિદ્ધરાજે પૂરો કરાવ્યો તથા સમરાવ્યો, તેમજ તેની ફરી પ્રતિષ્ઠા કરાવી. શ્રી સ્થળનું નામ પોતાના નામ ઉપરથી સિદ્ધપુર પાડીને તે તથા તેની સાથે બીજા ઘણાં ગામ દાનમાં આપ્યાં.

સિંધના રાજા રાર પાવરની દીકરીને ખોટા વહેમને લીધે, તે જન્મી કે તરતજ તેના બાપના હુકમથી વગડામાં મૂકી આવ્યા હતા, ત્યાંથી તેને કાઠિયાવાડનો એક કુંભાર લાવ્યો, તેને પોતાને ઘેર ઉછેરીને મોટી કરી. એ કુંવરીનું નામ **રાણકદેવી** પાડયું હતું એનું સગપણ સિદ્ધરાજ વેરે કરેલું હતું, પણ તે અતિશય રૂપવંતી અને ચતુર હતી તેથી ઘણોજ મોહ પામીને સોરઠનો રાજા રાખેંગાર તેની સાથે જબરાઇથી પરણ્યો, તેથી સિંદ્ધરાજને બહુજ ગુસ્સો આવવાથી તેનું વેર લેવાને પુષ્કળ લશ્કર સાથે તેણે રાખેંગાર ઉપર ચડાઇ કરી. રાજા રાખેંગાર પોતાની રાજધાની જૂનાગઢમાં ભરાઈ બેઠો, તેનાપર ઘણા હુમલા કર્યા પણ જીત થઈ નહીં. અંતે રાખેંગારના બે ભાણેજોએ ફુટીને સિદ્ધરાજનું લશ્કર દગાથી કિલ્લામાં દાખલ કરાવ્યું, પછી સિદ્ધરાજે રાખેંગારને તેમજ રાણકદેવીના બે નિર્દોષ બાળકોને કાપી નાખ્યા. પછી તેણે રાણકદેવીને કહ્યું કે તું મારી સાથે ફરીથી પરણ, પણ તેણીએ ચોખ્ખી ના પાડી, અને વઢવાણ આગળ સતી થઇને બળી મુઇ. એ જગાએ તેની દેરી હજી પણ છે.

સિદ્ધરાજને કુંવર નહીં હોવાથી તેણે ઠેકાણેઠેકાણે વાવ, કૂવા અને તળાવો વગેરે ઘણાંજ નવાણો ગળાવ્યાં, જેથી તેનું નામ આજે પણ અમર છે. ગુજરાત પ્રાંતમાં કોઇ પણ ઠેકાણે સારૂં ને જૂ-

નું નવાણુ લોકો જુએછે ત્યારે તેઓ કહેછે કે આ નવાણુ સિદ્ધરાજ જયસિંહે ગળાવ્યું હશે.

સિદ્ધરાજે સોરઠ અને કચ્છ વગેરે જીતી રાજ્યમાં વધારો કર્યો હતો. ઉત્તરે અચલેશ્વર અને ચંદ્રાવતીના પરમાર રાજા તેને તાબે હતા. આખુ‌ી પેલીમેર પણ તેની સત્તા ચાલતી. માળવામાં તેનો હુકમ ચાલતો. દક્ષિણમાં પણ તેનો અમલ એટલે સુધી ફેલાયો હતો કે કોલાપુરના રાજા તેનાથી ડરીને ચાલતા હતા.

આ પ્રખ્યાત રાજાને પુત્ર નહીં હોવાથી તેનું રાજ્ય તેના ઓરમાન કાકા ક્ષેમરાજના વંશમાં ગયું.

ક્ષેમરાજના વંશની હકીકત—ક્ષેમરાજના કુંવરનું નામ **દેવપ્રસાદ**, અને દેવપ્રસાદના કુંવરનું નામ **ત્રિભોવનપાળ**. ત્રિભોવનપાળને ત્રણ કુંવર અને બે કુંવરી હતી. કુંવરનાં નામ—**૧. મહીપાળ, ૨. કીર્તિપાળ**, અને **૩ કુમારપાળ**. ૨ કુંવરીઓનાં નામ—**૧. પ્રેમળદેવી** અને **૨. દેવળદેવી.** પ્રેમળદેવીને સિદ્ધરાજના સેનાપતિ **કહાનદેવ** વેરે, અને દેવળદેવીને કાશ્મીરના મહારાજા વેરે પરણાવી હતી. સિદ્ધરાજને કોઈ જોશીએ કહ્યું હતું કે તમારી ગાદીએ કુમારપાળ બેસશે, તેથી કાંઈ કારણથી તેના ઉપર અદેખાઈ લાવીને તેને પકડવા માટે સિદ્ધરાજે માણસો મોકલ્યા ત્યારે કુમારપાળ જોગીનો વેશ લઈ નાશી ગયો. પકડાવાની તૈયારીમાં હતો તેવામાં એકવાર ખેડુતે અને એકવાર એક કુંભારે તેને સંતાડી દઈને બચાવ્યો. પરમેશ્વર રાખનાર છે એને કોઈ મારી શકનાર નથી. ખંભાતમાં ઉદયાન નામના મંત્રીએ કુમારપાળને આશરો આપ્યો, ત્યાં એકવાર **હેમાચાર્ય** નામના જતિએ કુમારપાળને કહ્યું હતું કે તમે નક્કી રાજ્ય પામશો. પછી ત્યાંથી કુમારપાળ માળવે ગયો અને સિદ્ધરાજ મુઆની ખબર સાંભળીને એકદમ તે પાટણ આવ્યો ને પોતાના બનેવી કહાનદેવની

મદદથી તે સિદ્ધરાજની ગાદીએ બેઠો, ત્યારે તેની ઉમર પચાશ વરસની હતી. પરદેશમાં નાસભાગ કરતાં તેને બહુ બહુ દુઃખ વેઠવું પડયું હતું.

કુમારપાળ— ૧૧૪૩-૧૧૭૪-૩૧ વર્ષ. સિદ્ધરાજના હાથથી તે નાસતો હતો, તે વખતે **ઉદયાન મંત્રી** અને હેમાચાર્ય વગેરે જૈન લોકોએ તેને ઘણી મદદ કરી હતી ત્યારે તેણે વચન આપ્યું હતું કે, "મને જો ગાદી મળશે તો હું શ્રાવકનો ધર્મ પાળીશ" એ વચન ગાદીએ બેઠા પછી પાળ્યું. ઉદયાન મંત્રીના દીકરા વાગ્ભટને પ્રધાનપદું આપ્યું ને પેલા કુંભાર, ખેડૂત તેમજ પોતાને બીજા તમામ મદદ કરનારાઓને ન્યાલ કરી નાખ્યા. ઉપકારનો બદલો વાળ્યો

ઉદયાન મંત્રીનો બીજો દીકરો **વાહડ**, સિદ્ધરાજના પક્ષનો હતો, તેણે નાગોરના **આન્ન** રાજાને સમજાવી, કુમારપાળ ઉપર ચડાઇ કરાવી. કુમારપાળની મદદે કચ્છનો રાજા, આબુનો **વિક્રમસિંહ**, તથા બીજા રાજાઓ આવ્યા હતા લડાઈમાં કુમારપાળે આન્નને નાશ કર્યો, પછી તેની કુંવરી **ઝલ્લનાને** પરણીને તથા પુષ્કળ ભેટ લઈને સલાહ કરી.

માળવાના રાજાને હરાવવા સારૂ **વિજેસામંત** અને **કૃષ્ણસામંતને** મોકલ્યા, પણ તેઓ ફુટીને માળવાના રાજાની પક્ષમાં જવાથી કુમારપાળે પડે જઇને માળવાના રાજાને હરાવ્યો

કોકણના રાજા મલ્લિકાર્જુનને જીતવા કુમારપાળે ઉદયાન મંત્રીના ત્રીજા પુત્ર આમ્રભટને મોકલ્યો. તે પહેલીવાર હારીને પાછો આવ્યો, પછી બીજી વખત ચડાઇ કરી તેમાં મલ્લિકાર્જુનને મારી નાખીને તેની રાજધાની લુટીને આમ્રભટ ત્યાંથી ઘણુંજ ધન લાવ્યો.

કુમારપાળ રાજાએ શ્રાવકનાં ઘણાં દેરાં બંધાવ્યાં. સોમનાથનું દેરૂં સમરાવ્યું તથા શિવનાં ઘણાં દેરાં બંધાવ્યાં. ૮૦ વર્ષની ઉમરે

તેને રક્તપિત્તનો રોગ થયો ને પછી તે થોડા વખતમાં મરણ પામ્યો.

કુમારપાળ બહુ પ્રતાપી રાજા હતો. તેણે પંડિતોને આશરો આપ્યો, ને જૈનધર્મનાં પુસ્તકોનો ભંડાર વધાર્યો. તેને દીકરો નહીં હોવાથી તેનો ભત્રિજો **અજેપાળ** તેની ગાદીએ બેઠો.

અજેપાળ—૧૧૭૪-૧૧૭૭-૩વર્ષ. કુમારપાળને દીકરો નહોતો માટે તેના ભાઇ મહીપાળનો પુત્ર અજેપાળ ગાદીએ બેઠો. તે શિવધર્મ પાળતો, અને બીજા ધર્મના લોકો ઉપર બહુ જૂલમ કરતો. તેણે શ્રાવક લોકોનાં દેરાં તોડયાં તથા તેમને બહુ દુઃખ દીધું એણે ત્રણ વરસ રાજ ભોગવ્યું એટલામાં તેનાજ એક સિપાઇએ તેની છાતીમાં એકદમ કટાર ભોંકી મારી નાંખ્યો.

બાળમૂળરાજ - (મૂળરાજ બીજો) ૧૧૭૭-૧૧૭૯-૨ વર્ષ. એ અજેપાળનો દીકરો થાય. તે નાની ઉમરમાં ગાદીએ બેઠો માટે તેને બાળમૂળરાજ કહેછે. રાજનો બધો કારભાર તેની વતી તેની મા નાયિકાદેવી ચલાવતી. એના વખતમાં કાબૂલના રાજા મહમૂદ ગોરીએ સને ૧૧૭૮ માં ગૂજરાત ઉપર ચડાઇ કરી. બાળમૂળરાજના બહાદુર કાકા ભોળાભીમદેવે શત્રુઓને હાંકી કહાડયા. બીજા મૂળરાજે ફક્ત બે વરસ રાજ કર્યું.

ભોળોભીમદેવ-(ભીમદેવ બીજો). ૧૧૭૯-૧૨૪૨-૬૩વર્ષ. બાળમૂળરાજને કુંવર ન હોવાથી તેનો કાકો ભીમદેવ રાજનો ધણી થયો. તે બહુ ચડાઉ હતો, માટે તેને ભોળોભીમદેવ કહેતા. એના વખતમાં પણ મહમૂદગોરી (શાહબુદ્દીન) હિંદુસ્તાન ઉપર ચડાઇઓ કરતો. આ વખતે શત્રુ માથા ઉપર હતા, તેથી હિંદુસ્તાનના બધા રાજાઓએ એકસંપ કરવો જોઇતો હતો, તેને બદલે રજપૂત રાજાઓ લડીને નબળા પડયા, તેથી શાહબુદ્દીન ગોરીને ફાવ્યું.

આ વખતે અજમેરની ગાદીએ ચોહાણ વંશનો સોમેશ્વર હતો.

તેના દીકરાનું નામ પૃથુરાજ હતું પૃથુરાજની મા કમળાદેવી દિલ્લીના રાજા અનંગપાળની દીકરી થતી. અનગપાળને દીકરો નહોતો, તેથી તેણે પોતાનું રાજ પૃથુરાજને દીધું. એમ થવાથી અજમેર અને દિલ્લી બંનેનો રાજા પૃથુરાજ થયો. આથી કનોજના રાજા જયચંદ્ર રાઠોડને અદેખાઇ આવી તેનું કારણ એ કે, તે પૃથુરાજની સગી માસીનો દીકરો થતો હતો. તેથી તેણે દિલ્લીના રાજ્યનો અડધો ભાગ માગ્યો. ને તેને માટે બંને મસીઆઇ ભાઈઓ લડી લડીને નબળા પડયા, એવામાં વળી પૃથુરાજને ભોળાભીમની સાથે લડાઇ સળગી. તેનું કારણ એ કે, આબુના રાજા જેતસીપરમારને એક દીકરી હતી તેનું સગપણ પૃથુરાજ વેરે કર્યું હતું, એમ છતાં ભોળાભીમે તે કન્યા માગી. આબુના રાજાએ ના પાડી, ને તે કન્યાને અજમેર મોકલી દીધી, તેથી ભીમે ચડાઈ કરીને આબુના રાજા જેતસી પરમારને હરાવ્યો પછી ભીમદેવ અજમેર પર ચડયો પૃથુરાજના બાપ સોમેશ્વરને હરાવીને માર્યો. પૃથુરાજને ખબર પડતાં તે ૬૫૦૦૦ માણસની ફોજ લઇને ગૂજરાતપર આવ્યો, ને ભીમને હરાવ્યો. આવી રીતે ભીમદેવ તથા જયચંદ્ર સાથે લડી લડીને પૃથુરાજ નબળો પડયો હતો, તેવામાં સને ૧૧૯૧ માં શાહબુદ્દીન ગોરી ચડી આવ્યો. એક વખત તો બહાદુર પૃથુરાજે તેને હરાવીને કાઢયો, તોપણ ફરીથી ૧૧૯૩ માં શાહબુદ્દીન ચડી આવ્યો. પૃથુરાજને કોઇએ મદદ ન કરી, તેથી દિલ્લીની ગાદીનો છેલ્લો રજપૂત મહારાજા શૂરવીર પૃથુરાજ હાર્યો ને મરાયો. પોતાના ચાકર કુતબુદ્દીનને અજમેર અને દિલ્લીનો સુબો ઠરાવીને શાહબુદ્દીન કાબુલ ગયો. ફરીને વળી તેણે આવીને કનોજ તથા કાશી વગેરે જીત્યાં. હિંદુસ્તાનમાંથી રજપૂત રાજને તોડનાર અને મુસલમાની રાજને સ્થાપનાર એ ગોરી બાદશાહ થયો. સને ૧૧૯૪ માં સુબા કુતબુદ્દીને પાછી ગૂજરાતપર ચડાઈ કરી. પ્રથમ ભીમદેવ હાર્યો ને નાશી

ગયો. વળી બીજા રાજાઓની મદદ લઇ કુતબુદ્દીનને હરાવ્યો ને ઘાયલ કર્યો. એવામાં તેના બાદશાહની ફોજ આવી તેથી વળી ભીમ હાર્યો ને નાઠો, પણ વળી ફરીથી ગૂજરાત જીતીને મુસલમાનોને નસાડી મૂક્યા. એટલામાં તાબાના રાજાઓએ બંડ કર્યાં, તેમાં જયંતસિંહ સોલંકી હતો, તેણે ૧૨૨૪માં રાજ જીત્યું, પણ ભીમદેવે ૩—૪ વરસમાં તેની પાસેથી રાજ પાછું જીતી લીધું.

ત્રિભોવનપાળ—૧૨૪૨-૧૨૪૪-૨વર્ષ. આ વખતે ધોળકામાં વાઘેલા રજપૂતનું રાજ હતું. ત્યાંના રાજાએ ભીમદેવના વખતથીજ કેટલાક પ્રાંતો જીતી લીધા હતા. એ ધોળકાના રાણા વિશળદેવે ત્રિભોવનપાળને ગાદીપરથી ઉઠાડી મૂકયો. તેણે સને ૧૨૪૪ સુધી માત્ર બે જ વરસ રાજ કર્યું. એ રીતે સોલંકી વંશ પૂરો થયો.

સોલંકી વંશ ઈ. સ. ૯૪૨ થી ૧૨૪૪ સુધી ૩૦૨ વરસ ચાલ્યો.

વાઘેલા વંશ.

વંશનાં નામ પડવાનાં કારણ—વનરાજ, ચાવડો રજપૂત હતો તેથી તેના વંશના રાજાઓ ચાવડા વંશના કહેવાતા. મૂળરાજ સોલંકી રજપૂત હતો તેથી તેના વંશનું નામ સોલંકીવંશ પડયું. વાઘેલાવંશનો સ્થાપનાર ધોળકાનો રાણો વિશળદેવ, જાતે વાઘેલો રજપૂત હતો તેથી તેનો વંશ વાઘેલાવંશ કહેવાયો.

વાઘેલા વંશની ઉત્પત્તિ—ભોળા ભીમદેવના વખતમાં વાઘેલા રજપૂતો જોરપર હતા. અર્ણોરાજ નામે વાઘેલાએ ભીમદેવને ઘણી મદદ કરી હતી તેથી અર્ણોરાજના દીકરા લવણપ્રસાદને ભીમદેવે પોતાનો પ્રધાન ઠરાવ્યો. પછી રાજા અને પ્રધાનને અણબનાવ થયો. પ્રધાન લવણપ્રસાદે સાબરમતી અને નર્મદાની વચ્ચેનો મુલક તથા

ધોળકા અને ધંધુકા વગેરે પરગણાં જીતી લઇને ધોળકામાં પોતાનું રાજ સ્થાપ્યું. તેની પછી તેનો પુત્ર વિરધવળ થયો, તેણે પણ બહાદુરીથી ખંભાત અને ગોધરા વગેરે જીતી લીધાં. વિરધવળને, વસ્તુપાળ અને તેજપાળ નામના બે શ્રાવક ભાઇઓ કારભારી હતા. વિરધવળ રાજા સન ૧૨૪૦ માં મરી ગયો તેની પછી તેનો નાનો દીકરો વિશળદેવ ધોળકાની ગાદીએ બેઠો. ગાદીનો હક તેના મોટાભાઇ વીરમદેવનો હતો, પણ પોતાના બાપ સાથે તેને અણબનાવ હોવાથી તેને વીરમગામમાં રાખ્યો હતો. (એ વીરમદેવના નામ ઉપરથીજ તે ગામનું નામ વીરમગામ પડયું હશે.) એ વીરમદેવને, વસ્તુપાળ અને તેજપાળે મરાવી નંખાવ્યો ને વિશળદેવને ગાદી આપી.

૧. વિશળદેવ-એણે ત્રિભોવનપાળ પાસેથી ૧૨૪૨માં ગૂજરાતનું રાજ લઇ લીધું ને આખા ગૂજરાત દેશનો પોતે ધણી થયો. તે વાઘેલા વંશનો પેહેલો રાજા ગણાયછે. તેણે પોતાના વાણિઆ કારભારીઓને કાઢીને નાગડ નામે બ્રાહ્મણને રાખ્યો. વિશળદેવ હોંશિયાર ને પ્રતાપી રાજા હતો. તેણે વિશળનગર ને વિજાપુર વસાવ્યાં, ડભોઇનો કિલ્લો બંધાવ્યો, તેમજ જૂનાં દેરાં સમરાવ્યાં. તે કર્ણાટકના રાજાની દીકરીના સ્વયંવરમાં જઇ તેને પરણ્યો હતો.

૨. અર્જુનદેવ—ઇ. સ. ૧૨૬૨ થી ૧૨૭૫ સુધી ૧૩ વરસ.

૩. સારંગદેવ—ઇ. સ. ૧૨૭૫ થી ૧૨૭૯ સુધી ૪ વરસ.

૪. કરણઘેલો—(કરણ વાઘેલો.)—એ રાજા ૧૨૭૯ માં ગાદી પર બેઠો. તેની રાણીનું નામ **કમળાદેવી** હતું. તેને કનકદેવી ને દેવળદેવી નામની બે દીકરીઓ હતી. કરણ રાજાનો પ્રધાન માધવ નામે નાગર બ્રાહ્મણ હતો, તે ઘણો હોંશિયાર હતો, તેણે વઢવાણમાં માધાવાવ બંધાવીછે. માધવની સ્ત્રી ઘણીજ રૂપાળી હતી તેથી તે લેવાની કરણની મરજી થઇ તેથી માધવને લશ્કર આપીને બીજો મૂલક જીતવા મોકલ્યો,

અને પાછળથી કેશવને મારી નાખીને માધવની સ્ત્રીને કરણે લેઇ લીધી, તેથી માધવ દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન પાસે ગયો, અને તેને ગૂજરાત દેશ ઉપર ચડાઇ કરવાને સમજાવ્યો. ભોળાભીમદેવના વખતમાં ઇ. સ ૧૧૯૩ માં શાહબુદ્દીન ગોરીએ દિલ્હીમાં મુસલમાની રાજ સ્થાપ્યું હતું એ વાત પાછળ આવી ગઈછે. કુતુબુદ્દીનને હિંદુસ્તાન સોંપીને શાહબુદ્દીન પોતાના દેશમાં ગયો, ત્યાર પછી દિલ્હીની ગાદીએ ૮–૯ રાજા થયા. કરણઘેલાના વખતમાં ત્યાં ખિલજીવંશનો અલાઉદ્દીન બાદશાહ થયો, તેણે ગૂજરાત ઉપર ચડાઇ કરવા સારૂ પોતાના ભાઇ અલિફખાંને તથા વજીર નસરતખાંને ઇ. સ. ૧૩૦૪ માં મોકલ્યા. કરણરાજા બહાદુરીથી લડયો, પણ હાર્યો તેથી દક્ષિણમાં આવેલા બાગલાણમાં જતો રહ્યો. કમળાદેવી રાણી શત્રુને હાથ પકડાઇ તેને અલાઉદ્દીને પોતાની રાણી કરીને રાખી. મુસલમાનોએ ગામો ને મૂલક ઉજડ કર્યા, દેવળો તોડયાં, ને લોકોને મહા મહા હેરાન કર્યા. વનરાજે સ્થાપેલા રજપૂત રાજનો અંત આવ્યો ને **ઈ. સ. ૧૩૦૬થી ગૂજરાતમાં મુસલમાની રાજ્ય થયું.** કરણ રાજાની સાથે તેની બે દીકરીઓ ગઇ હતી, તેમાંની મોટી કનકદેવી તો ત્યાં મરી ગઇ, અને નાની દેવળદેવીને તેની માએ તેડાવી, પણ કરણે મોકલી નહીં તેથી અલિફખાંની ફોજ સાથે કરણ લડયો તોપણ અલિફખાં કુંવરીને પકડીને બળાત્કારે દિલ્હી લઇ ગયો ને બાદશાહના દીકરા ખિજરખાં વેરે તેને પરણાવી. **ગૂજરાતની ગાદીએ રજપૂત વંશનો છેલ્લો રાજા કરણ થયો.**

વાઘેલા વંશ ઇ. સ. ૧૨૪૪ થી ૧૩૦૪ સુધી ૬૦ વરસ ચાલ્યો.

ગૂજરાતના ઇતિહાસના સાલવાર કોઠા.

ચાવડા વંશ,

વનરાજ	૭૪૬—૮૦૬—૬૦	વીરસિંહ	૮૯૫—૯૨૦—૨૫
યોગરાજ	૮૦૬—૮૪૨—૩૬	રત્નાદિત્ય	૯૨૦—૯૩૫—૧૫
ક્ષેમરાજ	૮૪૨—૮૬૬—૨૪	સામતસિંહ	૯૩૫—૯૪૨— ૭
ભૂવડ	૮૬૬—૮૯૫—૨૯	કુલ.	૭૪૬—૯૪૨—૧૯૬

સોલંકી વંશ,

૧ મૂળરાજ	૯૪૨—૯૯૭—૫૫	૭ સિદ્ધરાજ	૧૦૯૪—૧૧૪૩—૪૯
૨ ચામુંડ	૯૯૭—૧૦૧૦—૧૩	૮ કુમારપાળ	૧૧૪૩—૧૧૭૪—૩૧
૩ વલ્લભસેન	૧૦૧૦—૧૦૧૦ —૦	૯ અજેપાળ	૧૧૭૪—૧૧૭૭—૩
૪ દુર્લભસેન	૧૦૧૦—૧૦૨૨—૧૨	૧૦ બાળમૂળરાજ	૧૧૭૭—૧૧૭૯—૨
૫ ભીમદેવ	૧૦૨૨—૧૦૭૨—૫૦	૧૧ ભોળોભીમદેવ	૧૧૭૯—૧૨૪૨—૬૩
૬ કરણ	૧૦૭૨—૧૦૯૪—૨૨	૧૨ ત્રિભોવનપાળ	૧૨૪૨—૧૨૪૪—૨
		કુલ.	૯૪૨—૧૨૪૪—૩૦૨

વાઘેલા વંશ,

વિશળદેવ	૧૨૪૪—૧૨૬૨—૧૮	સારંગદેવ	૧૨૭૫—૧૨૭૯—૪
અર્જુનદેવ	૧૨૬૨—૧૨૭૫—૧૩	કરણઘેલો	૧૨૭૯—૧૩૦૪—૨૫
		કુલ.	૧૨૪૪—૧૩૦૪—૬૦

ગૂજરાતના ઇતિહાસને લગતા સવાલો.

(૧) વલ્લભીપુર, પંચાસર, કલ્યાણી અને દ્વારકાં એ ક્યાં છે અને એના વિષે તમે શું જાણોછો? (૨) જયશિખરી અને ભૂવડ રાજાને લડાઈ ક્યાં અને શામાટે થઈ અને તેનું શું પરિણામ થયું? (૩) વનરાજ કેવી રીતે ઉછર્યો અને તેણે પોતાના બાપની ગાદી પાછી શી રીતે મેળવી? (૪) સુરપાળ અને યોગરાજ શાને માટે પ્રખ્યાત છે? (૫) સામતસિંહ કેવા સ્વભાવનો હતો? અને તેનું રાજ્ય કોના

વંશમાં ગને શી રીતે ગયું? (૬) ઇ. સ. ૬૯૬–૭૪૬–૮૦૬ અને ૭૪૨ એ સાલમાં શા બનાવ બન્યા? (૭) વલ્લભીપુરમાં કેટલા રાજા થયા, અને તેનો શાથી નાશ થયો? (૮) શિલગુણસુરી અને હેમાચાર્ય એ કોણ હતા અને એમણે શું કર્યું? (૯) રૂપસુંદરી, લીલાદેવી, દુલ્લભદેવી, મીનળદેવી, રાણકદેવી, ઉદયામતિ, ઝલના, દેવળદેવી, પ્રેમળદેવી, નાયિકાદેવી, મીનળદેવી બીજી, શ્રીદેવી, કમળાદેવી અને દેવળદેવી બીજી, એ કોણ હતી, અને ઇતિહાસમાં શાને માટે પ્રખ્યાત છે? (૧૦) રત્નાદિત્ય વિષે તમે શું જાણોછો? સોલંકી વંશની ગાદીએ કુલ કેટલા રાજા થયા, તેમાં જબરા કયા, અને નબળા કયા? (૧૨) મૂળરાજ ગાદીએ બેઠો ત્યારે કોણ કોણ ચડી આવ્યું અને તેમનું શું થયું? (૧૩) મૂળરાજે કયા કયા દેશ જીત્યા અને તેનાપર કોણે કોણે સ્વારી કરી? (૧) ભીમદેવના વખતમાં કયા મુસલમાન બાદશાહે શાવાસ્તે ગૂજરાતપર ચડાઇ કરી અને તેનું શું થયું? (૧૫) ભીમદેવ અને ભોજરાજા—સિદ્ધરાજ અને યશોવર્મા—ભોળાભીમદેવ અને પૃથુરાજ—તથા ભીમદેવ અને વિશળદેવને શા કારણથી અણબનાવ હતો? કોણે કોણે ચડાઇ કરી અને તેમાં તેમનું શું થયું? (૧૬) તેલપદે, ઉદયાન, બાર્પ, ચાંપો, અણહિલ્લ, ગ્રહરિપુ, નાગરાજ, ભોજ, વિશળદેવ, વિમળશાહ, કહાનદેવ, મલ્લિકાર્જુન, આમ્રભટ્ટ, મહમૂદ ગોજની, મહમૂદ ગોરી, પૃથુરાજ, જેતસી પરમાર, સોમેશ્વર, જયંતસિંહ, કુતુબુદીન, ચંદ, જયચંદ્ર, ભુવનાદિત્ય, રાજ અને વિશળદેવ વાઘેલો એ કોણ હતા, કયારે થયા અને શાથી પ્રખ્યાત છે? (૧૭) સિદ્ધપુર, રૂદ્રમાળો, પ્રભાસપાટણ, પંચાસર, દેલવાડા, આબુ, સોમનાથ, વિશળનગર, કરણસાગર, કરણાવતી, મુનસર, મલાવ, સહસ્ત્રલિંગ, અણહિલવાડ અને કંથકોટ એ સ્થળો ઇતિહાસમાં શાથી પ્રખ્યાત છે? (૧૮) સિદ્ધરાજની પછી કુમારપાળ શા હકથી ગાદીએ

બેઠો? (૧૯) મૂળરાજ, સિદ્ધરાજ અને કુમારપાળે શાં શાં ધર્મનાં કામ કર્યાં? (૨૦) ચાવડા સોલંકી અને વાઘેલા વંશનાં નામ પડવાનું કારણ શું? અને તે દરેક વંશ ક્યાંથી ક્યાં સુધી કેટલા વરસ ચાલ્યો? (૨૧) ચાવડા, સોલંકી અને વાઘેલા વંશના રાજાઓની વંશાવળી બોલો. (૨૨) અર્ણોરાજ, લવણપ્રસાદ, વિરધવળ, વસ્તુપાળ, તેજપાળ, વીરમદેવ, માધવ, અલાઉદ્દીન, અલીફખાં, નસરતખાં, શંકર કવિ, ગ્રહરિપુ, લાખો, રાજ, ચાંપો, આણહિલ, કહાનદેવ, તેલપદેવ, મહેન્દ્ર, વિમળશાહ, રાજકેશી, યશોવરમાન, ત્રિભોવનપાળ, આન, નાગડ, ભુવનાદિત્ય, શાહબુદ્દીન, વીરમદેવ અને કરણ વાઘેલા વિષે તમે શું જાણોછો? (૨૩) કઇ કઈ સ્ત્રીઓને માટે કયા કયા રાજાઓને યુદ્ધ થયાં. અને તેનું પરિણામ શું થયું? (૨૪) કયા કયા રાજાઓ કમોતે મુઆ? ૨૫ કયા કયા રાજાઓએ પ્રજાને ઘણું સુખ દીધું અને કયાકયા રાજાઓએ દુઃખ દીધું? (૨૬) કયાકયા રાજાઓના વખતમાં જાણવા લાયક બીના બની નથી? (૨૭) વધારેમાં વધારે, અને ઓછામાં ઓછું કયા રાજાએ રાજ કર્યું? (૨૮) કયાકયા રાજાને તમે વખાણોછો, અને શાથી વખાણોછો? (૨૯) કયાકયા રાજાઓએ દુઃખના વખતમાં પોતાને મદદ કરનારને, રાજ્ય મળ્યા પછી સુખી કર્યાં, અને તે કોને કોને? (૩૦) કયાકયા રાજાઓને દીકરા નહોતા? અને તેથી તેમની ગાદીએ કોણ બેઠું? (૩૧) કયા કયા રાજાઓએ કયાં કયાં શેહેરો વસાવ્યાં? (૩૨) ગૂજરાતની ગાદી મુસલમાનના હાથમાં શી રીતે ગઇ? (૩૩) વન રાજ અને કુમારપાળને મદદ કરનાર, રૂદ્રમાળો બંધાવનાર,-તેને તોડનાર અને બ્રાહ્મણોને ગૂજરાતમાં પ્રથમ લાવનાર કોણ હતા? (૩૪) ઇતિહાસ શીખવાથી ફાયદો શો? (૩૫) ગૂજરાતના કયા કયા રાજાએ ગૂજરાતની બહાર કઈ કઇ સાલમાં ચડાઇ કરી હતી? અને

તેનું પરિણામ શું આવ્યું હતું ? (૩૬) ગૂજરાતની બહારના કયા કયા રાજાઓએ કઇ કઇ સાલમાં ગૂજરાતપર ચડાઈ કરી હતી અને તેનું પરિણામ શું નીપજ્યું હતું? (૩૭) ગૂજરાત ઉપર કયા કયા મુસલમાન રાજાઓએ કઇ કઇ સાલમાં ચડાઇઓ કરી હતી અને તેનું છેવટ શું આવ્યું હતું ? (૩૮) ધર્મની તકરારો કોના વખતમાં થઇ હતી ? (૩૯) કયા રાજાએ જૈન ધર્મ સ્વિકાર્યો, અને કયા રાજાએ શિવ ધર્મ સ્વિકાર્યો હતો ? (૩૯) બન્ને ધર્મના કોઈ ધર્મ ગુરૂઓનાં નામ આપો (૪૦) કરણ વાઘેલે શામાટે રાજ ખોયું ?

ગૂજરાતમાં મુસલમાની રાજ્ય.

ઇ. સ. ૧૩૦૪ થી ૧૭૫૭ સુધી—૪૫૩ વરસ.

૧. દિલ્લીની બાદશાહી,

ઇ. સ. ૧૩૦૪—૧૪૦૩—૯૯ વરસ ચાલી.

ગૂજરાતના છેલ્લા રજપૂત રાજા કરણ પાસેથી દિલ્લીના બાદશાહ અલાઉદ્દીને ઇ. સ. ૧૩૦૪ માં ગૂજરાત જીત્યું, ત્યારથી ગૂજરાતમાં મુસલમાની રાજ્ય થયું. દિલ્લીના બાદશાહો પોતાની તરફથી અમલ કરવા સુબા મોકલતા. પહેલો સૂબો **અલિફખાં** ઇ. સ. ૧૩૦૪ માં અને **કમાલુદ્દીન** ઇ. સ. ૧૩૧૭ માં આવ્યો, ત્યારપછી **મલિકદીનાર, અમદવાઝ, ફરતુલાખાં** વગેરે ઘણાક સૂબા આવ્યા; એ સૂબા તથા તાબાના રાજાઓ માંહોમાંહે લડતા તેથી દેશ ઉજડ થતો. એ સૂબા પાટણમાં રહી અમલ કરતા. એમના વખતમાં રૈયત દુઃખી હતી. હિંદુ ધર્મનાં દેરાં તોડવાં, તે પથરાની મસીદો બંધાવવી, લોકોને વટલાવવા અને વેઠ કરાવવી, એવો જૂલમ કરવો એ તેમનું મુખ્ય કામ હતું.

૨. ગુજરાતમાં સ્વતંત્ર પાદશાહો.

ઇ. સ. ૧૪૦૩–૧૫૭૩–૧૭૦ વરસ.

ઇ૦ સ૦ ૧૩૯૧ માં જુફરખાન નામે સુબો ગુજરાતપર આવ્યો. એ વખતે દિલ્લીમાં બીજો મહમુદતઘલખ નામે નબળો પાદશાહ હતો, તેથી જુફરખાન સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યો; આ વખતથી દિલ્લીના બાદશાહોની સત્તા જતી રહી. ઇ. સ ૧૪૦૩ થી ગુજરાતની ગાદીએ મુગલોનો વંશ ચાલ્યો.

૧. મહમૂદશાહ ૧ લો—૧૪૦૩–૧૪૦૭–૪ વરસ જુફરખાને ૧૪૦૩ માં પોતાના દીકરા તાતારખાનને નાસરદીન મહમૂદ એવું નામ આપીને ગાદીએ બેસાડ્યો; તે ૧૪૦૭ માં મરણ પામ્યો. ત્યારે જુફરખાં પંડે મુજફ્ફરશાહ એવું નામ પાડી ગાદીએ બેઠો.

૨. મુજફ્ફરશાહ ૧ લો—૧૪૦૭–૧૪૧૧–૪ વરસ. તેણે ઇડરના રાવ રાયમલ્લજીપર ચડાઇ કરી તેને હરાવ્યો. હિંદુ રાજા અને પ્રજાને બહુ દુઃખ દીધું. સોમનાથનું દેરૂં તોડાવી તેના પથરાવતી મસીદો ચણાવી. તેની રાજધાની પાટણમાં હતી.

૩. અહમદશાહ ૧ લો—૧૪૧૧–૧૪૪૧–૩૦ વરસ. એણે આસાવળના રાજા આસાભીલને હરાવી, ત્યાં ૧૪૧૨ માં અમદાવાદ શેહેર વસાવ્યું, ને ત્યાં રાજધાની કરી હાથમતી નદીને કાંઠે અહમદનગરનો કિલ્લો ઈડરના રાવને વશ રાખવા સારૂ ઇ. સ. ૧૪૨૬માં બાંધ્યો. ધર્માંધપણાથી રૈયતને દુઃખ દીધું. ઇડર, માળવા, ચાંપાનેર, નાંદોદ, બુંદી અને કોટા વગેરે સંસ્થાનોના રાજાને હરાવી ખંડણી લીધી.

૪. મહમૂદશાહ ૨ જો—૧૪૪૧–૧૪૫૧–૧૦ વરસ. એ અહમદશાહનો દીકરો થાય. ઇડરના રાજાને હરાવી તેની કન્યા સાથે પોતે પરણ્યો. વાગડના રાજા પાસેથી ખંડણી લીધી. પછી ચાંપાનેરના રાવળ ગંગાદાસપર ચડાઈ કરી, પણ ગંગાદાસની મદદમાં માળ-

વાનો રાજા હોવાથી મહમૂદશાહ હારીને નાઠો, તેથી અમીરોએ તે બાદશાહને ઝેર દઈ માર્યો. પછી તેનો પુત્ર કુતુબશાહ ગાદીએ બેઠો.

૫. કુતુબશાહ—૧૪૫૧-૧૪૫૯-૮ વરસ. એના રાજ્યપર માળવાના રાજાએ ચડાઈ કરી. પાદશાહે તેને સરખેજ આગળ હરાવ્યો અને સલાહ કરી. પછી પાદશાહે મેવાડપર ચડાઈ કરી કુંભારાણાને હરાવ્યો.

૬. દાઉદશાહ--તેણે માત્ર એક માસ રાજ કર્યું, પછી તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકીને મહમૂદ બેઠો.

૭. મહમૂદશાહ ૩ જો—(મહમૂદ બેગડો) ૧૪૫૯-૧૫૧૩-૫૪ વરસ. એ કુતુબશાહનો દીકરો ને દાઉદશાહનો ભાઇ હતો. એણે જૂનાગઢ ને ચાંપાનેર નામના બે ગઢ જીત્યા માટે તે "**બેગડો**" કહેવાયો. ૧૪ વરસની નાની ઉમરે ગાદીએ બેશી બહાદુરી તથા ડાહપણથી સર્વેને વશ કર્યા. ઇ. સ. ૧૪૬૮ માં જૂનાગઢના મંડળિક રાજાને હરાવ્યો; પછી તેનાપર બે વખત ચડાઇ કરી; તેને મુસલમાન કરીને તેનું નામ ખાનજમાન પાડ્યું, તે ખાનજમાનની ઘોર અમદાવાદમાં છે. જૂનાગઢનાં નરસિંહ મેહેતો નામે નાગર કવિ એ વખતમાં થયો. ઇ. સ. ૧૪૮૨ માં ચાંપાનેરના રાજાને મારી રાજ ખાલસા કર્યું. ઇ. સ. ૧૫૦૩ માં ફિરંગી લોકોને હરાવી કાઢી મૂક્યા; એ લોકનો સરદાર આલમૈડા મરાયો. વળી કચ્છ, માળવા અને સિંધ પણ જીતી લીધાં. દ્વારકાંની મૂર્ત્તિઓ તોડી મસીદો કરાવી, અને ત્યાંના રાજાને અમદાવાદમાં લાવીને માર્યો. તાબાના બધા રાજાને નમાવ્યા, રૈયતને બહુ દુઃખ દીધું. તેણે મેહેમદાવાદ વસાવ્યું. તે ઘણો બહાદુર અને પ્રતાપી પણ ધર્માંધ અને નિર્દય હતો.

૮. મુજફ્ફરશાહ બીજો—૧૫૧૩-૧૫૨૬-૧૩ વરસ. એ મહમૂદ બેગડાનો પુત્ર હતો. તે બાપ દીકરાની કબર સર્ખેજમાં છે.

ઈડરના રાવ ભીમદેવે તથા ચિત્તોડના રાણા સંગે તેનો મુલક લૂટી બહુ પજવ્યો, પણ અંતે મુજફ્ફર જીત્યો. માળવાના મુસલમાન રાજાને મેદનીરાય નામે હિંદુ વજીર હતો, તેમને અંદર અંદર બનતું નહીં; રાજાએ મુજફ્ફરની, અને પ્રધાને સંગરાણાની મદદ લઇને લડાઇ કરી, તેમાં મુસલમાન જીત્યા. બીજા મુજફ્ફરશાહને ત્રણ દીકરા હતા. તે એક પછી એક પાદશાહ થયા.

૯. સિકંદરશાહ—એ થોડા માસ રાજ કરી ભાઇઓની ખટપટમાં મુઓ.

૧૦. મહમુદશાહ ૪ થો—તેને ગાદી ઉપરથી ઉઠાડી તેને ભાઇ બહાદુરશાહ તેજ સાલમાં ગાદીએ બેઠો.

૧૧. બહાદુરશાહ—૧૫૨૬–૧૫૩૬–૧૦ વરસ. એ મુજફ્ફરનો ત્રીજો પુત્ર ઘણો બહાદુર હતો. તેણે માળવા, ખાનદેશ ને અહમદનગર જીત્યાં. તેના સરદારે ચિત્તોડ જીત્યું. ચિત્તોડના રાજાએ દિલ્હીના પાદશાહ હુમાયુની મદદ માગી. હુમાયુએ ગુજરાત જીતી લીધું, એટલામાં પોતાની રાજધાની (આગ્રા) તરફ શેરશાહ પઠાણે બંડ મચાવ્યું, તેથી હુમાયુ ત્યાં ગયો, એટલે બહાદુરશાહે ગુજરાત પાછું જીતી લીધું. ફિરંગી લોકોને હરાવી દીવમાંથી કાઢી મુકયા પણ એ લોકે કપટથી પાદશાહને મારી તેનું મડદું દરિઆમાં ફેંકી દીધું.

૧૨. મહમુદશાહ ૫ મો—૧૫૩૬–૧૫૫૪–૧૮ વરસ. એ બહાદુરશાહનો ભત્રિજો હતો. ગાદીએ બેઠો ત્યારે તે નાની ઉમરનો હતો, તોપણ તેણે સર્વેને તાબે રાખ્યા હતા. તે બહુ જુલમી હતો. તેણે પોતાના તાબાના કોળી અને રજપૂત રાજ્યો લઇ લેવા હુકમ કર્યો તેથી શીરોહી, ડુંગરપુર, ઇડર, લુણાવાડા, વાંસવાડા, રાજપીપળા અને ઝાલાવાડ વગેરેના રાજા સામા થયા, તેમને ઠાર મારવાની પોતાની ફોજને આજ્ઞા આપી. હિંદુઓને ઘોડે ચડવાની, વાર તેહેવારે ભેગા થવાની

અને સારાં લૂગડાં પહેરવાની મના કરી બહુ દુઃખ દીધું. **બુરાન નામે** નોકરે પાદશાહ થવા સારૂ મહમૂદને માર્યો. અંતે બુરાન પણ માર્યો ગયો.

૧૩. અહમદશાહ ૨ જો—૧૫૫૪-૧૫૬૧-૭ વરસ. અમીરોએ બાદશાહી કુટુંબના અહમદ નામના માણસને ગાદી આપી. અમીરો પાદશાહને પોતપોતાના પક્ષમાં રાખવા સારૂ માંહોમાંહે લડયા, પણ આખરે ઈતિમદખાં નામના સરદારના પક્ષમાં પાદશાહ ગયો. વળી પાદશાહે એ સરદારથી સ્વતંત્ર થવા ધાર્યું તેથી તે સરદારે તેને મારી મુજફ્ફર ત્રીજાને ગાદી આપી.

૧૪. મુજફ્ફરશાહ ત્રીજો—૧૫૬૧-૧૫૭૩-૧૨ વરસ. એ નબળો હોવાથી તાબાના સરદારો જૂદાજૂદા પ્રાંત દબાવી બેઠા. ઈતિમદખાને તાબે અમદાવાદ ને ખંભાત પરગણાં હતાં, તેણે દિલ્લીના બાદશાહ અકબરને મદદે બોલાવ્યો. તેણે ઈ. સ. ૧૫૭૩ માં આવી સર્વેને હરાવી દેશમાં શાંતિ કરી. લોકને સુખી કર્યા. હિંદુ અને મુસલમાનને એક સરખા ગણ્યા. **આઝીઝકોકાને** સૂબો ઠરાવીને અકબર આગ્રે ગયો. મુજફ્ફરશાહને પકડી આગ્રે લઈ જતાં રસ્તામાં તેણે આપઘાત કર્યો.

૩ મુગલાઈ રાજ્ય અથવા ફરીને દિલ્લીની બાદશાહી.

ઈ૦ સ૦ ૧૫૭૩—૧૭૫૭—૧૮૪ વરસ.

ઈ. સ. ૧૫૭૩ થી ગૂજરાતમાં સૂબા આવવા લાગ્યા. પહેલો સુબો **આઝીઝકોકા** થયો. એ રીતે સને ૧૭૫૭ સુધીમાં પચાશેક સૂબા આવી ગયા. પાછલા સૂબાઓ અને ૧૪ મુસલમાન પાદશાહો કરતાં આ સૂબાઓના વખતમાં રૈયત બધી વાતે સુખી હતી, કારણ કે દયાળુ અકબર બાદશાહે બહુ સારી રાજનીતિ ચલાવી, પ્રજાને

બરાબર ઇનસાફ આપ્યો, ધર્મની છુટ આપી, હિંદુઓને મોટી નોકરીઓ આપી, અને ખેતને સુખી કર્યા. અકબર પછીના પાદશાહોએ પણ તેજ રીત રાખી. અકબર પછીના ચોથા પાદશાહ ઔરંગજેબે માત્ર હિંદુ રૈયતને દુઃખી કરી. તે વખતમાં મહારાષ્ટ્રમાં મરેઠા લોકે મોટું રાજ્ય સ્થાપ્યું હતું. સતારામાં મરેઠા રાજા અને પુનામાં તેમના કારભારી રાજ કરતા: એ કારભારીઓ **પેશ્વા** કહેવાતા. મરેઠાના સરદાર દામાજી ગાયકવાડે, તથા પેશ્વાના ભાઇ રઘુનાથરાવે ઇ. સ. ૧૭૫૭ માં ગુજરાતના છેલ્લા સુબા જુવામર્દખાં બાબીને કેટલાંક પરગણાં જાગીરમાં આપી બાકીનું રાજ્ય લઈ લીધું. જૂનાગઢ રાંધણપુર અને પાડાસીનોરના નવાબ એ છેલ્લા સૂબાના વંશના છે.



ગૂજરાતી ચોથી ચોપડીના અર્થ

પાઠ ૧ લો.

મંડાવીશું=ચલાવીશું. શરૂ કરાવીશું.
સુંદર-સારી. મજાની.
સરજ્યું=બનાવ્યું.
શિક્ષા=સજા.
ચાહે ઇચ્છે
પશુ=ચાર પગવાળાં જનાવર.
સદા=હમેશાં. રોજ.
આકાશ=વાદળ.ગગન

પાઠ ૨ જો.

જગત=દુનિયા.
રેનડીયર=સાબર જેવડું પશુ,બહુજ ઠંડા મૂલકમાં પેદા થાયછે એના બન્ને શીંગડાંમાંથી બીજાં નાનાં નાનાં ઘણાં શીંગડાં ફુટેલાં હોયછે. પૈડાં વગરની ગાડીને બહુ ઝડપથી ખેંચેછે. એનું દૂધ ખવાયછે.
ગરૂડ=એક જાતનું શાકી ખાનાર જોરાવર પંખી; એ પંખીઓનો રાજા કહેવાયછે
[illegible] જનાવરનો રાજા સિંહ કહેવાયછે.
[illegible] ઘુડ, રાતનો રાજા કહેવાયછે.
ધોધ=પર્વત વગેરેમાંથી ઉંચેથી પાણીનો દરેડો પડેછે તે.
કોતર=નદી કાંઠેની ઉંડી બખોલો. મોટા ખાડા.
મેદાન=ઝાડ,ડુંગર વગરની ખુલ્લી સપાટ જમીન.
બળતા પહાડ=અંગારાને ધૂમાડો નીકળે તેવા પર્વત.
ઝરણ- પર્વત વગેરેમાંથી થોડું થોડું નીકળીને દોડતું પાણી. પાણીનીસરવાણીઓ.
પાલીઆં=ઝાંખળાં.
હુંફ--ગરમી.
છોળો=પાણીની મોટીછાલક. હિલકોરા. મોજા.
વસે=રહે.
મુદલ-જરા.

પાઠ ૩ જો.

પ્રાર્થના=વખાણ કરીને માગવું વિનંતિ. અરજ. બંદગી.
સરજ્યો=બનાવ્યો.
સંસાર=દુનિયા.
તારા=ચાંદરણાં.
સોમ=ચંદ્રમા. ચાંદો.
જોમ=બળ. જોર.
અદકાં=વધારે.
જ્ઞાન=સમજણ.

દાતાર=દેનાર.
પ્રાણીઆ=માણસ માનવી.
ઉપકાર=આભાર. ગુણ.
ક્લેશ=દુઃખ. લોહીઉકાળા.
કંકાશ=ટંટો કજિયો.
પરિતાપ=સંતાપ.
કુમતિ=નઠારી બુદ્ધિ
કરુણા=દયા. રહેમ.
કષ્ટ=દુઃખ. પીડા.

પાઠ ૪ થો.

પરગજુ=પારકાનું ભલું કરનાર.
ઢેબરાં=પોતેયાં. થેપલાં.
બી=બીક. ડર.
અધમુઓ=અરધા મુએલા જેવો. મુડદાલ.
ગમ=તરફ. બાજુ. ભણી.
કુવા=ખાડા.
લેવાઇ ગયો=દુબળો થઇ ગયો.
શક્તિ=બળ.જોર.આય
કલ્લા=કોળી. બાચકા.
ટટાર થયો=ઉભો થયો.
ચરવું=ભોંયપર ઉગેલું ખડ ખાવું.

પાઠ ૫ મો.

આથડીઆં=ઠેબાં.ગોથાં
વતી=થી. વડે.
ખાડો બાડો=ખાડો ખબોચીઆું. ખાડોબાડો એમ બોલવાની રીત છે; જેમ રોટલા બોટલા. પાણીબાણી. કેરીબેરી.
આશિષ=દુઆ ભલું થાઓ એમ ઇચ્છવું.
ખોડંગતો=લંગડાતો.

પાઠ ૬ ઠ્ઠો

આય=શક્તિ.બળ.જોર
જંગલ=વગડો. રાન. ઝાડી.
વળ્યું નહીં=પાક્યું નહીં
ભોમીઓ=જાણીતો.
રસ્તે પાડશે=માર્ગે ચડાવશે.
પક્કું=નક્કી.
વળતી=પછી.

પાઠ ૭ મો.

મનસુબો=વિચાર.
અટકળ=અનુમાન.
ઘટારત=લાયક
ઉજડ=વસ્તી વગરનો.
પાગળો=લુલો.
ખાંધ=ખભા
વેળાસર=વખતસર.
ટાંટીઆ=પગ.
પરોણાગત=ચાકરી બરદાસ.
લગણ=સુધી.

પાઠ ૮ મો.

ભોજન=જમણ.
વર્ણન=વાત.
સુણજે=સાંભળજે.
કમોદ=ઉંચી જાતની ડાંગર.
ભાત=રાંધેલા ચોખા.
અતિ=ઘણીજ.
પૂરણપોળી=વેડમી. ગળી રોટલી.
સાર=સારા. મજાના.
કચોરી=અડદનું પૂરણ નાંખીને ઘઉંના લો-

ટની બનાવેલી પૂરી.
કંસાર=લાપશી.
પકવાન=મીઠાઈ.
સેવો=સેવ.
તણાં=ની.
વડાં=મગની દાળ પલાળી વાટોને ભજીઆં જેવાં કરેછે તે.
વડા=મોટા.
અપાર=ઘણોજ.
ભાતભાતના=જાતજાતના.

પાઠ ૯ મો.

મરવા=કાચી કેરી. ખાકટી.
શાખ=આંબાપર પાકેલી કેરી.
ટોપલા=સુંડલા.
થાર=ટટાર.
મોર=આંબાનાં ફૂલ.
જીણુ=જાળી.

પાઠ ૧૦ મો.

આજ્ઞા=હુકમ.
ધર્મ=કામ. ફરજ.
ભોગવવું=વેઠવું.
આભાર=ગુણ. પાડ.
પૂરૂં પાડેછે=જોઇએ તેટલું લાવી આપેછે.
નભાવે=ચલાવે.
ઉછેર્યા=મોટાં કર્યા.
પજવવાં=કચવાવવાં. કનડવાં.
રળીને=કમાઇને.
બદલો=સારૂં.

પાઠ ૧૧ મો.

પરખી=ઓળખી.
બેફિકરૂં=કાળજી વિનાનું.
ઠરતા નથી=સીધા રહેતા નથી.
દસ્તક=અક્ષર.
નડે=કનડે.
જાતે=પંડે. પોતે.
શરમાતો=લજવાતો.
ફજેત=બેઆબરૂ.

પાઠ ૧૨ મો.

ગુરૂજી=મહેતાજી.
સમીસાંજ=સંધ્યાકાળ.
પાય=પગ.
લવારો=બકવા.
ગવાળો=બચકો.
પોથી=ચોપડી. દફતર.
નચિંતા=બેફિકર.
ધારે=માને.
ધારો=કાયદો.
સુવાતણી=સુવાની.
ચૂક આણે=ભૂલ કરે.
લેખીએ=ગણીએ.
અતિશે=ઘણીજ.

પાઠ ૧૩ મો.

વડીવાર=ઝાઝો વખત.
વાતે વળે=વાતો કરવા બેસે
વાતવાળો=વાતોડીઓ.
સંગ=સોબત. દોસ્તી.
ટાળો=મૂકી દો.
આરો=છેડો.
લડે=લડાઇ કરે.
વઢે=કજીઓ કરે.
આડ પાસે=આડેપડખે.
આપનું=પોતાનું.
રૂપ=પોત.
પ્રકાશે=જણાવે.
કર્મફુટયો=અભાગ્યો.
માંકડો=રાતા મોઢાનો વાંદરો.
પિતામાત=બાપ, મા.
પુત્ર=દીકરો.

ખ્યારો=વહાલો.
ફાલો=ફોકટ. અમથો
બીખીને=બીખમાગીને
ખરો બોલ=સાચી શીખામણ.
ખુબખારો-ઘણોનઠારો
છુટે-રજા મળે.

પાઠ ૧૪ મો.

ઉજાણી=મીજબાની.
ઠગ્યો-છેતર્યો.
વિશ્વાસ=ભરોસો
કાળું કર=તહારૂં કામ કર.
ઠગ=છેતરનારા.
હરામના=વગર હકના. અધર્મના.
પત ગઇ=લાજ ગઇ.
ફજેતી=ગેરઆબરૂ.
સાટું=વેપાર. ઠરાવ.
નફો=લાભ. હાંસલ.

પાઠ ૧૫ મો.

ખંત=હોંશ.
ઉદ્યમ=કામ. મહેનત.
વિનંતિ=અરજ.
સહાય થા=મદદ કર.
વાણી થઇ=બોલ્યું.
આશરો=મદદ.
આજ્ઞા=હુકમ.
આધાર=ટેકો.
ગરજ-પરવા. દરકાર.
ગુનો-વાંક.

પાઠ ૧૬ મો.

તાપોડીયાં-ખાસડીયાં.
ફળેછે-ફળ આવેછે.
લુમ=ઝુમખો.
મેવો-કેળાં, જામફળ, સીતાફળ, દરાખ, દાડમ વગેરે.
રેસા-તાંતણા.
પીલા-ફણગા.

પાઠ ૧૭ મો.

નીલ=કાળામોંનાવાંદરા.
કાઠું=શરીરનું કદ.
ખારવા=વહાણ હંકારનાર. ખલાસી.
ફાળ=ઠેકડો.

પાઠ ૧૮ મો.

નગરશેઠ=શહેરનો સૌથી મોટો શેઠીઓ.
ધાનત=નિષ્ઠા.
ગીધ=માંસ ખાનારૂં મોટું પંખી થાયછે.
તાલેવાન=પૈસાદાર.
કપાળે=નસીબે.
ચોંટી રહેશે=એમને એમ રહેશે
" ચોરનો માલ ચંડાળે જાય અને પાપી હાથ ઘસતા થાય " ચોરીનો પૈસો ઘરમાં ન રહે-બીજા લઇ જાય, ને તે ચોરી કરનારા પોતે હાથ ઘસતા એટલે પસ્તાવો કરતા રહે.
બીજી એક કહેવત છે કે **"જેવી ધાનત તેવી ફળપત."** જેવી ધાનત રાખે તેવું ફળ મળે.

પાઠ ૧૯ મો.

ઉકળતું=ઉનું થતું.
નાદાન=નાનાં. અણસમજુ
ઉગર્યું=બચ્યું. જીવ્યું.

પાઠ ૨૦ મો.

ઉનામણો=પાણી ઉનું કરવાનો દેગડો.

ચોટ=નજર.
તત્કાળ=તે વખત.
અંજાઇ=તમર ખાઇ.
વિનાશ થયું=મરી ગયું.
મુખથકી=મોઢાથી.
જીવનું જોખમ=મોત.
બુદ્ધિબાળ=બાળકબુદ્ધિ. કાચી સમજણ.
ડાહપણ ડોળવા=પોતાની અક્કલ દોડાવવા
દિલમાં=મનમાં.
પાસ=પાસે.

પાઠ ૨૧ મો.

વર્ગ=ક્લાસ. હાર.
ભોગજોગે=નબળા નસીબે.
ધારો=રીવાજ. કાયદો.
સરત=નજર.

પાઠ ૨૨ મો.

ટેબલ=મેજ.
છાતી=હિંમત.
ફોકટ=નકામાં. મિથ્યા.
શરમ=લાજ.
પડપૂછ=પૂછગાછ.
ધીરજ=સબુરી.

પાઠ ૨૩ મો.

આળ=તહોમત.
ખુશ=રાજી.
ટેવ=હેવા. આદત.
નિત્ય=હમેશાં.

પાઠ ૨૪ મો.

પંચાત=ચોવટ. ઇનસાફ. ન્યાય.
આવકાર=માન.
તોડ=નીકાલ.
ત્રાજુડી=ત્રાજવું.
પલ્લાં=છાબડાં.
ધીરજ=સબુરી.
રાહે=રીતે. રસ્તે.
ઠાવકું=ઠેકાણે.
છુટકો=નીકાલ.
લાગે વળગે=દરદાવો પહોંચે.
ગટ કરવું=ખાઇ જવું.
બેલાશક=સુખેથી.
કરગરી=કાલાવાલા કરી
વાંધો=તકરાર. ટંટો.

પાઠ ૨૫ મો.

પ્રાણી=જેને જીવ હોય ને જે અહીંથી તહીં ફરી હરી શકે તે.
સુદ્ધાં=સહિત. સાથે.
અટકચાળાં=આળવીચાં.
વાચા=અર્થ સમજાય એવી બોલવાની શકિત.

પાઠ ૨૬ મો.

જ્ઞાન=સમજણ અક્કલ.
સરજનાર=બનાવનાર.
રૂવાંટી=ઘણાં ઝીણાં ને સુંવાળા વાળ.
ઘટ=ઘાટા.
આછા=છેટેછેટે. થોડા થોડા
ચટાપટાવાળા=કાબરચીતરા.

પાઠ ૨૭ મો.

ગમે=મરજીમાં આવે.
સમે=વખતે.
તજી=છોડી દઈ.
દમે=દુઃખ દે.
મનભમે=મન ફરી જાય.
અનર્થ=પાપનું કામ. જુલમ. ખોટું કામ.
અર્થ વિનાનો=નકામો. મતલબ વગરનો.
આપ=પોતે પંડે. જાતે.

ગ્રભુ પ્રીતે-પરમેશ્વરની ખાતર.
ચિત્ત-મન. દિલ.
કૂળમાં=વંશમાં.
સોયજ કેરી-સોયની.
નમેરી-દયા વગરનો.
ગલોલ=ગોળી.
સુવાળો-વાળ.
શૂળી=માણસનો જીવ લેવાનું હથિઆર - અણીવાળો લોઢાનો સરીઓ.
કેરી=ની.
પ્રેમ=હેત.
હથોડો=લોઢા ટીપવાનું ઓજાર.
અક્કલ વિનાનો=મૂરખ.
કાંસો=કુંપો.

પાઠ ૨૮ મો.

પેચ=આંટો.
મશ્કરી=ઠઠ્ઠો. ટોળ.
ચાદર=પછેડી.
ઓરવું=નાખવું.
સકંજો=સંચો.
ખાડું=ટોળું.
છેક-બહુ.
ટાટ-શણ.
કસ્યા-તાણીને બાંધ્યા.
નોરો-કસબી છેડો.

પાઠ ૨૯ મો.

ગુંગળાઇ મુઝાઇ.
પીંજારા રૂ પીંજનારા.
તાંત-બકરાના આંતરડાની દોરી.
મળસ્કુ-વહાણું.
સૂતરીઓ સૂતરનો વેપાર કરનાર.
આંટીઓ=ફાળકા.
સાળ-લુગડાં વણવાનું ઓજાર.
અંતે=છેલ્લે. છેવટે.
રંગરેજ=લુગડાં રંગનાર.
કસુંબી=કસુંબીના રંગ જેવી રાતી.
ચકલો=જ્યાંથી ત્રણચાર રસ્તા ફાટતાહોય તેવું નાકું. મહોલ્લો.
પોત=વણતર. ઘટપણું.
સુરત=ખબર.

પાઠ ૩૦ મો.

તાર-બહુજ ઝીણોવાળો
ચાંચવા=બે તરફથી ખોદાય એવી કોદાળી.
ચળકાટ ઝળકાટ.
ઓચિંતુ=કારમુ. અચાનક. એકદમ.
કાળ-વખત.

પાઠ ૩૧ મો.

લગડી=ઢાળીઓ.
કાનસ આતરડી. ધાતુ ઘસવાનું અથવા કાપા પાડવાનું ઓજાર.
સ્નેહ=હેત. પ્રીત
જતરડો=વાળો ઘાલીને તાણવાનું ઓજાર.
ફિરકી=કસબનો તાર જે ઉપર વિંટાળી રાખવામાં આવેછે તે.
રાચ=સામાન. ઓજાર. (આ ઠેકાણે સાળ.)
વેષ=રૂપ.
આમળે=વળ દે.
મૂસ=ઢાળીઓ કરવા જેમાં રસ રેડેછે તે. રેજી.
લપેટી=વીંટાળી.
ચપડીને=ટીપીટીપીને.

પાઠ ૩૨ મો.

નિર્દય=દયા વગરના.

સલાહ=મત.
નીચ=હલકો.
અપલક્ષણ=ખરાબટેવ.
નુકશાન=બગાડ.
માઠું ખોટું. બૂરૂં.
મતલબ- અર્થ. કામ.
હોશાગત - સાન.
મહા- મોટું.
નાનોસુનો જરાતરા.
ધિક્કાર -ફિટકાર.
વિષે -માં.
જોગ લાયક.

પાઠ ૩૩ મો.

સોડમ -વાસ. ગંધ.
તકાવીને= તાકીને.
છલંગ -ઠેકડો.
અગારા=ખોટાતરા. ટાંડા. સળગતા કોયલા.
કાના=કાંઠા. કોર.
વહેમ=શક.
બોજો=ભાર.

પાઠ ૩૪ મો.

ઉગારવું=બચાવવું.
ખુશામત=રાજી કરવાના ઉપાય.
ચેતાવે-સમજાવે. જાણ કરે.
ઉદાસ-દિલગીર.
લાડે-ગેલ કરે.
વરૂ નહાર.
કામનાં ખપનાં.
કાળે=વખતે.

પાઠ ૩૫ મો.

ઘાયલ જખમી.
કાપણી -લણણી
હોજ- કુંડ.
ધોરી નસ -મોટી નસ.
હૃદય- લોહી રહેવાનું ઠેકાણું. છાતી.
મૂઢ= બોલે ચાલે નહીં એવો મૂરખ.
ચણીઓ=ધાઘરો.
સાવચેતી=ખબરદારી. હોંશિયારી.
તરતબુદ્ધિ=જલદી ઉપાય સૂઝે એવી અક્કલ.
વાટે=રસ્તે.
બચે=ઉગરે.

પાઠ ૩૬ મો.

મુખ્ય=મોટાંમોટાં.
કૃપા=મહેરબાની.
પાતરાં -પાંદડાં.
ચતુરાઇ- ડાહપણ.
પ્રીતિ=હેત.
કોહી=સડી.
સેવા ભક્તિ.

પાઠ ૩૭ મો.

જગકર્ત્તા=દુનિયાબનાવનાર. પરમેશ્વર.
ઉપજાવી=પેદા કરી.
પામે પાર=છેડો આવે.
પ્રૌઢ- મોટા.
ઝાડી=જંગલ. વન.
હય-ઘોડા.
વાહન=બેસવાનું-ઘોડા, હાથી, ઉંટ, ગાડી, રથ વગેરે.
વૈમાન-દેવના રથ.
રવિ-સૂરજ.
તારા-ચાંદરણાં.
ઠાઠ=ભભકો. ગોઠવણ.
સમાસમાના=વખતે વખતના.
સાજ=સામાન.
માનવી=માણસ.

કાજ=માટે. વાસ્તે.

પાઠ ૩૮ મો.

ચિંથરાં=તાંતણાવાળાં.
છોડું=છાલ.
પાતરાં=પાંદડાં.
કોપરેલ=કોપરાનું તેલ
કેફ=નીસો.
તાડી=નાળિએરીનો રસ

પાઠ ૩૯ મો.

કાસદ=ખેપીઓ.
બેભાન=ભાન વગરનાં.
મધરાત=અરધી રાત
શુમારે=આશરે.
રૂંધાઇ=ગુંગળાઈ.
ધસીને=એકદમ દોડીને.
ઢંઢોળ્યો=ખૂબ હલાવ્યો

પાઠ ૪૦ મો.

જાગૃતિ=ભાન. શુદ્ધિ.
શૂર આવ્યું=હિંમત આવી.
તાજા=ચોખ્ખા.
ધડાકો=બહુ મોટો અવાજ.
ચોમેર=ચારે બાજુએ.
ચંચળ=ચાલાક.

પાઠ ૪૧ મો.

અણીશુદ્ધ=હતા તેવા ને તેવા. સહી સલામત
ઉધરાણું=ટીપ. ખરડો.
દીધેલી=વાસેલી.
ધીરજ=સબુરી. શમતા.
હિંમત=હામ. છાતી.
યુક્તિ=કળા. જુક્તિ.
તન=શરીર. કાયા.
રાચરચીલાં=હથિઆર. ઓજાર.

પાઠ ૪૨ મો.

જવાહિર=હીરા, માણેક, રત્ન.
દરબાર=સરકાર.
ઝાડો જોયો=જડતી લીધી. ખૂબ તપાસ કરી.
ખાંડું=લંગડું. લુલું.
તપાસ=શોધ. ખોળ.
સાક્ષી=સાહેદી.
સાંઇ=ફકીર.
લાદ્યું છે=નાંખ્યું છે.
અસર=લાગણી.

પાઠ ૪૩ મો.

જાદુગર=જાદુ કરનાર. ધંતરમંતર જાણનાર.
અનુમાન=અટકળ.
આછું=જરાજરા.
અચંબો=નવાઇ.
રમૂજ=ગમત.

પાઠ ૪૪ મો.

"ઉંટ મેલે આકડો" ઉંટ ફકત આકડાનાં પાંદડાં ન ખાય, એ વિના બીજાં બધાંનાં પાન ને ખડ ખાય.
"બકરી મેલે કાંકરો" બકરી તો તમામ જાતનાં પાન, ને ખડ ખાય. ફકત કાંકરા ન ખાય।

પાઠ ૪૫ મો.

મેંઢા=ઘેટા.
ચપળ=ચંચળ.
જન્મારો=અવતાર.
ઠરેલ પગ=ખશી ન જાય ને ઠોકર ન ખાય તેવા પગ.
ખ્રિસ્તિ=ઇસુનો ધર્મ પાળનારા.

કામળા- ધાબળા.
નિમાળા=બહુ ઝીણા વાળ.

પાઠ ૪૬ મો.

ગુણવાળી-ફાયદાવાળી.
શીંગાળી=શીંગડાવાળી
પગાળી=પગવાળી.
ટંડ=ટંડક. ટાઢક.
આકાર=ઘાટ. ડોળ.
સંભાળ=ખબરદાસ.

પાઠ ૪૭ મો.

ગરમ લૂગડાં-ઊનનાં લૂગડાં.
ઘટ=જાડાં. ઘાટાં.
લાચાર- ગરીબ. અશક્ત.
ગોકળગાય -એક જાતનું જીવડું, જેને પરમેશ્વરની ગાય કહેછેતે.
રક્ષણ=સાચવણ.
ભોકાય=લાગે.
ઝભલું-પહેરણ. આંગલું.
ગજીઆણી=અટલસ.
રેશમ=હીર.

કોમળ=કુણું. નાજુક.
ગરદન=ડોક.
હુંફાળા=ગરમ.
નરી=એકલી.

પાઠ ૪૮ મો.

વેગ=ગતિ. ચાલવાની ઝડપ.
વાયુ=પવન.
મોજાં=કુંડાળાં છોળો. લહેર.
ઝબકારો-એકદમ અજવાળું થઇને તરત મટી જાય તે.
કડાકો-ઘામ. બફારો.
ગગન=વાદળ. આકાશ
કડાકા=ધડાકા.
ઝડી=પવન અને વરસાદ સાથે હોય તે.
ગાજવીજ=ગાજવું અને વિજળી થવી.
ઝાપટું=થોડીવાર વરસાદ આવીને રહી જાય તે.

પાઠ ૪૯ મો.

વચન=વેણ.
આંચ=નુકશાન.હરકત.

ભાવ=હેત. પ્રીતિ.
ખીજે=દાઝે ભડે. ગુસ્સે થાય.
માયા=હેત પ્રીત.
આસામી=માણસ.
મીઠું મરચું ભભરાવીને=વાતમાં વધારો કરીને.
હૈયું=મન.

પાઠ ૫૦ મો.

ઇલાજ=ઉપાય.
પિછોડી=ખેસ. દુપટો.
શેતરંજી=જાડા સુતરની વણેલી જાજમ.
જાતે=પંડે. શરીરે.
સહીસલામત-હેમખેમ.
પોસો=ખોબો.
પેણો=તાવડો.
સાવચેતી=હોંશિઆરી.

પાઠ ૫૧ મો.

ટેવ=હેવા, રીત.
લક્ષણ-રીતભાત. આચરણ. ગુણ.
ભીંજવે=પલાળે,
જુકિત=કળા.
નાળચું=ભુંગળી. નાળ.

ગણકારે=લેખવે.
અફાળે=પછાડે.
આંફ્ગીફાંફળી=ગભરા-
એલી.
મેર=ભણી. તરફ.
ચોપાસ=ચારે તરફ.

પાઠ પર મો.

એનપણા—ભોઠણપણા.
છેડવા=વતાવવા. ખી-
જવવા.
વહાલ=હેત.
વેગળી=છેટી. આઘી.
માયા=હેત.

પાઠ પ૩ મો.

સીસોળીઆં=શાળડીનાં
રવાં વગરનાં પીછાં.
બુંઠું=અણી વગરનું.
ઘોરવું=ઉંઘતાં નાકમાં-
થી મોટો અવાજ
કરવો.

પાઠ ૫૪ મો.

પ્રદક્ષિણા=ફરતો આંટો
ફરવો.
ચપટી=સપાટ.
સ્થિર=હાલે ચાલે નહીં
તેવા.
અધર=ટેકા વગર.

પાઠ ૫૫ મો.

નકશો=કાગળ વગેરે ઉ-
પર હરકોઈ દેશ કે
વસ્તુનો આકાર.
ખંડ=પૃથ્વીના મોટા
ભાગ.

પાઠ ૫૬ મો.

અળગો=જૂદો. નોખો.
મધ્ય=વચલા.

પાઠ ૫૭ મો.

નિર્ધન=પૈસા વગરના.
ગરીબ.
સંસાર=જગત.દુનિયા.
બક્ષીસ=ઇનામ.
સમર્થ=જોરાવર.મોટો.
જબરો.
સરજનહાર=બનાવનાર
યોગ્ય=લાયક. ઘટારત.
જગજીવન=પરમેશ્વર.
જગતને જીવાડનાર.
અન્ન=દાણા. અનાજ.
કીર્તિપ્રકાશ=આબરૂનો
દેખાવ.
ભારી=મારે. મોટાં.
ફોકટ=નકામું.
જશ=કીર્તિ.
નીતિ=સારી ચાલ.
નીતિસંગ=નીતિ વાળા
માણસની સોબત.
સ્થાપ=કરાવ.
ઉપકાર=આભાર. ગુણ.
સ્તુતિ=વખાણ.
અધિક=ઝાઝું. બસ.
ઠામ=ઠેકાણું.
યોગ્ય=લાયક.
સંકટ=દુઃખ.

પાઠ ૫૮ મો.

મામલતદાર=વજે ઉઘ-
રાવનાર અમલદાર.
પહેરો=ચોકી.
કચેરી=હાફીસ. દફતર.
વેહ=કાણું. સાર.
વાટે=રસ્તે.

પાઠ ૫૯ મો.

પણે=પેલે ઠેકાણે.
ખૂન=કોઇ માણસને
મારી નાખવું તે.
ગીતા=એ નામનું હિં-

દુ ધર્મનું પુસ્તક છે

નીકાલ=નીવેડો. તોડ.

તકરાર=ટંટો.

અપમાન-ગેરઆબરૂ.

સીમ—હદ. સીમાડો.

તુમ ગાવમેં જાકર કોઇ બ્રાહ્મણકે ઘ-રસેં ગીતા લાઓ”

તમે ગામમાં જઈને કોઇ બ્રાહ્મણને ઘરેથી ગીતાનું પુસ્તક લેઇ આવો.

બહુત અચ્છા બહુ સારૂં

સાહેબ—એ શબ્દ મોટા માણસોને માન દઈને બોલાવવામાં વપરાયછે.

પાઠ ૬૦ મો

તરેહતરેહનાં=જાતજાતનાં.

સિસોટા—સીટા.

જોડ- જોટા જોડ.

શોક—દિલગીરી

ગુલાંટ—ગલોટીઆં.

લોટીલોટીને=ગુલાંટ ખાઇ ખાઈને.

કલગીદાર=છોગાવાળું.

અસમાની=વાદળીઆ.

એકાકાર-એકઠું ભળી જવું તે.

કાસદીઆ=સંદેશો લેઇ જનાર.

કબૂતર-પારેવાં.

કળા કરવી=પીંછાં ચડાવવાં.

પાઠ ૬૧ મો.

ખોપરી-માથાનું તાળવું ને ખોપરીનો ઉપલો ભાગ.

ગગજ-મગજ. ખોપરીની અંદરનો ભાગ.

ખાળે-અટકાવે.

આંચ-હરકત.

ભમર-નેણ.

પાઠ ૬૨ મો.

ફેફસું-શ્વાસ લેવાનું કે કાળજું.

રાક્ષી કૂતરીઆ દાંત. ફાડવાના દાંત

તાળવું-મોંમાં જ્યાં જીભ અડેછે તે ઉપલો ભાગ.

દાઢ-બેવડા દાંત.

કોઠામાં-હોજરીમાં.

બજાવે=કરે.

ઓઠ=હોઠ.

પાઠ ૬૩ મો

નધણીઆતું=ધણીધોરી વગરનું

બીડ=ઘણું ઘાસ ઉગ્યું હોય એવી જગો. વીડ.

નિરાશ-આશાભંગ.

હક=દાવો.

ગંજી=ઘાસનો ખડકેલો મોટો ઢગલો.

નીચ=હલકો.

અદેખો-ખારીલો.

પાઠ ૬૪ મો.

ખુલ્લે-ઉઘાડે

અંગે-શરીરે.

વસ્ત્ર-લુગડાં. કપડાં.

નવરંગ- ભાતભાતનાં. નવાંનવાં.

બિછાનું-પથારી.

વય થકી=ઉમરથી.

ક્રૂર-નઠારાં.

વચન-વેણ.

સોગન=સમ.

વદે=બોલે.

જ્ઞાન=સમજણ.
ઉપદેશ=શીખામણ.
હરિ પરમેશ્વર.
પ્રતાપ- મહેરબાની.
સુકૃત સારાં કામ.
આપ-પોતે.
જન માણસ.
કંગાળ=ગરીબ.
સાર સાર.

પાઠ ૬૫ મો.

સિક્કા-નાણું.
વજાં-થર. પડ
ભાષા=બોલી
ઉપયોગ-ખપ
નર્યા=નકરા.
ખડક -ટેકરા.
હિસ્સે-ભાગે.
અડી -એક જાતનું લોઢાનું રાગ.
ખપે=વપરાય.
ખરૂં લોઢું=ગજવેલ.
નરદમ- બીલકુલ.
તોલ-વજન.
ગઠ્ઠા-ગાંગડા.

પાઠ ૬૬ મો.

હવા=શરદીવાળી હવા.
પુષ્ટિ=મજબૂતી.
કરજ=દેવું.
કંતાઈ જાય ગળી જાય. પાતળાં થઈ જાય.
ગેરફાયદા-નુકસાન.
ચાલ-રીવાજ. ધારો.
જરૂરીઆત-જરૂરનાં. ખપનાં.

પાઠ ૬૭ મો.

હથિયાર તરવાર, ભાલા, બરછી. કટારી, બંદૂક, જમૈયો અને ગુપ્તી વગેરે.
ભરતર- પહેલીવાર ઓગાળીને સાફ કરેલું લોઢું.
ઘડતર=બે વખત એ ગાળીને સાફ કરેલું લોઢું.
પોલાદ -ખરૂં લોઢું. ગજવેલ.
કૃપા- મહેરબાની.
ગંધક=પીળા રંગનો ખાણમાંથી નીકળેલો એક જાતનો પદાર્થ.
સખત- કઠણ.
બરડ-ઝટ ભાંગી જાય તેવું.
કડાયાં=બકડીઆં.

પાઠ ૬૮ મો.

કાટલાં તોલાં. જોખ.
માપુ માપ.
ગુંજ ચણોઠી. રતી.
પ્રકારના જાતના.
ટાક-પૈસાભાર.
સાટવામાં સાટું કરવામાં.
[illegible] વેચવાનું બે રીતથી થાય છે ૧ કાટલાંથી તોળી આપવું. ૨ માપથી ભરી આપવું

પાઠ ૬૯ મો.

વામ ૬ ફુટ. [illegible] હાથ.
વેધારાગી વેપારી. રોજગારી.
પદાર્થ-વસ્તુ. ચીજ.
અંતર-છેટું.
પ્રવાહી -જેનો રેલો ચાલે તે; દૂધ, તેલ, સરસીયું, પાણી, વા વગેરે.

મૈલ—અરધો ગાઉ.

પાઠ ૭૦ મો.

વિવેક—સભ્યતાઈ. આવકાર.

મરજાદા—લાજશરમ. અદબ.

તોછડાઈ=ઉદ્ધતાઈ.

કુળ=વંશ.

અદબ—માન. વિવેક.

અરસપરસ—એકબીજાને.

માઠું—વાંકું. ખરાબ.

સભ્યતાઈ=મળમનસાઈ. સારી રીત.

નમસ્કાર—નમવું.

જે ગોપાળ પરમેશ્વરની જે. પ્રણામ.

પાઠ ૭૧ મો.

ચેષ્ટા=મશ્કરી. ઠેકડી.

સરતમાં=ધ્યાનમાં.

અવિવેકી=સમજણ વગરના.

લખોટા=ગોળીઓ.

ધમકાવ્યા=બીવરાવ્યા.

વાર્યા=અટકાવ્યા.

ફેર=તફાવત.

પાઠ ૭૨ મો.

નીવડયા=થયા.

આવકાર—આદરમાન.

મુજસરખું=મારેલાયક.

ધ્યાનમાં=સરતમાં.

ધનભાગ્ય=સારાં નસીબ.

પાઠ ૭૩ મો.

શોરબકોર=બૂમાબૂમ.

કકળાણ—કલબલાટ.

માંડમાંડ=ખાલી. અમથું. નામનું. સેહેજ.

હાવકાઈ—હોંશિઆરી. ચતુરાઈ.

"બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા"—બાપના જેવા ગુણ દીકરામાં હોય અને જેવાં ઝાડ તેવાં ફળ થાય.

પાઠ ૭૪ મો.

ભેટયા—બાથ ભરીને મળ્યા.

ખબરઅંતર=સરસમાચાર.

શરમાઈ=લજવાઈ.

મોટાંજેટા=સાધારણ.

પાઠ ૭૫ મો.

મિત્રાચારી—દોસ્તી.

વદે—બોલે.

મધુરી=મીઠી. સારી.

વાણી=વચન. વેણ.

પ્રણામ=સલામ.

ગંગાજળ—ચોખ્ખું પાણી. ગંગાનદીના જેવું ચોખ્ખું પાણી.

કુશળતા=હેમખેમ. સાજાનરવાં.

કર=હાથ.

આગમન=આવવાનું.

શાંત=ટાઢા.

સ્નેહ=હેત.

સહિત=સુદ્ધાં. ભર્યા.

મઝ=ખુશી. આનંદ.

પરસ્પર=એકબીજાને.

લાત—પાટુ.

મૂળી=પાયો.

મૂલ—કિંમત.

ખેલી—રમી.

બાજી—સોગઠાંબાજી, સેતરંજબાજી. ગંજીફા વગેરેની રમત.

ખેલ=રમત.

કપટ=દગો.

સ્વારથ લગી- પોતાની મતલબ હોય ત્યાંસુધી
સગાઇ-સંબંધ. ઓળખાણ.
જોખમકારી - નુકસાનકારક.
પ્રીતિપડે- હેતથી.
લડાલડી - મારામારી.

પાઠ ૭૬ મો.

કરોડ - બરડાનું લાંબું હાડકું.
રક્ષણ - સાચવણું.જતન
હૂકકો - દમ ભરવાની કોથળી.
ભાઠું - નદીનો રેતાળ કાંઠો.
ખોળી - ગોતી. શોધી.
પારવિના - ઘણાંજ.

પાઠ ૭૭ મો.

પરશાળ - ઓશરી અને ઓરડાની વચ્ચેનો બીજો ખંડ. માંહેની ઓશરી.
૭૭- મા.
તમાસો - ખેલ. નવાઇ જેવું જોવાનું.
ચત્તી - સવળી
મોતીઆં - ટીપાં.

પાઠ ૭૮ મો.

ગમ - ખબર.

પાઠ ૭૯ મો.

અખાડ - અશાડ.
ફોરાં મોટાં છાંટા.

પાઠ ૮૦ મો.

ટોળ - મશ્કરી. હાંસી.
છાકરી જરાક ઉંડીને ઘણી પહોળી હોય એવી
પરોણા - મેમાન.
નાસ - ભાગે.
ગમ ખાધી - જાણ્યું અજાણ્યું કર્યું.
તક ગઇ - વખત ના ગયો.
આગ્રહ - તાણ. ખેંચ.
દાઝ - રીસ.
મલકાઇને - જરાહસીને.
ફાવ્યું - ઠીક પડયું.

પાઠ ૮૧ મો.

છટેલ - છાકો ગયેલો
છેલ - ફાંકડો. ફક્કડ. છેલછબીલો.
ઠોકર - ખત્તા.
સંગે - સાથે.
પિતા - બાપ.
કપૂત - નઠારો છોકરો.
ગમાર - મૂરખ.
ગોઠીઆ - દોસ્ત.
પોઠીઆ - બળદીઆ.
દુર્ગુણ - નઠારો ગુણ.
હાણ - નુકસાન.
સહી - નક્કી
ફળ - માલ ફાયદો.
મનખો - અવતાર.
એળે - ફોકટ. મિથ્યા.
પીટાવ - માર ખાય.

પાઠ ૮૨ મો.

પાજ઼બજારે બળદ ઉપર માલ નાખી એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જઇ માલ વેચનારો. વેપારી.
પેઢી ત્રણના પુરૂષનો ચડતો અનુક્રમ; જેમ કે પ્રેમરાજથી ચોથી પેઢીએ જયશિખરી થયો એટલે પ્રેમરાજનો બાપ, તેનો બાપ ને તેનો બાપ.
બાપદાદા - વડવા.
બોલ - બખોલ. બો.
વર - નહાર.

કુટુંબી=એકબાપના વંશનાં.

વહેમ-શક.

ઢીંગણા=નીચા.

વસ્યા-રહ્યા.

પાઠ ૮૩ મો.

ભોળા કપટવગરના.

પરાયાં પારકાં. અજાણ્યાં.

ગોઠે=ગમે.

જીવ લઇને નાઠું-બહુજ બીક પામીને ભાગ્યું

પાઠ ૮૪ મો.

કરતક નઠારાં કામ.

મુદ્દા ચોરીનો માલ.

દાવો હક.

સંબંધ સગાઇ.

ચંડાળ-પાપી. નીચ.

રાતી આંખ-ગુસ્સે થયેલી આંખ.

કશામાં નથી=કાંઇ પણ વાંકમાં નથી.

લાજ લગાડી=શરમ લગાડી.

મતલબ=સ્વાર્થ.

સાધવા=પાર પાડવા.

બરાડવા=રાડો પાડવા.

પાઠ ૮૫ મો.

ઉદાસ-દિલગીર.

સંતાપ=દુઃખ. શોક.

મોઢું ભગારકું-બગબગું. ભળકડું. પરોઢીઉં.

હવેલી=મોટી મેડી.

ઘટારત=લાયક.

પાઠ ૮૬ મો.

ગુંથતી-પરોવતી.

અંધાપો આંધળાપણું.

લાચાર=ઉપાયવગરના. અશક્ત.

માથાપર-કબૂલ.

દસ્તક-અક્ષર.

પાઠ ૮૭ મો.

ભાગ્યવાન નસીબદાર.

લીસી-સુંવાળી.

કરકરી-ખડબચડી.

ખાલી આવે-ખાલી ચડે.

પારખું-જાણું.

પાઠ ૮૮ મો.

કબૂલત-વચન.

પાંગોઠા-બાવડાં.

ઉચ્ચાર-બોલ.

ઉત્તર-જવાબ.

પાઠ ૮૯ મો.

આસનાવાસના-બરદાસચાકરી.

સદગૃહસ્થ-સારા માણસ.

ફાળ-બીક. ધ્રાસ્કો.

ઈશારત-સાન.

હૃદય-અંતઃકરણ.

પાઠ ૯૦ મો.

દશા-હાલ. અવસ્થા.

કીકો-નાનો છોકરો. ગગો. કાલો. છૈયો.

પાઠ ૯૧ મો.

ઉતરી ગયેલી-બગડી ગયેલી.

માઠે-ખરાબ. નરસે.

માર્ગે-રસ્તે. રીતે.

છુટકો નથી-ચાલે તેમ નથી.

પાઠ ૯૨ મો.

શિખર-ટોચ.

જ્વાળામુખી-બળતા.

અજ્ઞાની-અણસમજુ.

પુણ્ય-ધર્મ. સારૂં કામ.

ચમત્કાર-નવાઇ. (આ

ઠેકાણું પ્રતાપ.)
ભક્તિમાનનું ક્ષેત્ર–ભગતી કરનારનું ઠેકાણું.
સડસડતો–ખદખદતો.
દોલત–પુંજી. પૈસા.
આચરણ–ચાલ.
ઇશ્વરી–દૈવગતિ. દેવતાઇ.
ખાંધે–ખભે.

પાઠ ૯૩ મો

કાજ–કામ.
કેફી–કેફ કરનાર.
ભંગી–ભાંગ પીનાર.
અફીણી–અફીણ ખાનાર. બંધાણી.
નવ–નહીં.
કન્યા–છોકરી.
રખે–કદાચ.
નિંદા–વાંકું બોલવું.
ઉચરે–બોલે.
ભ્રાંતિ–વહેમ. શક.
કીર્તિવંત–આબરૂદાર.
મનુષ્ય–માણસ.
વ્યસની–કેફ કરવાની ટેવ વાળો.
રોષ–રીસ. ખીજ.
રોગતણું–રોગને.
શિર–માથે.
દોષ–વાંક. ઠપકો.
નરની–માણસની.
ધિક્કાર–ફિટકાર.
રેલ પૂર. પાણીનો ધોડો
ખેલ–રમત.
અંગ–શરીર.
કરંત–કરે.
નાર–બાઇડી.
ચેતો–સમજો.

પાઠ ૯૪ મો.

પડછાયો–ઓછાયો
નિહાળીને–ધારીધારીને જોઇને.
ભરાવ–ભરાવો.
લજવ્યું–શરમાવ્યું. હીણું લગાડયું.
બડાઇ–પતરાજી. શેખી. ફુલ.
વખોડતા–વાંકું બોલતા.
અવિચાર–વિચાર કર્યા વગર.
હાણ–નુકસાન.
અવગણના–તરસ્કાર.
નિંદા.
વખાણી ખીચડી દાંતે વળગી–જેને અતિશે વખાણીએ તેનું ફળ ઘણુંકરીને નઠારૂંજ આવે.

પાઠ ૯૭ મો.

તળી–તળીયું.
ખાલું–જોડાનું ઉપલું ચામડું, જેની માંહે પગનો પંજો રહે છે તે.
લીસી નરી–સુંવાળું કરેલું ચામડું.
કાલબૂત–જોડાના આકારનું લાકડું
એડી–પાની નીચેનો ભાગ.
કાણાં કોચે–સાર પાડે.
ચકતી–કડકા.

પાઠ ૯૮ મો.

ઉથલાવવો–ઉંધો કરવો. ફેરવવો.
પાળ–કોર.
જંત જનાવર–જીવજંત. સર્પ, વીંછી વગેરે.
ઠોકર–ઠેસ.

પાઠ ૯૯ મો.

ન પીજીએ-ન પીએ.
કીજીએ- કરીએ
વડાઇ-મોટાઈ
વસો-રહો.
અશોક દિલગીરી નહીં તે. આનંદ સુખ
વરંયા-રળ્યા
અસુખ દુખ.
ઉલટું સામુ.
સુલટું સારૂં. પાંસરૂં
ખચીત-નક્કી.
પટુંર્ક્યું ગોલુર્યું.
વેણ-વચન.
પાધરૂં સીધું. બરાબર.
ધણી- માણસ. જાણ.
તે તણી તેના.
છપાય-એળખાય.
પીંડ-શરીર. અંગ.
છાપથી--નામથી.
પ્યાર-હેત. પ્રીત.
જોડશે--રાખશે.
નર- પુરૂપ. માણસ.
ચાટાબીચ-બજારમાં.
કુઠામ-નઠારે ઠેકાણે.
ચેત્યો-સમજ્યો.
નીચ-હલકો માણસ.
કીચ કાદવ.
કાયા=શરીર.
ગર્થ--પૈસો. ધન.
ગાંઠ=પોતાની પાસે.
માયા=ધન. દોલત.
પદવિ=અધિકાર.નામ
નિર્લજ-નફટ લાજ વગરનો.
ફજેત=ગેરઆબરૂ. હેરાન.

પાઠ ૧૦૦ મો.

બાઇ-બેન.
સાહી=રાણી.
તજી=મૂકી દઇ.
શત્રુતાઇ=દુશ્મનાઇ.
મિત્રતાઈ=દોસ્તી.
સદાઇ=હમેશાં.
સજ્જનતાઇ=સારા માણસપણું.
ઠગાઈ=ઠગો.
ભલાઇ તણી વાસના= ભલાઇનો ગુણ કે ઈચ્છા.
સુખદાઇ=સુખ દેનાર.
ટળે=જાય.
દૂધ=ખાર.
તનમાં=શરીરમાં.
જનમાં=માણસમાં.

પાઠ ૧૦૧ મો.

ખટપટ=નરખડ. કડાકુટ.
ટાઢક=ઠંડક.
કસ્બો-મોટું ગામ.
મૂલ=કિંમત.
વડાએ=મોટાએ.
સારેમાર્ગે=સારી રીતે.
જી=મા.
ટાઢક વળી=સંતોપ વળ્યો.
જોડવાની=મેળવવાની.

પાઠ ૧૦૨ મો.

શોધ=તપાસ. ગોત. ખોળ.
ખાઇ=ઊંડો ખાડો.
કરાડા-બાજુની કોર
ટેકાવે=આધાર દે
જુક્તિ=કળા.

પાણીમાં ગયાં-ફોકટ ગયાં. એળે ગયાં.
ભુરકો=ભૂકો.
આપમતલબી=પોતાનું કામ કાઢી લેનાર.
લેંગ=ગળું.
ભોળો=ભોળા મનનો, પણ સમજણ વગરનો.
જોખમ-નુકસાન.

પાઠ ૧૦૩ જો.

ગાજ્યો=ગોગાજ્યો.
સિક્કયતી=છાપથી.
ગલ્લો=પેટીમાં ઉપર પાડેલું પૈસા જાય એવડું કાણું. ફડકો.
કોકી=નાની ઓરડી.
ચાણું=હાળીઆ.
ગાંધી=ગંધીઆણું-કરીઆણું-ઓસડીયાં વેચનાર.

પાઠ ૧૦૪ થો.

પૂછપાછ=પડપૂછ. તલાસ. તપાસ
હાથની ચોખ્ખી=ચોરી ન કરે એવી.
સાથી-સોબતી.
ઝૂંટવવા-ખૂંચી લેવા.
સતોખાશે-ધરાશે. સંતોષ પામશે.

પાઠ ૧૦૫ મો.

શેવમમરા-કળી ને મમરા.
ઓઢણી-ચુંદડી. પછેડો વગેરે ઓઢવાનું.
ખાટલે પડી-માંદી પડી.
ચૌટામાં-બજારમાં.

પાઠ ૧૦૬ ઠો.

અડપલો=અટકચાળો
અડપલાં=આળવીતરાં.
અતિશે=ઘણુંજ.
કાં=કાંતો.
ગુગી=ઓંડી. ઓચકી.
ઝડપ-એકદમ.
ધારે-માને.
સાન=સમજણ.
માળ-મેડી.
અતિ આનંદે=ઘણી ખુશીથી.
તત્કાળ-તે જ વખતે.
ખાડાળાં-ચપટાં, આંખે બેસતાં આવે એવાં.
ઘુંમ=ધમ લઇને.
ઉછળ્યું-કુદ્યું.
શોરબકોર-બૂમે બૂમ.
તપખીર-સુંઘવાની તમાકુ. બજર
ફાંકડો ફક્કડ, છેલ.
ધારી રાખ્યા
ધીરજ. ધગુરી.
ચાંધા=આંધળા.
ચુરાય=ચુરો. ભુકો.
ડારો-ધમકી. બીક રાખણું.
લાડકડા=લાડકવાયા.
વસમાં-આકરાં.
ડબી-ડાબલી
દાટવાળ્યો=ઘાણ કાઢ્યો. નુકસાન કર્યો.
ઘડયા-કર્યા
ઘાટ-કામ કરવા.

પાઠ ૧૦૭ મો

અંતર=છેટું.

પાઠ ૧૦૮ મો.

મધરાત=અરધી રાત.

પાઠ ૧૦૯ મો.

ઋતુ=મોસમ. રત.
વર્ણન=વાત.
શીતળ=ટાઢો. ઠંડો.
પાન ખરે=પાંદડાં ખરી જાય.
તેલ ધરે=તેલ ચોળે. તેલ લગાવે.
તંબોળ-નાગરવેલનાં પાન.
ધરે=પહેરે. રાખે.
શાલ=કિંમતી ગરમ લુગડું.
તણા=ના.
ભલીભાત-સારી રીતે.
ચંદન-સુખડ.
પંખા-વીંઝણાં.
લાગ-લાગે.
વણતોલ=તોલ વગર. ઘણોજ.
ખાસું=મજાનું.
ઉચ્ચારે=બોલે.
મલાર=એક જાતનો રાગ.
ખેતીકાર=ખેડૂત.
ચાખડીઓ=પાવલાં.
હીંચોળાખાટ=હીંચવા માટે ખાટ. હીંડોળો, ઝુલ્લો.
બાગ=ફૂલવાડી.

પાઠ ૧૧૦ મો.

લાવરી=એક જાતનું પંખી.
લણવા=ડુંડાં કાપવાં.
ચારો=ખાવાનું.
નચિંત=બેફિકર.
ટાંપીને=તાકીને.
ભાઇમાંડુ=ભાંડરૂ. ભાઇ બેન વગેરે.
માલ=સાર.
ફોકટ=નકામું.

પાઠ ૧૧૧ મો.

ધારણા=ધીરજ.
જાતે=પંડે. પોતે.
" મેઘ સમાન જળ નહીં અને આપ સમાન બળ નહીં".=ગમે એટલું પાણી હોય પણ વરસાદના જેવું થાય નહીં, તેમજ પોતાના કામમાં પોતાના જેટલું બીજા બળ કરે નહીં.
" આપ મુઆ વગા સ્વર્ગે ન જવાય "=સ્વર્ગમાં જવું હોય તો પોતેજ મરવું જોઇએ. એ પ્રમાણે સારૂં કામ કરવું હોય તો પંડેજ કરવું. બીજાના ઉપર ભરોસો રાખીને બેસી રહેવું નહીં.

પાઠ ૧૧૬ મો.

કૌવત=જોર.
વસ્તુમાત્ર=બધી ચીજો.
ઘાટ=આકાર.
સરજી=બનાવી.
આંચ=દેવતાનો તાપ.
બદલે-ફેરવે.

પાઠ ૧૧૭ મો.

સંવત-વિક્રમ રાજાની ચલાવેલી સાલ.
તેરત્રેપન-૧૩૫૩.
તખ્ત-ગાદી.
મંત્રી-કારભારી.
જબ-જ્યારે.

અમલ--રાજ.
રૂચાં જોડા-મરજી કરી.
શાહ-બાદશાહ.
શાહજાદા-બાદશાહના
દીકરા.
ચખ- આંખ.
સંપજે- થાય. મળે
આદિક-વગેરે.
નૃપ- રાજા.
વણમોતે-વગર મોતે.
કમોતે.
હણ્યો-મારી નાંખ્યો.
નિજ-પોતાના.
ભ્રાતે-ભાઇએ.
પિતુ માતે- બાપ માએ.
પ્રધાન -કારભારી. દી-
વાન.
સેવતે-સેવવાથી. રા-
ખવાથી.
રંક-ગરીબ માણસ.

પાઠ ૧૧૮ મો.

તેજાનો--એલચી, લ-
લંગ, તજ, જાયફળ
વગેરે મસાલો.
ખુશબોદાર-સુગંધ વા-
ળા.
ઝુમખાં- જથા.
ગુચ્છાદાર ગુચ્છાવાળું.
ખાસાં-મજેનાં.
દેખાવડું- શોભિતું.

પાઠ ૧૧૯ મો.

ભભકદાર-તેજવાળો.
ચળકાટવાળો.
સોડમ- સુગંધ.
ભિન્નભિન્ન જૂદાજૂદા.
અંગ-ભાગ.
સુરભ સુગંધ.

પાઠ ૧૨૦ મો.

છટકી જવું-નાશીજવું.
શિકારી જનાવર માર-
નાર.
ગોડે પેઠે.
ખોલ- ગુફા.
ખો- ખાડો.
કોળ- ઘુસ.
ચામાચેણુ- છછુંદર.
ખંધું--પક્કું.

પાઠ ૧૨૧ મો.

કઠણ.=ભેખડ. કોર.
ધસ્યા=દોડયા.
કાળા માથાના માનવી
-માણસને માથે કાળા
વાળ હોયછે તેથી
કાળા માથાનો મા-
નવી કહેવાયછે.

પાઠ ૧૨૨ મો

મહાસાગર--મોટો દ-
રિઓ.

પાઠ ૧૨૩ મો.

ચમત્કાર- નવાઇ જેવી
વાત.
ભરતી-દરિઆમાં પા-
ણી ચડે તે.
ઓટ=દરિઆમાં ચડેલું
પાણી ઉતરે તે.
કંકાળ-દરિઆ કિનારા-
નો મૂલક.
વમળ=પાણીનાભમરા.

પાઠ ૧૨૪ મો.

કોતર=ઉંડા ખાડા.
બારામાં=અંદરમાં.
અનુકુળ=માફક.
ડેરા.=તંબુ.

પાઠ ૧૨૫ મો.

યંત્ર=સંચો.
શિળાછાપ–પથરાછાપ
મુદ્રાછાપ=ધાતુનાં બીબાંની છાપ.
પ્રતિ=નકલ. પ્રત.
છીપા=ભાવસાર.

પાઠ ૧૨૬ મો.

શ્રેષ્ઠ=સૌથી સારૂં. મોટું.
કૃત્ય=કામ.
ગોડે=પેઠે.
પદાર્થ–ચીજ. વસ્તુ.
નિર્જીવ=જીવ વગરના.

પાઠ ૧૨૭ મો.

ઝગડો=ટંટો. તકરાર.
ડાવકી=ડાહી.
પંચ=ચાર પાંચ સારા માણસની ટોળી.
છેડે–વતાવે. હરકતકરે.
ભલમનસાઇ- સારપ. સારાપણું.

પાઠ ૧૨૮ મો.

ઉપરાણું=તરફ બોલવું. પક્ષ કરવો.
ઝંખવાણા=ભોંઠા.
વારી–અટકાવી.
વાંધો–તકરાર.

પાઠ ૧૨૯ મો.

ભેજવાળું–શરદી વાળું. ભોંયતળીયું ભીનું રહે એવું.
સંધિવા=શરીરના સાંધા રહી જાય એવો રોગ.
શરીર રહી જશે–બરાબર હલાશે ચલાશે નહીં.
સલેખમા–સળેખમ.
ગ્રહ પીડા નડેછે–ગ્રહ દુઃખ દેછે.
સેહેતું–ઠીક પડતું.
વિનવીને–વિનંતિકરિને

પાઠ ૧૩૦ મો.

નામિચો–પ્રખ્યાત.
તંગાસ–ખોટ.
પંકાય–વખણાય.

પાઠ ૧૩૧ મો.

ગાદી–રાજધાની.
છાવણી–કાંપ,લસ્કરનો મૂકામ.
ગવરનર જનરલ=મોટો સૂબો.
અધિકારી–અમલદાર.
રેસિડંટ–રાજા ઉપર દેખરેખ રાખનાર સરકાર તરફનો અમલદાર.
સંસ્થાન=દેશી રાજાનો મૂલક.

પાઠ ૧૩૨ મો.

હિકમત–કળા.
અજબ–નવાઇ જેવી.
વાવાઝોડું–વાનું મોટું તોફાન.
નિર્મળ–ચોખ્ખો.

પાઠ ૧૩૩ મો.

બરડ–જલદી ભાંગી જાય એવો.
આરસા–તખ્તા.
પારદર્શક–જેમાંથી સોંસરૂ મોંસર દેખાય તે.

પાઠ ૧૩૪ મો.

ભાગ્યેજ=કોઇક જ.
કસ્બો–મોટું ગામ.
પુષ્કળ–ઘણોજ.
ઉસ–ખાર.
કાંકણુ–બંગડી.

પાઠ ૧૩૫ મો.

તીરે-કાંઠે.
અનીતિ-ગેર રીત.
લોભે લક્ષણ જાય લોભે કરીને સારા ગુણ જાય.
ગુમાવેછે-ખુએછે.
અવસ્થા- હાલત.
તાકાવવું-બીજાનું નાહક લેવાની ઇચ્છા રાખવી.
છીનવીલેવું--પડાવીલેવું.
થોભ-પાર.
સંતોષ-પરમેશ્વરે જેટલું આપ્યું હોય તેટલાથી રાજી રહેવું.

પાઠ ૧૩૬ મો.

કાર--વક્કર.
માનમરજાદા=લાજઆબરૂ.
પ્રોઢી-મોટી.
ભાર-વક્કર.
વેહેવાર-ઘરનોકારભાર
લક્ષણ-ટેવ. સારી ટેવ.
ભારે હળવો થાય-વધારે આબરૂવાળો હોય તે ઓછી આબરૂવાળો થાય.
નવ-નહીં.
પોસાય -રહી શકે.
પુણ્ય-ધર્મ.
સમૂળું તમામ.
બે લોક- આ લોક ને દેવલોક.
મોહરૂપ- લાલચભરેલો.
અંજાઇ જવું.
ક્ષોભ-દિલગીરી.
વિષે -માં.
રોષ--રીસ.
વપુવાન-શરીરવાળો.
ન્યૂન- ખોટ.
પૂરણ-પૂરેપૂરૂં.
મહિપતિ-રાજા.
ગર્થ- પૈસા. ધન.
દોષ -અવગુણ.

પાઠ ૧૩૭ મો.

ઘાટ--બાંધેલો રસ્તો.
વેરાગી-સાધુ. બાવા.
સ્થાપના કરી=બેસાડી
કર=વેરો.
ભજલ=ખેપ.

પાઠ ૧૩૮ મો.

ગુણકારી=ફાયદો કરનાર
પાતરાં=પાંદડાં.

પાઠ ૧૩૯ મો.

ખુતારો-સાવરણી.
ટોપલી--સુંડલી.
છેદ=કાપ.
☞ખજૂરીના રસને નીરો કહેછે, તેને થોડીવાર રાખે એટલે ફીણ આવે ત્યારે ને તાડી કહેવાયછે.

પાઠ ૧૪૦ મો.

પ્રાચીન-ઘણું જૂનું.
તુરંગ-કેદખાનું.
પુસ્તકશાળા=ચોપડીઓ રાખવાનું ઠેકાણું. લાઈબ્રેરી.
સૂતર=સેહેલું.

પાઠ ૧૪૧મો.

તરેહ તરેહવાર=જાતજાતનો.
ઘાટિલાં=શોભિતાં.
વરાળયંત્ર=વરાળના જોરથી ચાલતો સંચો.
રોજો=કબર. એક જાતનું મકાન.

વિશાળ=મોટું.
કરંજા=ફુવારા.
ખંડેર=ભાગ્યું તુટયું મકાન.
મ્યુનિસિપાલ=શેહેર સુધરાઇ.
દેશાવર-બીજો દેશ.

પાઠ ૧૪૨ મો.

ભદ્ર=કલ્યાણ. એ નામનો અમદાવાદમાં મોટો કિલ્લો છે.
ભયંકાર=બિઆમણું.
કાળાં મુખવાળાં=ચોરી વગેરેના ગુન્હા કરનાર.
કાળાં કૃત્ય=ભુંડાં કામ.
જશ=આબરૂ.
અતિ=ઘણા.
ઉજળા=શોભિતા.
પેખ=જો.
જન=માણસ.
સમાન=સરખાં.
ઉપજે=થાય.
અમૂલ=જેનું મૂલજ નથઇ શકે એવું.
કારમી=એકદમ નવાઇ જેવી.
સ્કૂલ=નિશાળ.
સ્વર્ગ=દેવલોક.
આ લોક=આ દુનિયા.
સહેજ=ઝટ.
સામગ્રી=ચીજો.
મનરંજ-મન રાજી થાય એવી.
જુગતી-કળા.
કારંજ=ફુવારો. એક બંગલાનું નામ છે.
ચોકમાં=માણેકચોકમાં.
બજાર=ગુજરી.
ઠરવાનું-ખુશી થવાનું.
ઠામ-ઠેકાણું.
દિલમાં-મનમાં.

પાઠ ૧૪૩ મો.

મડમ-સાહેબ લોકની બાઇડી.
વીલો-રેઢો.
ભાન-ખબર.
અફળાતું-અથડાતું.

પાઠ ૧૪૪ મો.

લંગર કર્યું-વહાણને ઉભું રાખ્યું.
ખલાસી-ખારવા.
તક=વખત.

પાઠ ૧૪૫ મો.

તરત બુદ્ધિ-હરકોઇ અડચણનો તરત ઉપાય સૂઝે એવી બુદ્ધિ.
સ્વપ્નું સોણું.
સંદેહ-શક.
તોડ કાઢવો-નીકાલ લાવવો.

પાઠ ૧૪૬ મો.

ધમધોકાર ખૂબ. ઝપાટાબંધ.
ધરૂ કે તરૂ-કમોદના રોપા.

પાઠ ૧૪૭ મો.

તર=તાજી. ખૂબ ભીની.
જડ=મૂળીઆં.
નીંદી=ઉખેડી.
ખરીફ=ચોમાસાના પાકનું ધાન્ય.
રવિ=શિયાળુ પાક.
હેરફેર=વારાફરતી.

પાઠ ૧૪૮ મો.

નાહર=વરૂ.
મ્હણીઆણી=આઇડી.
ધસ્યાં=જોરથી દોડયાં.
પાલણપોરણ=ગુજ-
રાન.
ઈતબારી=વિશ્વાસુ
અમીર=મોટા માણસ.
છે-દગો.
લાચારી=ઉપાય વગર.

પાઠ ૧૪૯ મો.

ગુલામ=વેચાતો લીધેલો
ચાકર.
જુલમ કરતો=દુઃખ
દેતો.
ઢગલે ઢગલા=બહુજ.
આય-શક્તિ.
સોર=અવાજ.
મોતીઆં મરી ગયાં.
=હાજાં ગગડી ગયા.
જનાવરનો રાજા=સિંહ
રાંકડું-ગરીબડું.
અચંબો=નવાઇ.
ઈરાદો=વિચાર.
છાતીવાળો= હિંમત-
વાળો.
તક=લાગ.

પાઠ ૧૫૦ મો.

ખોડાનો=લંગડાનો.
આજારી=માંદો.
પરૂ-પાચ.
કરાર=આરામ. સુવાણ.
હવાલે કર્યો=સોંપ્યો.
હાકેમ=સુબો.
નરમ પડયું=ઓછું
થયું.

પાઠ ૧૫૧ મો.

હિંસા=પ્રાણીને મારી
નાંખવું.
મેદાન=સપાટ જગો.
તમાશો=ખેલ.
મેદની=ટોળું. ઠઠ.
ફાળ=ઠેકડા. છલંગ.
ચોતરફ=ચારે બાજુ.
કમકમી=થરથરાટ.
બરાડા=રાડ.
કાચા હૈયાનું=હિંમત
વગરનું.
જાતી સ્વભાવ=મૂળ
સ્વભાવ.
હોશ=જીવ.
તલપ=ફાળ. ઠેકડો.
કથા-વારતા. કહાણી.

પાઠ ૧૫૨ મો.

માંજી=ઘસી.સાફ કરી.
પોશાક-પહેરવાનાં લૂ-
ગડાં.

પાઠ ૧૫૩ મો.

રાની=વગડામાં રહેનાર
લોભીઓ=બહુ લોભ
કરનાર. લાલચુ.

પાઠ ૧૫૪ મો.

પંડયાજી=ભટજી. બ્રા-
હ્મણ.
અતિશે=ઘણુંજ.
થોભ-પાર. અટકાવ.
તૃષ્ણા=બહુજ લોભ.
તરસ્યો-પૈસાનો બહુ
લાલચુ.
કબૂલ કર્યું-માન્યું.

પાઠ ૧૫૫ મો.

કડાકા-લાંઘણ.
ભક્ષ=ખાવાનું.
દૈવજોગ=પરમેશ્વરના
કરવાથી.
ઠાવકું=હસ્યા વગરનું
મણા=કસર. ખામી.

ઘાટ ઘડયો=શરીર બ-
નાવ્યું.
સૂર=રાગ. અવાજ.
નિશા=ખાતરી.
મધુરો=મીઠો. સારો.
ખાલી=ખોટાં. અમથાં.

પાઠ ૧૫૬ મો.

શહેર ભણી - અમદા-
વાદ તરફ.
કઠણ હૈયાનો દયા
વગરનો.
અકળાયો - મુંઝાયો.
તેડે - કાંઠે. કિનારે.
ઓલું - ટોળું
મેણાં - હુંબા. ઠપકો.

પાઠ ૧૫૭ મો

ગજબ=જુલમની વાત.
રહેમ=દયા
શુક્રવારમાં - ગુજરીમાં.
ખમતી આસામી - શ
રીરે મજબૂત મા-
ણસ.
જીવાળ - ચંચળ. સારૂં.
વત્તા - વધારે.
ઠબકીને - અટકીને.

કરાડા - કાંઠા.
સાહેત વારમાં - થોડી
વારમાં.
ભેરવી - ભરાવી.

પાઠ ૧૫૮ મો.

ભોટવો - અતક.
વળતી - પછી.
કાચકો = ખરેરી.
જાતે - પંડે. સ્વભાવે.
વાંકો વાળ થવા દે
નહીં=જરાપણ હ-
રકત થવા દે નહીં.

પાઠ ૧૫૯ મો.

પ્રજા - વસ્તી. છોકરાં.
પિતા=બાપ.
પરિવાર - વંશ.
ધનહીણા - ગરીબ.
ધનવાન=પૈસાદાર.
સમાન=સરખા.
સજ્જન=સારા માણ-
સ.
અભ્યાસ - મહાવરો.
સુવાસ - સારી વાસ.
કાળ.=રીસ. ગુસ્સો.
આળ - અડપલું.

અજ્ઞાની - અણસમજુ.
દયાળ - દયાળુ.

પાઠ ૧૬૦ મો.

મૂળાડીયાં=મૂળીઆં.
રતીપુર=રતી જેટલું.
આપમત=પોતાનું એ-
કલાનું જ ડાહપણ.
(બીજાનું કહ્યું ન મા-
નવું તે)
આકરૂં=સખત. નુકસા-
ન કરે એવું.
પરહેજી=કરી.

પાઠ ૧૬૧ મો.

ઉપયોગ=ખપ.
નરાજ=કોશ.
સુરંગ=ખાડો ખોદી
તેમાં દારૂ ભરી સળ-
ગાવવો તે.
થર=પડ.
માતબર=કસવાળી. ઘ-
ણો પાક થાય એવી.
ચાંચવા - ત્રિકમ. બે
મોંઢાવાળી કોદાળી.
ખડક - મજબૂત પડ.
મિશ્ર - સેળભેળ. ભેગું.
મેળવણી.
ગાળેછે - સાફ કરેછે.
માટી વગેરે કાઢી
નાખેછે.

ગુજરાતી ચોથી ચોપડીની કવિતાની સમજુતી.

પાઠ ૩ જો. પરમેશ્વરની પ્રાર્થના.

હે પરમેશ્વર, તું એક જ છે, તેં બધી દુનિયા બનાવી છે, પૃથ્વી, પાણી ને પર્વત (એ બધાં) તેં તૈયાર કર્યા છે. (૧). **સારા** શોભાયમાન ચાંદરણાં, સુરજ ને વળી ચાંદો તે બધાં તેં બનાવ્યાં છે (તેથી) તારૂં બળ જબરૂં જણાયછે. (૨.) **અમને** વધારે સમજણ તથા ગુણ (મળ્યાં) તેનો તું આપનાર છે, જે પાપી માણસ હોય તેજ તારો આ આભાર ભૂલી જાય. (૩.) તું કજીઆ અને ટંટા કાપી નાંખ, પાપ અને સંતાપ કાપી નાખ, મહેરબાની કરીને અમારી નઠારી બુદ્ધિ કાપી નાંખ, અમારાં દુઃખ કાપ અને સુખ આપ. (૪)

પાઠ ૮ મો. ભોજન.

આજે અમે જે જમણ જમ્યા તેની વાત તમે સાંભળજો. ઉંચી જાતના ચોખાનો ભાત રાંધ્યો હતો, તથા ઘણી સારી જાતની દાળ હતી. (૧.) **દહીં** ભાંગીને કઢી કરી હતી (અને) માંહે સારી વડી નાખી હતી, જાતજાતનાં તળેલાં શાક હતાં અને બાસુદી, પૂરી ને દૂધપાક કર્યા હતાં. (૨.) **પુરણપોળી** ને લાડવા સારા હતા, વડાં, કચોરી ને લાપશી કર્યા હતાં. ભજીઆં ને ભાજી પણ સારી હતી તેમજ સારો શીરો ને રોટલી હતાં. (૩.) **જે પાંચે** પકવાન કહેવાય તે જમતાં જમતાં ઘણું સુખ થાય. મોટા પાપડ ને સેવ સારાં હતાં, અને તળેલા ચણાનો સ્વાદ તો પાર વગરનો હતો. (૪.)

પાઠ ૧૨ મો. નઠારા નિશાળીઆ વિષે. ભાગ ૧ લો.

બીજા બધા નિશાળીઆ નિશાળમાં પેઠા પછી તે નઠારો નિશાળીઓ નિશાળમાં પેસે, અને બીજા બધા નિશાળીઆ વર્ગમાં બેઠા પછી તે નઠારો નિશાળીઓ બેસે, મહેતાજી જે ધારા પ્રમાણે ચાલવાનું કહે તે પ્રમાણે ન ચાલે, તે નઠારો નિશાળીઓ નિશાળે જઈને શું શીખે? (૧.) **સમીસાંજ** થાય એટલે સુવાની વાત સુઝે, પછી પાઠ વાંચતાં તેના પગ ધ્રુજે; જાણે લીટા કાઢ્યા હોય એવું લખે, અને ભણવામાં તો લવારો કરે, તે નઠારો—(૨.) **સારી જોડણી** તે જોડી જાણે નહીં, અને બેફિકરાઈથી ઘણીજ ચુકો કરે, લેખણો ભાંગી ભાંગીને ભારાની પેઠે ભરે, તે નઠારો—(૩.) **મેલા હાથથી** પોથી=(ચોપડીઓ) મેલી કરે, ને જેમ ગાંડી ઘણો ગવાળો ભરે તેમ નઠારો નિશાળીઓ દફતર ભરે, લુગડાંમાં હજારો જુઓ જોઈએ, તે નઠારો—(૪).

પાઠ ૧૩ મો. **નઠારા નિશાળીઆં વિષે.** ભાગ ૨ જો.

એ વાતોડીઓ ઘણી વાર સુધી વાતો કર્યા કરે, હે નાનાં છોકરાંઓ તમે તેની સોબત છોડી દો; એનો કોઈ પણ વાતનો એકે છેડો આવે નહીં. તે નઠારો—(૫) **તે લડે** ને કજીઆ કરે અને કાંતો આડે પડખે પડીને સુઈ રહે. ને પછી પોતાનું રૂપ પૂરેપૂરૂં દેખાડે. ખરો બોલ સાંભળી એને ઘણું ખરાબ લાગે (મતલબ કે તેને કોઈ સારી શીખામણનાં વચન કહે તે કડવા ઝેર જેવાં લાગે) તે નઠારો—(૬).

તે અભાગ્યો નિશાળીઓ નિશાળમાં મહેતાજીને નડે, ને છુટ્યા પછી તો જાણે વાંદરો છુટ્યો હોય (તેમ મસ્તી કરે) માબાપને તે છોકરો વહાલો લાગે નહીં, તે નઠારો--(૭.) **ઘણું જોર** કરીને તેને નિશાળમાં લાવીને બેસાડો પણ તે બરાબર શીખે નહીં ને ઠાલો ઠોઠ રહે, તે ભીખ માગીને કે કાંતો ભારો વેચીને પોતાનું પેટ ભરશે, એવો નઠારો નિશાળીઓ નિશાળે જઈને શું શીખે? (૮)

પાઠ ૨૦ મો. માખીનું બચ્ચું.

એક માખી પોતાના વહાલા બચ્ચા આગળ બોલી કે હું જહાને આવું ત્યાંસુધી તું આકાશ ભણી ઉડીશ નહીં. (૧) **કેમકે** ત્યાં ઉના પાણીનો હેગડો ઉકળેછે તેની પાસે જે જાય તે ફરતાં ફરતાં નજર ચુકી જાય તો મરી જાયછે (૨) **એમ કહીને એ** (માખી) ઉડી ગઈ, પણ બચ્ચું થોડી બુદ્ધિનું તેથી તરતજ પોતાના મનમાં ડાહપણ ડોળવા લાગ્યું. (૩.) **કે ઘરડાં તો** વહેમ વધારી નકામી વાતો કરેછે, હું જરા ઉડીને આકાશમાં રમું તેમાં કહો કે હું શી રીતે મરી જઈશ? (૪) **એમ કહીને તે** ઉડી ગયું ને પાણી પાસે પહોંચ્યું તેવુંજ ગરમ બાફ તેમાં પડયું, પછી મરી ગયું. (૫.) **તે મરતાં મરતાં** બોલ્યું કે જે આ રીતે વર્તે અને માબાપનું કહ્યું માને નહીં તેના આવા હાલ થાયછે. (૬)

પાઠ ૨૧ મો. પ્રાણી ઉપર હેત રાખવા વિષે.

(કોઈ નિર્દય માણસ) પોતાને જેમ ગમે તેમ રમેછે અને કોઈ વખતે તેનું મન ફરી જાયછે ત્યારે દયા મૂકી દઈને જીવડાંને ગળામાં પરોવીને દુઃખ દે છે. કાંનો તેના પગ તોડી નાખીને પછી મૂકી દે છે, કાંનો આંખ ફોડી નાખેછે. કાંનો જોડે મારેછે કે કાંનો હથોડે મારી ધૂળમાં દાટી દે છે. મતલબ વગરના એવાં ઘણાં પાપનાં કામ કરે, એજ પ્રમાણે અક્કલ વગરનો માણસ ઝાડના મૂળમાં આગ મૂકેછે. તમે પોતે પરમેશ્વરથી ડરીને એવાં પાપ કરવાં છોડી દો અને પરમેશ્વર પ્રીતે (પરમેશ્વર અર્થે) પ્રાણીઓના વંશમાં હેત રાખો (૧).

જીવડાંને પકડીને પગ ને પાંખો તોડી નાંખે, પછી ખુશી થઈને જોવાને છોડે, કેટલાક તો મોવાળાવની જીવડાંને ફાંસો ઘાલેછે તે પછી તેનાં હાથ ને પગ તરફડતા બાળેછે. બાવળના કાંટા કે સોયની

શુળી કરીને પાપી માણુસ તેમાં પોતાને હાથે છવડાંને ખોસીને જાણે શૂળીએ ચડાવ્યો હોય એમ ધરી રાખે, જે માણુસ પંખી ઉપર ગોળી મારેછે તે પાપી પોતાના મનમાં કાંઇ વિચાર કરતો નથી. (૨)

પાઠ ૩૭ મો. **જગકર્ત્તા વિષે.**

પરમેશ્વરે જગતમાં જે જે વસ્તુઓ બનાવીછે તેથી દુનિયા સુખ પામેછે, અને તેના ગુણ ગણુતાં છેડો આવે નહીં. (૧) **પૃથ્વી**, પાણી ને મોટા પહાડ, ને ઝાડીનાં ઝાઝાં ઝાડ, તેમજ બળદ, ઘોડા ને હાથી એ બળવાળા બેસવાના (વાહન) દેવના રથ જેવા છે.

(૨) **આંકાશ**, સૂર્ય અને ચાંદરણાંનો ચળકાટ અને ગોઠવણી ઠીક ગોઠવી છે. વખતેવખતના સુખનો સામાન માણુસોને માટે પેદા કર્યોછે. (૩)

પાઠ ૪૬ મો. **ગાય વિષે.**

ગુણવાળી અને શીંગડાંવાળી ગાય પાણી પીએછે અને ખડ ખાયછે, એનો ઘાટ કેવો છે? ચાર પગવાળી અને ચાર આંચળવાળી છે. (૧.) **ફરીને** પગ જો. ખરીમાં ફાટ છે, એનો ઘણો શોભાયમાન આકાર જુઓ. પછવાડે પૂછડે વાળ છે અને ગોવાળ હમેશાં તેની સંભાળ રાખેછે. (૨) **બેઠી હોય** ત્યારે હોઠ હલાવેછે, (વાગોળેછે), તેમાં કોઇ કાળી, ધોળી ને રાતી હોયછે; દોતાં દૂધ સારૂં દેખાયછે અને તેનાં દહીં, માખણ ને ઘી થાય છે. (૩.) **પેંડા**, બરફી, દૂધપાક ને ખીર ખાતાં થાક લાગતો નથી, બાસુદી અને શિખંડ પણ દૂધમાંથીજ થાયછે તે ખાતાં પેટમાં ઠરેછે અને ટાઢક વળેછે. (૪)

પાઠ ૫૭ મો. **ઇશ્વરની સ્તુતિ.**

હું જ્યારે ઘરમાંથી બહાર શહેરમાં કે બજારમાં ફરવા નીકળુંછું

ત્યારે ઘણા કંગાળ માણસો મારી નજરે પડેછે અને બધી દુનિયા દુ:ખી દેખાયછે. (૧) **બળવાન** પેદા કરનાર (પરમેશ્વર) મને જે કાંઇ બક્ષીસ આપેછે તે બધાનો કેમ કરીને હું પાડ માની શકીશ? (૨.) **હું લાયક નથી** તોપણ પરમેશ્વરે મને ઘણું સુખ આપેલું છે. ઘણાં માણસો ઘેર ઘેર ભીખ માગવા ભટકેછે અને મને ખાવાને અનાજ મળેછે. (૩.)

ધરતી, દરિયો ને આકાશ તે બધાં (હે પરમેશ્વર) તારી કીર્ત્તિનો દેખાવ છે. જ્યાં જોઈએ ત્યાં તારાં મોટાં કામ દેખાયછે. તારૂં એક પણ ડેકાણું નકામું નથી. (૧.) **હે બાપ**, તારી કીર્તિ મોટી છે; પ્રભુ, હું તારૂં ભજન કરૂં (એવી બુદ્ધિ આપ), મને હમેશાં સારી સોબતમાં રાખ અને મારાં સર્વે દુ:ખ કાપી નાંખ

પાઠ ૬૪ મો. ઈશ્વરનો ઉપકાર.

ઘણાં માણસો રસ્તામાં ઉઘાડાં શરીરે પડેલાં હું દેખુંછું, અને મને તો સઘળા અંગપર પહેરવાને ભાતભાતનાં લુગડાં મળેછે. (૧.) **કેટલાંએક** ગરીબ માણસોને રહેવાને ઘરબાર હોતાં નથી (પણ) મને તો રહેવાને ઘર અને સુવા માટે સારૂં બીછાનું મળેછે.(૨) બીજાં નાની ઉમરમાંથી નઠારાં વચન બોલતાં શીખેછે, (તથા) મોઢેથી ખોટા સમ ખાયછે તેવા માણસ પાપી જણાયછે. (૩) **પણ મને** પરમેશ્વરની મહેરબાનીથી, (સારા માણસની) શીખામણથી સમજણ મળી માટે હવે તેનો ડર રાખી સારાં કામ કરૂં તો પરમેશ્વર પોતે મારા ઉપર રાજી રહે. (૪.)

પાઠ ૭૫ મો. **મિત્રાચારી.**

પંડિતને પંડિત ભાઇબંધ મળે ત્યારે મોઢેથી મીઠી વાણી બોલે, (અને) પહેલાં એક બીજાને સલામ કરીને ગંગાજળ જેવું

ચોખ્ખું પાણી પાય. પછી પાનસોપારી આપી હેમખેમના સમાચાર પુછે. ત્યારપછી હાથ જોડીને કહે કે (આપનું) અહીં પધારવું શા કારણથી થયુંછે? પછી સમજણની વાતચીત કરી, શાંત થઈ હેત ભર્યા નાખ્યા પડેછે, પંડિતની ભાઈબંધીમાં એક બીજાના હેતથી મન ખુશીમાં રહેછે.

મૂરખ ભાઇબંધ ભેળા થઈ ગાળ દઈને ગમત કરશે, પછી એક બીજાને પાકું માગી વાતમાં મશ્કરી કરશે. એમની દોસ્તીનું મુળ એ કે એક બીજાને કેફ પાવો ને પીવો, (છેવટ) બાજીની રમત રમીને મારામારી કરીને પછી ઘેર જશે, મોઢે મીઠું બોલે, પણ મનમા દગો રાખે ને પોતાની મતલબ સરે ત્યાં સુધીજ સગાઈ રાખે, (આવા) મુરખની દોસ્તીથી કોઇ દિવસ જીવનું પણ જોખમ થાયછે.

પાઠ ૮૨ મો. **જુગારી છોકરા વિષે.**

બહેકી ગયેલો અને ફાંકડો છોકરો છેતરાય અને ઠોકર ખાયછે. તે જુગારીની સોબતમાં જાયછે. ને ત્યાં ઘણા ખત્તા ખાયછે. તે જાતના જેવો રખડેલ છે, એનો બાપ કહેછે કે છોકરો કપૂત થયો, એવા મુરખ ભાઇબંધ બળદીઆની પેઠે માર ખાયછે.

જૂગટું છે તે નઠારા ગુણવાળું જાણવું, તેમાં ઘણા લોકને નુકસાન થાયછે. માણસને એ નક્કી વળગેછે તે પાછું જતું નથી. જુગટું છે તે નક્કી ખોટા ગુણવાળું છે, અને તેમાં કાંઇ ફાયદો નથી. જે માણસ જૂગટાને વળગી રહેછે તેનો મનસુબા નકામો જાયછે.

પાઠ ૮૩ મો. **કેફ.**

દુનિયામાં કેફી માણસની આબરૂ હોતી નથી ને તેનો ભરોંસો કરીને તેને કોઇ કામ સોંપતું નથી. ભાંગ પીનાર, અફીણ ખાનાર કે બીજો કોઇ કેફ કરનાર માણસ હોય તેને કોઇ દીકરી

આપતું નથી. (૧) **તેની સોબત** કરતાં બધાં માણસો બીએ છે કે રખેને લોકો વાંકું બોલે. કદી કોઇ બીજો માણસ વસ્તુ ચોરી લે, પણ જો ત્યાં કેફી માણસ હોય તો તેને માથે શક આવે. (૨).

તે (કેફ કરનાર) ભલે સારો ને આબરૂદાર માણસ હોય તો-પણ તરત તેનો કોઇ ભરોંસો કરતું નથી. જો કોઇ કેફી કે બંધાણી થાય તે પછી મનમાં ઘણો પસ્તાયછે. (૩.) **પછી એ** રીસ કોના ઉપર કાઢે? તે બધો વાંક રોગને* માથે મૂકેછે. પોતે એકલો હોય ત્યાં શરમાયછે તેથી પોતે (બંધાણીની) નાત વધારવાનો ઉપાય કરેછે. (૪) **તે માટે** તમે સઘળા મનમાં સમજી જાણો ને એવા માણસની દોસ્તી કરો નહીં; જે બાઇડી કેફી માણસની સાથે પરણીછે તેના જીવતરને ધિક્કાર છે. (૫) **કેફી વસ્તુનો** સોબત ન કરો, કેમકે તે ઉડીને શરીરે વળગશે. સાપ, કેફ ને પાણીના પૂરની સાથે રમત કરશો નહીં. (૬.)

પાઠ ૭૯ મો. **કેફ વિષે શીખામણ.**

કેફી વસ્તુ (ભાંગ, અફીણ, માજમ, તાડી દારૂ, વગેરે) પીવી નહીં ને વિચારીને કામ કરવું, જેથી લોકમા મોટાઈ વધે અને હમેશાં સુખમાં રહો. કેફમાં કાંઈ સ્વાદ રહ્યો નથી એમ સમજજો (તેથી તો) ઉલટું દુઃખ થાયછે, ને સવળું કામ સૂઝતું નથી. તમે નક્કી ખરૂં માનજો કે હું આ સાચેસાચું વચન બોલુંછું કે જે માણસ કેફ કરે તેની બુદ્ધિ ઓછી થાય છે. (પછી) તેનું શરીર પાપથી ભરાય ને તે કેફીના નામથી ઓળખાયછે, માટે વિચારીને કેફ છોડી

---

* કેફ કરવાથી પછી દુઃખી થાય ને રીસ ચડે ત્યારે કહે કે ફલાણી જાતનો રોગ થયો હતો તેથી બંધાણ કરવું પડયું. આવા બ્હાનાં રીસ ઉતારવા માટે કાઢેછે.

હશે તો પરમેશ્વર હેત રાખશે.

ફેશી માણસ ફેશ કરીને બજાર વચ્ચે ચાલ્યો તે સારે ને નઠારે ઠેકાણે પડી ગયો તોપણ તે નીચ કાંઇ સમજ્યો નહીં. તે નીચ માણસ કાંઈ ચેત્યો નહીં ને તેનું શરીર કાદવમાં પડ્યું, અને એની ગાંઠે ધન હતું તે બધો પૈસો એ મૂરખ ખોઈ બેઠો. દલપતરામ કવિ કહેછે કે એણે **નિર્લજ** (લાજ વગરનો) એવું નામ મેળવ્યું, ફેશી માણસે ફેશ કર્યો અને નકામો ફજેત થયો.

પાઠ ૧૦૦ મો. **માણસ ઉપર હેત રાખવા વિષે.**

અરે **ભાઈઓ** અને બાઈઓ, તમે બધાં સાથે સગાઇ રાખો, દુશ્મનાવટ છોડી દઇને મનમાં હેતથી રાખો. જેવાં સગાં ભાઇ ને બેન હમેશા હળીમળીને રહેછે અને કોઇ દિવસ લડાઈ થઈ હોય એવું માણસમાં જણાતું નથી એવી માણસાઈ પકડો તથા લુચ્ચાઈ ને ઠગાઈ છોડો હો, અને બોલવામાં ભલાઈની વાસના મેળવો તો સુખ હોનાર માન મળે અને દુઃખ હોનાર બહાર મટે માટે જીભે મીઠું બોલો કે જેથી શરીરમાં સુખ થાય.

પાઠ ૧૦૧ મો. **અટકચાળો જીવો.**

એક અટકચાળો છોકરો હતો તેનું નામ **જીવો** હતું. તે જે ઠેકાણે જઇને બેસે ત્યાં ઘણુંજ અળવીતરાં કરતો હતો. (૧) **કાગળ**, લેખણ કે છરી જે જે વસ્તુ જુએ તે હીરા જેવી હોય તોપણ એકદમ ઝટપીને પકડે. (૨) **તેને** ના ના કહે તોપણ માને નહીં, અને કહે તે કાંઇ પણ કાને ધરે નહીં, એને પણ એક દિવ**સ**માં બધી સમજણ આવી ગઈ. (૩.) **ડોસો** ચશ્માં અને ડાબલી મૂકીને મેડી ઉપર ગયા, પછી તે અટકચાળે છોકરે ઘણી ખુશીથી તેજ વખત તે (ચશ્માં ને ડાબલી) લીધાં. (૪) **ચશ્માં** બહુજ ચપટાં હતાં તે નાકે ચડાવ્યાં અને ધબ લઇને પગ મૂકીને તે

ડાબલી જોવા સારૂ લીધી. (૫) તેનું ઢાંકણું ઢીલું નહોતું ને બહુજ જોર કર્યું (તેથી) ઉઘડતાં એકદમ ઉછળ્યું પછી (જીવાએ) રાડેરાડ પાડી. (૬.) **તેમાંની** તમાકુ આખા મોઢા ઉપર પડી, તેથી તે ફાંકડો છોકરો ફાંફાં મારવા મંડયો ને કાંઈ સબુરી રાખી શકયો નહીં. (૭.) **ચશ્માં** હતા તે ફળિયામાં નાખી દીધાં, છીં છીં કરતો છીંકો ખાવા લાગ્યો. પછી થાકયો એટલે જીવો થૂ થૂ કરતો જાય અને રોતો જાય. (૮) જેમ જેમ આંખ ચોળે તેમ તેમ આંખે ચાર ગણો આંધળો થતો જાય (મતલબ કે વધારે વધારે આંધળા જેવો થતો જાય) એવામાં ડોસાએ દીકરાને અને ચશ્માંના કટકાને દીઠા. (૯) **ડોસે ધમકી** દેઈને કહ્યું કે આનો એક તરફથી હસવું અને બીજી તરફથી નુકસાન થયું. લાડકા જીવા, તું **એજ** લાગનો છે એમ સમજ. (૧૦) **ચશ્માં** જતાં તે વસમાં થયાં, અને ડાબલીએ તો ઘાણ વાળ્યો. પછી જીવાએ કદીને જીવતાં સુધી એવું કામ કર્યું નહીં. (૧૧)

પાઠ ૧૦૮ મો. **ઋતુઓનું વર્ણન.**

શિયાળામાં ટાઢા વા વાય, ઝાડનાં પાંદડાં ખરી જાય અને વરૂં પેદા થાય. ગોળ, કપાસ ને કઠોળ પાકે; લોકો શરીરે તેલ લગાવે અને નાગરવેલનાં પાન ચાવે. (૧) **માણસો** શરીરે ડગલા પહેરે અને શાલ ઓઢે, અને ગરીબ માણસના પગ ને ગાલ ફાટી જાય. દિવસ નાના થાય, રાત ઘણી મોટી થાય, અને શરીરમાં સારીપેઠે બળ આવે (૨.) **ઉનાળામાં** પક્ષી ઉંડાં જાયછે તથા નદી ને તળાવનાં પાણી સૂકાઇ જાયછે, તો બધી વનસ્પતિને નવાં પાન આવેછે ને સારા ગુણવાળાં કેસુડાં થાયછે. (૩.)

હોજ, ફુવારા ને બાગ સારા લાગેછે; તથા સુખડ ને વીંજણા

વહાલા લાગેછે. કોયલ મીઠા બોલ બોલેછે ને તડકો તો પાર વગરનો પડેછે. (૪). ચોમાસું તો ઘણું સારૂં છે, અને દુનિયા પાણીથી બહુજ ભરપુર દેખાયછે. માણસો મલાર રાગ ગાયછે અને ખેડૂત ખેતર વાવેછે. (૫.) ચંપા, ચંબેલી, જુઇ, જાય અને ગુલાબનાં ફુલ સારાં ફૂલેછે. ચોમાસાના સુખને માટે છત્રી, પાવલાં ને હીંચોળાખાટ હોયછે. (૬.)

પાઠ ૧૧૭ મો. સંપ વિષે.

વિક્રમ રાજાની જ્યારે સંવત ૧૩૫૩ ની સાલ હતી ત્યારે દિલ્લીની ગાદી ઉપર અલાઉદ્દીન બાદશાહ બેઠો. તેના કારભારી મલેક કાફુરને જ્યારે રાજ કરવાની મરજી થઇ ત્યારે તેણે બાદશાહને ઝેર દેઇને મારી નાખ્યો ને તેના કુંવરની આંખો ફોડી નાખી. (એ પ્રમાણે કાળાં કામ કરી ગાદીએ બેઠો) પણ પછી એક મહિનો ને પાંચ દિવસ સુખ ભોગવીને ભુંડી રીતે મરણ પામ્યો, માટે તમે જરૂર વિચારીને જુઓ કે સંપ છોડી દીધાથી સુખ મળે નહીં. (૧.)

દિલ્લી વગેરે દેશમાં દુનિયામાં જે જે રાજા થયા તેમાં જેણે સંપ ન રાખ્યો તે બધા વગર મોતે (કમોતે) મુઆછે. કોઇ રાજાને તેના કુંવરે મારી નાખ્યો, કોઇ રાજાને તેના ભાઈએ મારી નાખ્યો, કોઇ રાજાને તેના કારભારીએ મારી નાખ્યો અને કોઈ રાજાને તેના બાપે કે માએ મારી નાંખ્યો. સારી રીતે સંપ ન રાખે તો રાજા તેમજ કંગાળ એ સર્વે દુઃખી થાયછે. પૈસાથી સુખ થાય છે એમ કોઇ માનતું નથી પણ સંપથીજ સુખ થાયછે. (૨).

પાઠ ૧૩૬ મો. લોભ ને સંતોષ વિષે.

લોભથી વકર ઘણો ઓછો થાય, લોભથી માન ને વિવેક મટી જાય, લોભથી સારી રીત રહેતી નથી, અને લોભથી

ઘણું હેત પણ રહેતું નથી. (૧) **લોભથી** સારો ભાર (વક્કર) રહે નહીં; લોભથી લેવડદેવડ ચાલે નહીં, લોભથી બધી સારી ટેવ જાય અને લોભથી ભારબોજ ઓછો થાય (અથવા ભારે માણસ હોય તે હલકો થાય). (૨) **લોભથી** વિદ્યા રહી શકતી નથી, લોભથી બધું પુન્ય જાયછે, લોભથી બધી સારી ટેવ શળ જેવી લાગેછે. લોભ એ સઘળા પાપનું મૂળ છે. (૩.) **બન્ને લોક** (આ લોક તથા દેવલોક) માં લોભ બુડાડેછે, તોપણ માણસો તેમાં મોહી (અથવા અંજાઇ) જાયછે એ મોટી દિલગીરીની વાત છે, લોભમાં બધા વાંક રહેલા છે, અને સંતોષ એ સુખનું મૂળ છે. (૪.) **સંતોષીને** ઝાઝાં માન મળેછે, સંતોષીનું શરીર સારૂં શોભેછે, સંતોષીને શેની ખોટ ? (મતલબ કે કોઈ પણ જાતની ખોટ નથી) સંતોષીને પૂરેપૂરૂં સારૂં છે. (૫.) **સંતોષીને** રાજા માન આપેછે, સંતોષીને અનાજ પણ ઘણું મળેછે, સંતોષી શબ્દનો એવો અર્થ થાયછે કે ગાંડો થઇને નાણું શોધે નહીં. (૬).

પાઠ ૧૪૨ મો. **અમદાવાદના ભદ્ર વિષે.**

અમદાવાદમાં ભદ્ર નામનો કિલ્લો છે તેનું વર્ણન.

ભદ્ર=(કલ્યાણ) એ નામ સૌથી સારૂં છે એમ બધી દુનિયા જાણેછે, ત્યારે શા કાળાશના કારણથી ભદ્ર બિહામણું દેખાયછે. (૧).

(જવાબ)—કાળાં મોઢાંવાળાં એટલે (દેખીતા કાળા મોઢાવાળા નહિ પણ) ભુંડા કામના કરનારા (કેદી) તેમાં રહેછે તે કાળાશના કારણથી ભદ્ર બિહામણું દેખાયછે. (૨.) (મતલબ કે કાળા રંગથી નહીં પણ ભદ્રના કિલ્લામાં કેદખાનું છે તેમા પાપનાં કામ કરનાર કેદી લોક રહેછે તેથી.)

જેની આબરૂ દુનિયામાં ઘણી ઉજળી દેખાયછે તેવા માણસથી શોભિતી પુસ્તકશાળા જો. (૩.) કાચા કાચ જેવા હોય

તેનાં ઘણાંજ મૂલ્યવાળાં રત્ન થાયછે અને એકદમ ઘણી કિંમત પામેછે એવી તું આ નિશાળ જો. (૪.) (મતલબ કે નાનાં છોકરાં કાંઈ પણ કિંમત વગરનાં ગણાયછે પણ ભણવાથી કિંમત થાયછે માટે છોકરાને કાચા કાચ જેવા ગણી નિશાળને અમૂલ્ય રત્નનું ઠેકાણું ગણ્યું છે).

સ્વર્ગ, નરક અને આ લોકના સઘળા રસ્તા સહેલા છે તે મળવાના આ ત્રણ દરવાજા જુઓ. (૫.) (મતલબ કે અમદાવાદના બજારમાં ત્રણ દરવાજા છે, તેમાંથી સ્વર્ગ જવું એટલે—ભદ્રકાળી માતાના દર્શને જવું તથા સાબરમતી નદીમાં નહાવા જવું તે. નરકે જવું એટલે—ભદ્રમાં આવેલા કેદખાનામાં જવું તે, અને આ લોકમાં જવું એટલે કોર્ટ, દફતર, નિશાળ, લાઈબ્રેરી વગેરેમાં જવું તે.)

જ્યાં મન ખુશી થાય એવી સુખની વસ્તુઓ મળેછે એવો આ કારંજનો બંગલો કેવી જુક્તિથી બન્યોછે તે તું જો. (૬.) (ત્રણ દરવાજાથી તે ભદ્રના કિલ્લા સુધી ચોક છે તે કારંજનો ચોક સમજવો. કારંજ કહેવાનું કારણ કે ત્યાં બાદશાહી વખતમાં ફુવારો હતો).

આ ઠેકાણે (એટલે કારંજના ચોકમાં) શુક્રવારને દિવસ સવારના પહોરમાંથી ચોકમાં મોટી બજાર (ગુજરી) ભરાયછે. (૭.)

આ તો અમદાવાદમાં મન ઠરવાનું ઠેકાણું છે તે જોતાં દલપતરામ કવિ મનમાં રાજી થયા. (૮).

પાઠ ૧૫૯ મો. કોઇને હલકો ન ગણવો.

આ બધો સંસાર એ પરમેશ્વરની પ્રજા (એટલે રૈયત અથવા છોકરાં) છે. આપણે એક બાપનાં છોકરાં છીએ. એક કુટુંબના છીએ. (૧). **તેમાં** કોઇ કાળા છે, કોઇ ધોળા છે, કોઇ ગરીબ છે, કોઇ પૈસાદાર છે, એમાંથી કોઇને **હલકો** ગણવો નહીં, પણ બધાને એક સરખા ગણવા. (૨.)

સારા માણસનું લક્ષણ એજ કે અવગુણ ઉપર ગુણ કરવો, જેમકે સુખડને સળગાવીએ તોપણ તે સારી સુગંધ આપેછે. (૩).

નાનું છોકરૂં વાળ ખેંચે તોપણ કોઇ દિવસ રીસ ચડતી નથી, તેમ અણસમજુ માણસ અડપલું કરે તો દિલમાં દયા લાવવી. (મતલબ કે તેનાપર રીસ ચડાવવી નહીં).

દેશી હિસાબ.

શેરીઆં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિએ શેર તેથી અઢીગણે દોકડે રૂપિઆભાર.

૨. જેટલે આને શેર તેથી અઢીગણી બદામે રૂપિઆભાર.

૩. જેટલે રૂપિએ શેર તેથી અરધે આને સવા રૂપિઆભાર, તેટલે આને અધોળ, અને તેથી બમણે આને નવટાંક.

૪. જેટલે આને શેર તેટલી પોણી પાઇએ અધોળ, અને તેથી અઢીગણે રૂપિએ મણ.

૫. રૂપિઆનું જેટલા શેર તેટલા રૂપિઆભારના અઢી દોકડા તથા તેથી અરધા રૂપિઆભારનો સવા દોકડો.

મણીકાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિએ મણ તેથી અઢીગણે દોકડે શેર.

૨. જેટલે આને મણ તેથી અઢીગણી બદામે શેર.

૩. જેટલે રૂપિએ મણ તેટલા દોકડાનું સોળ રૂપિઆભાર.

૪. જેટલે આને મણ તેટલી વીશવાસીએ રૂપિઆભાર.

૫. જેટલે રૂપિએ મણ તેટલા આનાનું અઢીશેર, તેથી અરધા આનાનું સવાશેર ને તેટલા પૈસાનું અછેર ને નવટાંક.

૬. એક રૂપિઆનું જેટલા મણ તેટલા શેરના અઢી દોકડા.

૭. જેટલે રૂપિએ મણ તેટલી બદામે રૂપિઆભાર.

ખાંડીના લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિએ ખાંડી તેટલા આનાનું સવામણ, અને તેટલા પૈસાનું સાડા બારશેર
૨. જેટલે રૂપિએ ખાંડી તેથી પાંચગણે દોકડે મણ.
૩. જેટલે આને ખાંડી તેથી પાંચગણી બદામે મણ.
૪. જેટલે રૂપિએ ખાંડી તેથી બમણી બદામે શેર.
૫. જેટલે આને ખાંડી તેથી બમણી વીશવાશીએ શેર.

તોલાના લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિએ તોલો તેથી અરધે રૂપિએ ગદીઆણો.
૨. જેટલે રૂપિએ તોલો તેથી અરધે આને વાલ.
૩. જેટલે રૂપિએ તોલો તેથી બમણી પાઈએ રતી.
૪. જેટલે રૂપિએ તોલો તેથી અરધી પાઈએ મગ.

ગદીઆણાના લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિએ ગદીઆણો તેટલે આને વાલ.
૨. જેટલે આને ગદીઆણો તેથી પોણી પાઈએ વાલ.
૩. જેટલે રૂપિએ ગદીઆણો તેથી ચોગણી પાઈએ રતી.
૪. જેટલે આને ગદીઆણો તેટલી પા પાઈએ રતી.
૫. જેટલે રૂપિએ ગદીઆણો તેટલી પાઈએ મગ.

જમીનના લેખાંની કુંચીઓ.

૧. જેટલે રૂપિએ વીઘું તેથી પાંચ ગણે દોકડે વસો, ને ૦। ગણે દોકડે વીશવાશી.
૨. જેટલે આને વીઘું તેથી પાંચગણી બદામે વસો.
૩. જેટલે રૂપિએ વસો તેથી પાંચગણે દોકડે વીશવાસી અથવા કાઠી.

આણુપાણુના ગુણાકાર શીખવવા માટે તથા લેખાં જલદી આવડવા માટે નીચેનો કોઠો પાકો કરવો.

૦। નું	૦।	~	૦। નું	૦॥	=	૦। નું	૦॥।	≡
૦॥	૦।	=	૦॥	૦॥	૦।	૦॥	૦॥।	૦।=
૦॥।	૦।	≡	૦॥।	૦॥	૦।=	૦॥।	૦॥।	૦॥~
૧।	૦।	૦।~	૧।	૦॥	૦॥=	૧।	૦॥।	૦॥।≡
૧॥	૦।	૦।=	૧॥	૦॥	૦॥।	૧॥	૦॥।	૧)=
૧॥।	૦।	૦।≡	૧॥।	૦॥	૦॥।=	૧॥।	૦॥।	૧।~
૨।	૦।	૦॥~	૨।	૦॥	૧) =	૨।	૦॥।	૧॥≡
૨॥	૦।	૦॥=	૨॥	૦॥	૧।	૨॥	૦॥।	૧॥।=
૨॥।	૦।	૦॥≡	૨॥।	૦॥	૧।=	૨॥।	૦॥।	૨)~
૩।	૦।	૦॥।~	૩।	૦॥	૧॥=	૩।	૦॥।	૨।≡
૩॥	૦।	૦॥।=	૩॥	૦॥	૧॥।	૩॥	૦॥।	૨॥=

સરકારી ચલણી નાણું.

૧॥ પાઈ=૧ અધેલો.
૩ પાઈ=૧ પૈસો.
૨ પૈસા=૧ ઢબુ=અરધો આનો.
૪ પૈસા=૧ આનો.
૨ આના=૧ બે આની.
૪ આનાની=૧ પાવલી.
૮ આનાનો=૧ અરધો.
૧૬ આનાનો=૧ રૂપીઓ.

વેપારીના હિસાબમાં.

૧૬ વીશવાશી=૧ બદામ.
૧૬ બદામ=૧ દોકડો
૬॥ દોકડા=૧ આનો.
૧૦૦ દોકડા=૧ રૂપીઓ.

મહારાષ્ટ્ર દેશમાં હિસાબ ગણવામાં.

૧૦૦ રેસ=૧ પાવલું
૪ પાવલાં=૧ રૂપીઓ.

સોનાના જૂના શિકકાઓ.

૫ રૂપીઆ=૧ પૂતળીઉં.
૧૫ રૂપીઆ=૧ મોહોર.

સાધારણ તોલ.

૨॥ રૂપીઆ ભાર.=૧ અધોળ.
૪॥ પૈસાભાર (ટાંક) } ૧ અધોળ.
૨ અધોળ=૧ નવટાંક.
૨ નવટાંક=૧ પાશેર.
૨ પાશેર=૧ અચ્છેર.
૨ અચ્છેર=૧ શેર.
૪૦ શેર=૧ મણ.
૫ મણ ૧ કોથળો.
૭ મણ=૧ નાનોહારો.
૧૨ મણ=૧ માણી.
૧૬ મણ=૧ કળશી.
૨૦ મણ=૧ ખાંડી.
૨૧ મણ=૧ મોટો હારો.
૨૪ મણ=૧ ભાર.
૩૦ મણ=૧ ગાલ્લી.
૩૨ મણ=૧ બેડીયું.

રૂ તથા કપાસનું તોલ.

૪૮ શેર=૧ ધડી.
૨૦ ધડી=૧ ભાર.

સોના=રૂપાનું તોલ.

૬ ચોખાભાર=૧ રતી.
૪ મગભાર=૧ રતી.
૩ રતી=૧ વાલ.
૧૬ વાલ=૧ ગદિયાણો.
૨ ગદિયાણા=૧ તોલો.
૧ તોલો=૧ રૂપીઆભાર.

મહારાષ્ટ્ર દેશમાં, સોના રૂપાનું તોલ.

૮ રતી=૧ માસો.

૧૨ માસા=૧ તોલો.

વળીઆ અને વાંસનું.

૨૦ નંગ=૧ કોડી.

કાગળની ગણતરીનું.

૨૪ તાવ ૧ ધા.
૨૦ ધા=૧ રીમ.

લીલાવતી પ્રમાણે અંતરભરવાનું.

૮ આડાજવ=૧ આંગળ.
૪ આંગળ=૧ મૂઠી.
૩ મૂઠી=૧ વેંત.
૨ વેંત=૧ હાથ.
૪ હાથ=૧ દંડ.
૨૦૦૦ દંડ=૧ ગાઉ.
૪ ગાઉ=૧ જોજન.

લૂગડાં લાકડાં ભરવાનું.

૨ આંગળ=૧ તસુ
૨૪ તસુ=૧ ગજ.

ગૂજરાતી ચોરસ માપ.

૨૦ કાઠી=૧ વસો.
૨૦ વસા=૧ વીઘો.

ગૂજરાતી ઘનમાપ.

૨૭ ઘન મૂઠી=૧ ઘનવેંત.
૮ ઘનવેંત=૧ ઘનહાથ.

વખત માપવાનું ગૂજરાતી માપ.

૬૦ વિપળ=૧ પળ.
૬૦ પળ=૧ ઘડી.
૭॥ ઘડી=૧ પહોર
૮ પહોર=૧ દિવસ.
૭ દિવસ=૧ અઠવાડીયું.
૧૫ તિથિ=૧ પખવાડીયું.
૨ પખવાડીઆં અથવા ૩૦ તિથિ=૧ માસ.
૧૨ ચાંદ્ર માસ અથવા ૩૫૪ દિવસ=૧ ચાંદ્ર વરસ.

વખત માપવાનું ઇંગ્રેજી માપ.

૬૦ સેકંડ ૧ મિનિટ.
૬૦ મિનિટ=૧ અવર.
૨૪ અવર=૧ દિવસ.
૭ દિવસ=૧ અઠવાડીયું.
૧૫ દિવસ=૧ પખવાડીયું.
૩૦ દિવસ=૧ માસ.
૧૨ માસ=૧ વરસ.

ઇંગ્રેજી મહિનાનાં નામ ને દિવસ.

જાનેવારી ૩૧. ફેબ્રુઆરી ૨૮. માર્ચ ૩૧. એપ્રિલ ૩૦. મે. ૩૧. જુન ૩૦. જુલાઇ ૩૧. ઑગસ્ટ ૩૧. સપ્ટેંબર ૩૦. અક્ટોબર ૩૧. નવેંબર ૩૦. અને ડીસેંબર ૩૧.

આંક.	
પોણોસો=૭૫	દોઢ દોઢે ૨।
પોણુંસો=૯૯॥	અઢી દોઢે ૩॥
સવાસો=૧૨૫	દોઢ અઢીએ ૩॥
દોઢસો=૧૫૦	અઢીએ અઢીએ ૬।
પોણાબસે=૧૭૫	અઢી ઉઠે ૮।
	ઉઠે ઉઠે ૧૨।

અનુલેખન.

ડિક્ટેશન.

पृथ्वी, परमेश्वर, चंद्रमा, जगत्, कल्याण, वस्तु, शिक्षा, रेनुडीअर, पर्वत, मुहल, ईश्वर, प्रार्थना, क्लेश, कष्ट, शक्ति, कृपा, पूछवुं, आशिष, वर्णन, शास्त्री, आज्ञा, धर्म, उछर्यां, कूगडालत्तां, दस्कत, पुत्र, कर्म, प्रकाशवुं, प्यारो, विश्वास, कुत्तो, जन्म, अल्पा, उद्यम, विनाति, मूर्ख, मुख्य, स्वाद, अमेरिका, बच्चां, धान्य, एशिआ, दक्षिण, उत्तर, पर्व, पश्चिम, आफ्रिका, ऊगयुं, मूर्खाई, प्रमाणे, तत्काळ, बुद्धि, विनाश, कह्याविना, मुक्युं, वर्ग, सर्व, नरोत्तम, पूछवुं, भूल्यो, नित्य, अहियां, न्याय, पल्लां, त्राजुडी, वास्ते, प्राणी, चित्रेलां, मुद्धां, घट्ट, ज्ञान, अनर्थ, अर्थ, प्रभु, चित्त, दुर्गाराम, करया, पांज्या, ओचितुं, भट्ठी, स्नेह,

प्रीत, निर्दय, अपलक्षण, धिक्कार, स्वभाव, हृदय, कृपा, प्रीति, जगत्कर्त्ता, प्रौढ, चिठ्ठां, टट्टी, जागृति, निरांत, मित्र, अणीशुद्ध, हिंमत, मुक्ति, पुरुप, साक्षी, लाग्युं, लाग्या, ध्यान, विठ्ठल, स्विस्ति, नित्य, गर्जना, चोरव्यो, पस्तावो, आंफळो-फांफळी, जुक्ति, प्रदक्षिणा, स्थिर, समुद्र, आस्ट्रेलिया, यूरोप, स्तुति, निर्धन, योग्य, समर्थ, क्यम, अन्न, कीर्त्ति, प्रकाश, भक्ति, सत्य, संवत्. गांत्रमें, उदरसें, लक्ष्मी, भृज्यां, फेक्यं, फेफसुं, राक्षी, श्वास, इंद्रियो. क्रूर, प्रताप, वस्त्र, सुकृत, खुल्ले, सिक्का, कालिफोर्निआ, नर्दा, गह्वा. हिस्से. अंग्रेजी, पुष्टि, प्रवाही, पदार्थो, ब्राह्मण, नमस्कार, श्रावक, चेष्टा, गोविंद, नीवडयो, त्रवाडी, मळ्या, भेट्या, डाह्यां, पित्र, मित्राचारी, मग्न, पंडित, प्रथम, मश्करी. स्वार्थ, फुक्को, चत्ती, वाड्या, दुर्गण, दोस्त, मुद्दो, संबंध, स्लेट, शब्द, भाग्यवान, धूणाव्युं, उच्चार, भत्रीजो. सद्गृहस्थ, तरड्यो, जन्म, अवस्था, ज्वाळामुखी, चमत्कार, पुण्य, भक्तिमान, क्षेत्र, सुद्धां, अज्ञानी, भ्रांति, कन्या, कीर्तिवंत, मनुष्य, व्यसनी, पस्ताय, मुद्दले, व्याकरण, नान्यतर, तिरास्त्रीत, सर्वनाम, शख्स, पुरुष, चंपल, विषे, बुद्धि, चौटुं, प्यार, निर्लज, द्वेष, गर्थ, बच्चीओ, मुस्को, गल्लो, विचार्यु, चश्मा, नांख्यां, वस्मां, चित्र, मिनिट, पांत्रीश, ऋतुओ, वनस्पति,

छत्री, नर्चित, स्वर्ग, अनुस्वार, ह्रस्व, दीर्घ, स्वर, जोडाक्षर, मात्रा, छप्पो, विस्तार, वर्णमेळ, विशेष, विश्राम, अनुप्रास, नगस्वरूपिणी, इंद्रविजय, त्रिभंगी, बत्रीस, कौवत, मंत्री, नृप, भ्रात, प्रधान, विक्रम, त्रेपंन, अलाउद्दीन, तख्त, जावंत्री, वेस्टइंडिया, गुच्छादार, तमालपत्र, संध्या, पक्काई, हिंदी, आटलांटिक, पासिफिक, अर्धीक, जडत्या, विद्या, अक्कल, यंत्र, प्रति, मुद्राछाप, पुस्तक, कृत्य, श्रेष्ठ, निर्जीव, परीक्षा, ठर्युं, पार्वती, फर्याद, मस्ती, रस्तो, झंखवाणां, सांधिवा, कार्तक, ग्रहपीडा, प्रांत, रजपूतस्थान, कच्छ, शेत्रुंज्य, जैनधर्मी, नर्मदा, जिल्लो, संस्थान, रेसिडेंट, जात्रा, द्वारकां, लसुंदरा, बावाझोटुं, तुर्कस्तान, जुक्ति, निर्मळ, पारदर्शक, प्याला, पष्कळ, संतोष, लक्षण, स्थिति, प्रौढी, न्यून, पुण्य, चक्र, पद्म, पथ्थर, मूर्त्ति, स्थापना, अरबस्तान, मात्र, मध्ये, प्रख्यात, भद्रकाळी, किल्लो, प्राचीन, स्वामीनारायण, म्युनिसिपाल, मेल, लश्कर, सामग्री, स्कूल, नर्क, रत्न, अमूल्य, शुक्रवार, हंकार्युं, चर्चा, तरतबुद्धि, धान्य, मस्त, हिंसा, छट्ठो, विलायत, ब्राह्मण, तृष्णा, तरश्यो, दैवजोग, टट्टु, अस्वार, बच्चा, मुकी, प्रजा, अभ्यास, वैद, सुरंग, मिश्र.

વ્યાકરણ.

૧. નામ વિષે.

ત્રીજી ચોપડીમાં ૧૧૮ ને ૧૧૯ મો પાઠ આપણે શીખી ગયા, તે પાઠ વાંચવાથી નામ એટલે શું તે ખબર પડેછે—

પ્રાણીનાં નામ.

મગનલાલ, ધનજી, નાગરદાસ અને શિવલાલ એ છોકરાનાં નામ છે. દીવાળી, પાર્વતિ, મણિ, માણેક એ છોકરીઓનાં નામ છે. ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, કુતરાં, ગધેડાં, બિલાડાં એ પશુનાં નામ છે. પોપટ, કબૂતર, ચકલી, મોર, કાગડો, કોયલ એ પંખીના નામ છે. વીંછી, સાપ, કાનખજુરા, માછલાં, કીડીઓ એ બધાં જીવનાં નામ છે. માણસ, પશુ, પંખી, જીવડાં એ બધાં પ્રાણી કહેવાય છે. માટે ઉપર લખેલાં બધાં નામ પ્રાણીનાં છે.

૨ **વનસ્પતિનાં નામ**—લીમડો, પીપળો, બોરડી, આમલી, વડ, ગુંદી, પીંપર, બાવળ, એ વગેરે ઝાડનાં નામ છે. ગુલાબ, મોગરો, ચંબેલી, ગલ, ભીંડી, શણ, એ છોડવાનાં નામ છે. અનાજના પણ છોડ થાયછે. કારેલાં કોળાં, ગલકાં અને તુમડાં એના વેલા થાયછે. ઝાડ, છોડ, વેલા, ઘાસ એ બધાં વનસ્પતિ કહેવાયછે. માટે ઉપર લખેલાં નામ વનસ્પતિનાં જાણવાં.

૩. **પદાર્થનાં નામ**— ખુરશી, સ્લેટ, પેન, ચોપડી, કાગળ, શીસી, પાટી, ખડીઓ, અને કલમ એ વગેરે પદાર્થનાં નામ છે.

૪. **નજરે ન દેખાય તેવાં નામ**—પ્રાણી, વનસ્પતિ, અને પદાર્થ એ બધાં નજરે દેખાય છે, પણ કેટલીક વસ્તુઓ એવી છે કે તે નજરે દેખાતી નથી, તો પણ તે નામ કહેવાયછે. જેમ—જીવ, પરમેશ્વર, વા, મન, બુદ્ધિ, ડાહપણ, બળ, ચતુરાઇ, શક્તિ, કળા,

અચરજ, હોંશિયારી, મૂર્ખાઇ, માર, શ્વાસ, રોગ, અવાજ, ખડખડાટ, સુખ, દુઃખ, પ્રીતિ, સ્નેહ, બીક, ધડાકા, મહેનત, પરોપકાર, વિદ્યા, ગુણ, જ્ઞાન. સંપ, સ્વાદ, શોક, હરખ, લાભ, નુકસાન, પીડા, લાજ, વહેમ, કલ્યાણ, આશિષ વગેરે.

આપણા બોલવામાં ઘણી જાતના શબ્દો આવેછે, તેમાંથી એક જાતના શબ્દો **નામ** કહેવાયછે, કારણ કે માણસે તેનાં નામ પાડેલાંછે.

નામની વ્યાખ્યા—જે શબ્દ વડે પ્રાણી, વનસ્પતિ ને પદાર્થ વગેરે ઓળખાયછે તેને **નામ** કહેછે.

૨. સર્વનામ.

સર્વ એટલે બધાં અને નામ એટલે નામ. એટલે જે શબ્દ બધાં નામને ઠેકાણે વપરાયછે તેને **સર્વનામ** કહેછે. તેની વિગત નીચે પ્રમાણે.

હું, અમે, અમને, મેં, મારે, અમારે, મારાથી, અમારાથી, મારો, અમારો, અમારા, મારામાં, અમારામાં, અમમાં, મુજ, આપણી, આપણા, તું, તને, તમે, તમને, તેં, તારે, તમારે, તારાથી, તમારાથી, તારો, તમારો, તમારાં, તારામાં, તમારામાં, તમમાં, તુજ, આપ, આપને, આપે, આપનો, આપમાં, તે, તેઓ, તેને, તેઓને, તેમને, તેણે, તેઓએ, તેમણે, તેથી, તેઓથી, તેમનાથી, તેનો, તેઓનો, તેમનો, તેમના, તેમાં, તેનામાં, તેઓમાં, તેમનામાં, પોતે, પોતાને, પોતામાં, પોતે, કોણ, કોને, કેને, કોણે, કોનાથી, કોનો, કેનો, કોનામાં, કેનામાં એ બધા દાખલા સર્વનામના છે. સર્વનામ કયા નામને ઠેકાણે છે તે હમેશાં તપાસવું ને બોલવું.

૩. વિશેષણ.

વિશેષણ એટલે ઓળખાણ આપનારો શબ્દ. ઓળખાણ આપનારા શબ્દ બે જાતના છે. ગુણ બતાવનારા, ને સંખ્યા બતાવનારા. તે બંનેને વિશેષણ કહેછે. તેના દાખલા.

ગુણ બતાવનારા શબ્દ--**મોટી** ચોપડી, **લાંબી** સોટી, **જાડી** લાકડી, **ફુટેલી** પાટી, **ધોળું** લૂગડું, **લીલું** ઘાસ, **પહોળું** ઘર, **સાંકડી** શેરી, **કાચી** કેરી, **ખાટી** આમલી, **ગળી** દ્રાક્ષ, **પાકી** રાણ્યો, **ગુલાબી** ફેંટો, **ઝીણી** રજ. એ શબ્દોમાં જેઓ મોટા અક્ષરે લખ્યાછે તે બધા ગુણ બતાવનારા શબ્દ એટલે વિશેષણ છે. આ, એ, પેલો, ઓલ્યો, ફલાણો, શું, કયો, જે, હાલ્યો, ગાંડો, નકામું, જોરાવર, સારૂં, નઠારૂં, રૂપાળું, રળિઆમણું, પાપી, ધર્મી, મૂરખ, આળસુ, મહેનતુ એ પણ વિશેષણના દાખલા છે.

સંખ્યા બતાવનારા શબ્દ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, વીશ, પચાસ, સો, હજાર, દશહજાર, લાખ, એમ પરાર્ધ સુધીના આંકડા **સંખ્યા બતાવનાર વિશેષણ** છે. **તેમજ** પહેલો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, પચાસમો, સોમો એ પણ સંખ્યા બતાવેછે.

ઉપલા દાખલા ઉપરથીવિશેષણની વ્યાખ્યા નીચેપ્રમાણે નીકળેછે.

વ્યાખ્યા—જે શબ્દ બીજા શબ્દનો ગુણ કે **સંખ્યા** બતાવે છે, તેને **વિશેષણ** કહેછે.

---

૪. ક્રિયાપદ.

ક્રિયા એટલે કામ અથવા મહેનત. અને પદ એટલે શબ્દ. એટલે કામના શબ્દ અથવા મહેનત બતાવનારા શબ્દ.

કરવાપણું બતાવનારા શબ્દ—રામજીએ **વાંચ્યું**, સુતાર **ઘડેછે**, દરજી **સીવશે**. કડિયો ચુનો **ચોપડેછે**. રંગારો **રંગેછે**. **મગન જમ્યો**. વ્રજલાલે **જોયું** કેશવલાલે **કર્યું**. એમાં મોટા અક્ષરે લખેલા શબ્દો કરવાપણું બતાવેછે.

ચાલવાપણું બતાવનારા શબ્દ—છોકરો **ચાલે છે**. તે **જાય છે** ગણેશજી **ગયો**. આણંદજી **આવ્યો**. ફકીરચંદ **ફરેછે**. તમે **દોડોછો**. એ દાખલાઓમા મોટા અક્ષરે લખેલા શબ્દો **ચાલવાપણું** બતાવેછે. એ બે વિના **થવાપણું** અને **ભોગવવાપણું** બતાવનારા બીજા શબ્દો આવેછે ને બધાને **ક્રિયાપદ** કહેછે.

વ્યાખ્યા—કરવું, ચાલવું, થવુ, ભોગવવું વગેરે મતલબના શબ્દોને ક્રિયાપદ કહેછે

આપણા બોલવામા **નામ** અને **ક્રિયાપદ** એ બેના બોલ સૌથી ઝાઝા વપરાયછે.

કૃદંત.

બે અથવા વધારે ક્રિયાપદ સાથે આવેછે, ત્યારે છેલ્લું ક્રિયાપદ તે ક્રિયાપદ કહેવાયછે, અને પહેલા આવેલા ક્રિયાપદો **કૃદંત** કહેવાય છે. જેમકે અમરશી આવ્યો હતો, જીવણલાલ જતો રહ્યો, હું ચાલી ચાલીને થાકી ગયો, ઉભાં ઉભાં પગ દુખેછે, તે દોડતા દોડતાં પડી ગયો હશે. તે લખવા મંડી ગયો. એ વાકયોમા આવ્યો, જતો, ચાલી ચાલીને, થાકી, ઉભાં ઉભાં, દોડતાં દોડતા, પડી, મંડી, એ બધા શબ્દો **કૃદંત** છે; અને હતો, રહ્યો, ગયો, દુખેછે, હશે, ગયો એ શબ્દો ક્રિયાપદ છે.

કૃદંત કોઇ કોઇ વાર વાકયની વચમાં પણ આવેછે. જેમકે—હું તને કામ કરવાનું કહીને પછી ગામ ગયો હતો, સવારે ઉઠીને આપણે

દાતણ કરીએછીએ. કામ કરતાં આળસ કરવું નહિ. એ વાક્યોમાં કરવાનું કહીને, ઉઠીને, કરતાં એ શબ્દો વાક્યની વચમાં આવ્યાછે તે કૃદંત છે.

૫. અવ્યય.

વ્યાખ્યા. જે શબ્દના રૂપમાં કાંઇ પણ વધ ઘટ ન થતાં હમેશાં પોતાને રૂપે રહેછે તેને **અવ્યય** કહેછે.

કેટલાક અવ્યય બે શબ્દને જોડેછે. જેમ કે આત્મારામ ને અમરશી આવ્યા. મેં વાંચ્યું પણ સમજ્યું નહીં. અવ્યયના દાખલા— ને, અને, તથા, તો, પણ, માટે, વળી, અથવા, એટલે, કદાચ, કદી, કદાપિ, કે, કેમકે, જો, જે, તથાપિ, વગેરે.

હરખ, શોક ને નવાઈ બતાવનારા અવ્યય—હે, ઓ, અરે, આહા, ઓહો, ચૂપ, બસ, ભલે, રે, વાહવાહ, હાયહાય, હો, વારૂ, હટ, વગેરે.

શબ્દને જોડનારા અવ્યય—અગાઉ, આગળ, આસપાસ, કને, ગોડે, પાછળ, પછવાડે, પહેલાં, વાંસે, સામું, સાથે, પાસે, કાજે, વાસ્તે, સારૂ, અર્થે, લીધે, કરતાં, વિના, સહિત, સુદ્ધાં, વગેરે.

ક્રિયાપદની પાસે આવનારા અવ્યય—ક્યારે, જ્યારે, ઝટ, નિત્ય, પરમ, પહોર, પરાર, હમણાં, ઓણ, આમ, એમ, કેમ, જેમ, તેમ, હળવે, ના, નહીં, મા, ન, જરા, ઠીક, ઘણુંકરીને વગેરે.

શબ્દના વર્ગ.

આપણા બોલવામાં જે શબ્દો આવેછે તે પાંચ જાતના હોય છે. તેનાં નામ—૧. **નામ**. ૨. **સર્વનામ**. ૩. **વિશેષણ**. ૪. **ક્રિયાપદ**, અને ૫. **અવ્યય**. એ વિના કૃદંત તે ક્રિયાપદના પેટામાં ગણાયછે.